આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૧૫/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૩ ● અંક : ૧
સળંગ અંક : ૯૮૯
માર્ચ-૨૦૨૩

એ વિચારીને ફૂલે ગજ ગજ મારી છાતી,
હું ને મારી ભાષા બંને છીએ ગુજરાતી!



# વિશ્વ માતૃભાષા દિવસ




નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા 'માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી' પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩નો બેસ્ટ પરફોર્મન્સ અવૉર્ડ સરસ્વતી કુમારશાળા નં.૧ને એનાયત કરવામાં આવ્યો હતો. આચાર્યા ભાવનાબેન ત્રિવેદી અને અંગ્રેજી શિક્ષક પ્રશાંતભાઈને અભિનંદન.




વિક્રમ સારાભાઈ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે જે. એન. બાલિકા વિદ્યાલયમાં ૨ દિવસનો STEM (Science, Technology, Engineering, Mathematics) વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૦ વિદ્યાર્થિનીઓ અને ત્રણ શિક્ષકોએ ૨૧મી સદીની નવી ટેક્નોલૉજી અને આર્ટિફિસયલ ઈન્ટાલીજન્સ (AI) અંગે સક્રિય ચર્ચા અને વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું અને આવનાર નવા આયામોથી પરિચિત થયા હતા.

# ઘરશાળા

વર્ષ : ૮૩

સળંગ અંક : ૯૮૯ | માર્ચ-૨૦૨૩



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

“ઘરશાળા” માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


દયાવાન બાળકો — ઋતુ શાહ / ૪

સંપાદકીય : માતૃભાષા અને ગુજરાત — જ્યોતીન્દ્ર દવે / ૫

વાર્તાનું શાસ્ત્ર-૪ — ડૉ. ઈશ્વર પરમાર / ૬

જ્ઞાન અને વિજ્ઞાનની સદીમાં... — રાઘવજી માધડ / ૧૧

શિક્ષણ પુરુષ ડૉ. રઘુભાઈ નાયક — અશોક સોમપુરા / ૧૩

બંધારણ / ૧૫

કસ્તૂરી : ભારતની પ્રથમ ફિલ્મ — હેતલબેન ડી. શાસ્ત્રી / ૨૦

માતૃભાષા અને આપણે — ડૉ. મહેશ ઠાકર / ૨૩

તમારે હીરો બનવું છે ? — ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા / ૨૬

પરમવીર ચક્ર-ભારતીય સૈન્યનું સર્વોચ્ચ સન્માન — અમિતા પાલખીવાલા / ૨૮

પેન અને બ્રેનને સીધો સંબંધ છે — ડૉ. ભાણજી એચ. સોમૈયા / ૩૪

શિક્ષકની ચેતના — ડૉ. અરુણ કક્કડ / ૩૫

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ... — હિમાંશુ જાદવ / ૪૦

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧



કાર્યાલય

“ઘરશાળા” શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


**આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.**

# દયાવાન બાળકો

**ઋતુ શાહ**
વિદ્યાદાન ફાઉન્ડેશન
ડી-૧૪, નીલહર્ષ ફ્લેટ, અંજલી ચાર રસ્તા પાસે,
વાસણા, અમદાવાદ-૭. ● મો. ૯૪૨૭૮૮૩૬૫

વિદ્યાદાનનું ભણાવવાનું સ્થળ વેન્ચર તરીકે જાણીતું છે. દરરોજ સાંજે ધીમે ધીમે બાળકો પણ આવવા લાગે. આ સ્થળ થોડું સૂમસામ જગ્યાએ છે. રસ્તો છે, પરંતુ જાહેર નથી. એકલ દોકલ વાહનો આવ-જા કરે. સ્થળ સૂમસામ હોવાથી અહીં ઘણી વખત પ્રેમી યુવક અને યુવતીઓ આવીને બેસે. બાઈક કે એક્ટિવા પર જોડે જોડે બેસીને ગૂફ્તેગૂ કે ગટુરપટુર કરે. વિદ્યાદાનમાં ભણવા આવતાં બાળકોને તેનાથી કૌતુક અને જોણું થાય. તેઓ ક્યારેક આવા પ્રેમીપંખીડાઓ જોડે મજાકમસ્તી પણ કરે.

એક દિવસ ઋતુ શાહ વેન્ચર પર ગયાં. તેમણે પોતાનું વાહન પાર્ક કર્યું કે તરત જ એક એક્ટિવા પર એક યુગલ આવ્યું. ઋતુ શાહ તો બાળકોને ભણાવવા અંદર જતાં રહ્યાં. એ યુગલ એક ઝાડ નીચે એક્ટિવા મૂકીને તેના પર બેસી ગયું. દેવાંશ, ગૌતમ અને કંચન નામનાં ત્રણ બાળકોને મજાક સૂઝી. તેઓ યુગલ પાસે જતાં હતાં, પરંતુ ઋતુએ તેમને રોક્યાં. એટલી વારમાં અમર નામનો છોકરો ભણવા આવ્યો. તેમણે આ યુગલને જોયું. તે ઊભો રહ્યો. તેમણે બન્નેને પૂછ્યું કે તમે અહીં શા માટે આવ્યાં છો ? ટીચરનું કામ હતું ? (વિદ્યાદાનમાં આશરે ૧૦૦ જેટલા યુવાનો સ્વયંસેવકો તરીકે કામ કરે છે અને નવા નવા યુવાનો જોડાતા રહે છે. અમરે વિચાર્યું કે કદાચ આ બન્ને જણ તેના માટે જ આવ્યાં હશે.) એ યુવક અને યુવતીએ કહ્યું કે અમારે કોઈનું કામ નથી. અમે તો અમારી રીતે અહીં અમસ્તાં બેઠાં છીએ. જોકે, પછી અમર તેમને પોતાની સાથે અંદર લઈ આવ્યો. તે બોલ્યો, એકલાં તડકામાં શા માટે બેઠાં છો ? અંદર આવો. એ યુવક અને યુવતી અંદર આવ્યાં. બાળકોને મળ્યાં. બાળકો સાથે કબડ્ડી પણ રમ્યાં. તે પછી તો એ યુવક અને યુવતી હવે અવાર-નવાર વિદ્યાદાનમાં આવતાં થઈ ગયાં છે.

જ્યોતીન્દ્રભાઈ દવે



# માતૃભાષા અને ગુજરાત

**જ્યોતીન્દ્રભાઈ દવે**

ગુજરાના શિક્ષણક્ષેત્રે ગુજરાતી ભાષાને બચાવવા, શાળાઓમાં તેના અભ્યાસ માટે અમલ કરવા અંગે ચિંતા અનેક શિક્ષણવિદો અને શિક્ષણપ્રેમીઓએ કરી છે. આ માટે જરૂરી લેખો, પુસ્તકો, વ્યાખ્યાનો, સેમિનારો અને અનેક વખત વિચારગોષ્ઠિનું આયોજન કરાયું છે. અંગ્રેજી ભાષા માટેનો શિક્ષિતો અને વાલીનો મોહ બાળકોને માત્ર અંગ્રેજી મીડિયમમાં ભણાવવાની ઘેલછાએ ભારે માઝા મૂકી છે. એક એવો રિવાજ પ્રચલિત થયો છે કે બાળકોને ભણાવાય તો માત્ર અંગ્રેજી માધ્યમની શાળામાં જ ભણાવાય. આ રિવાજે ગુજરાતી ભાષાને ભારે ઉપેક્ષિત કરી છે. ગુજરાતી ભાષાથી બાળકને અલગ કરવાની વાલીઓની આ રીત આપણી ભાવિપેઢીને ભારે નુકસાન કરી શકે. ગુજરાતી ભાષામાં રહેલા ભાવ તેના શબ્દોમાં સમાવેલ સંસ્કારધનથી આપણું બાળક વંચિત રહ્યું છે.

વધારે નવાઈ પમાડે તેવી આશ્ચર્યની વાત તો એ છે કે આ બાબતમાં હાઈકોર્ટે દરમિયાનગીરી કરવી પડે અને હુકમભાષા વાપરી તેમને ગુજરાતી ભાષા ભણાવવા માટે આદેશ કરવો એ ગુજરાત અને ગુજરાતની સરકાર માટે શરમજનક વાત નથી? ગુજરાતમાં જન્મેલા, ગુજરાતમાં રહેતા આપણા બુદ્ધિજીવીઓ માટે પણ આ બાબતે ખૂબજ ક્ષોભજનક છે.

પોતાના હક માટે, નાની-મોટી માંગણીઓ માટે બાંયો ચડાવતા, આંદોલનો કરતા કે રેલીઓ કાઢતા શિક્ષિતો ગુજરાતી ભાષાના શાળાકીય અભ્યાસ માટે નિષ્ક્રિય છે એ મોટો ચિંતાનો વિષય છે. અંગ્રેજી માધ્યમને કેન્દ્રમાં રાખતા અંગ્રેજી ભાષા માટેનો તેમનો આ વળગાડ ઊડીને આંખે વળગે તેવો છે. બુદ્ધિજીવી શિક્ષણવિદો માટે તા. ૧૫-૨-૨૦૨૩ના ગુજરાત સમાચારના પાના નંબર-૨ ઉપર આવેલા સમાચાર સંતોષ આપે તેવા છે. તેમાં જણાવાયું છે કે - ‘બાળકોને ગુજરાતી નહીં ભણાવતી શાળાઓ સામે આકરા પગલાં લેવાશે.’ હાઈકોર્ટનું આકરું વલણ અને સાહિત્યકારોની માંગણીને ધ્યાને લઈ કસૂરવાર શાળાઓ સામે કાર્યવાહી કરાશે. હાઈકોર્ટનું આ આદેશનું લાગતી-વળગતી શાળાઓ પૂરતો અમલ કરે એજ ઈચ્છવાજોગ.

ગુજરાતમાં વાલીમંડળો ફી વધારાના પ્રશ્નો, સંચાલકો દ્વારા થતા આર્થિક શોષણો વિશે જેટલા સજાગ છે તેટલા સક્રિય ગુજરાતી ભાષાના શિક્ષણ માટે કેમ નથી? ઊંચી ફી લઈને ભણાવતી અંગ્રેજી માધ્યમની શાળાઓ અથવા તો અન્ય બોર્ડ સાથે સંકળાયેલ શાળાઓમાં ગુજરાતી ભાષા કેમ નથી શીખવતી? તે મુદ્દા ઉપર વાલીમંડળો ઉદાસીન છે. સરકારપક્ષે નિયમોનું ઉલ્લંઘન કરતી શાળાઓ તરફ ઉદાસીનતા દાખવે છે. હાઈકોર્ટે સાચું જ કહ્યું છે કે સરકારે નિયમ બનાવ્યા છે તો તેનું પાલન કેમ કરવામાં આવતું નથી? આવી શાળાઓ સામે દંડનાત્મક પગલાં લેવાય એટલું જરૂરી નથી. પણ આવી શાળાઓમાં ગુજરાતી ભાષાનું માન અને સન્માન જળવાય તે પણ તેટલું જ આવશ્યક છે.

અમારા મતે માતૃભાષાના ગૌરવને જાળવવા માટે સૌથી અગત્યની બાબત પ્રજામાં તેનું ગૌરવ અને ખુમારી જરૂરી છે. આપણે ગુજરાતીઓ આ બાબતમાં ઢીલા પડ્યા છીએ.

# વાર્તાનું શાસ્ત્ર

**લે. ગિજુભાઈ બધેકા (૧૮૮૫-૧૯૩૯)**

**સંક્ષેપક : ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫
મો. ૯૪૨૭૨૮૪૭૪૨
Email : morpinchhdwk@gmail.com

## વાર્તાને કહેવા યોગ્ય કેમ બનાવવી?

આજે આપણે આપણી સમક્ષ પડેલી વાર્તાઓ પર નજર નાખીએ તો તેમાં આપણને કેટલાક ફેરફારો કરી લેવાની જરૂર જણાશે. કેટલીક વાર્તાઓ ભાષામાં સુંદર છે તો તેનું વસ્તુ અને તેની રચના ખામીવાળાં છે; કેટલીક વાર્તાનું વસ્તુ સ્વીકાર્ય છે, તો તેની રચના અને ભાષા ત્યાજ્ય છે. કેટલીક વાર્તાઓ વળી એવી છે કે જેની રચના ઠીક છે પણ તેની ભાષા અને વસ્તુમાં ઠેકાણું નથી. પ્રત્યેક વાર્તામાં વિશિષ્ટતા છે. પરંતુ પ્રત્યેકમાં સર્વાંશે સંપૂર્ણતા નથી.

કથન-શ્રવણ યોગ્ય વાર્તાઓ વહેતી નદી જેવી છે. એનું વસ્તુ, એની ભાષા અને તેની રચના થોડા યા વધારે અંશે લોકરુચિને અનુકૂળ થતાં જ આવ્યા છે, જેમ નદીઓનો પ્રવાહ પોતે જે પ્રદેશમાં વહે છે તે પ્રદેશને થોડા યા વધારે અંશે અનુકૂળ વહેતો રહે છે તેમ.

જે વાર્તાઓ વાચન માટે લખાયેલી છે તે વાર્તાઓને તળાવો કે સરોવરો સાથે સરખાવી શકાય. એમાં, નવીનતાને, પ્રગતિને અને ફેરફારને અવકાશ નથી. એક કાળે જે રુચિને અનુકૂળ થવા એ વાર્તાઓ આજે નવી રુચિને સ્વીકારતી નથી, નવા યુગને તે ઝીલતી નથી, નવા જીવનનો એમાં સ્વાભાવિક ઓળો (પડછાયો) પડતો નથી.

આવે વખતે બાળકોને સંભળાવવા યોગ્ય વાર્તાઓને પસંદ કરી તેમને કહેવા યોગ્ય બનાવી લેવાની ખાસ જરૂર પડે છે. બાળવયને પોષે, બાળવિકાસને સહાયરૂપ થાય તેવી વાર્તાઓ પ્રથમ તો આપણે શોધી કાઢવાની જરૂર છે, ને ત્યાર પછી આપણે તેમને કહેવા યોગ્ય બનાવવાની છે.

જે વાર્તાઓ શ્રવણ-કથન માટે ચાલતી આવેલી છે તે વાર્તાઓને કહેવા યોગ્ય બનાવવાનું કામ કંઈક સહેલું છે. તે વાર્તાઓ હરહંમેશ કહેવા-સાંભળવાની ક્રિયામાંથી પસાર થતી હોવાથી તેમાં સ્વાભાવિકતા, સાદાઈ, એક ગતિ અને સીધું વહન પૂરા પ્રમાણમાં હોય છે.

છતાં એ વાર્તાઓમાં ફેરફાર કરી લેવાની જરૂર તો છે જ. જ્યાં જ્યાં એ વાર્તાઓ કલારહિત સમાજના હાથમાં આવવાથી તેનો કલાપ્રાણ ખોઈ બેઠેલી છે ત્યાં ત્યાં તેમાં કલા પૂરવાની છે; જ્યાં રચનામાં સમતોલપણું ઓછું થઈ ગયેલ છે ત્યાં ફરીવાર સંસ્કાર દાખલ કરવાનો છે. આજે આપણા કાને જે જે લોકવાર્તાઓ પડે છે તે લોકવાર્તાઓ આવા દોષોમાં થોડા યા વધારે અંશે સપડાયેલી છે. આપણે તે વાર્તાઓને કહેવા યોગ્ય કરી લેવા માટે કાળજી લેવાની છે.

જે વાર્તાઓ લખાયેલી છે તે વાર્તાઓને કહેવા યોગ્ય બનાવવા બનાવવામાં એક બીજો પણ પ્રશ્ન છે. આ વાર્તાઓ વાચનને માટે જ હોવાથી તે જેવી ને તેવી જ કહી શકાય નહીં. આ વાર્તાઓ સાહિત્યપ્રદેશના ક્ષેત્રોની તેમની રચનાઓ સુંદર છતાં વિગતોથી ભરપૂર અને કાવ્ય તથા વર્ણનપ્રધાન હોય છે. આવી વાર્તાઓને કહેવા યોગ્ય બનાવવાનું કામ વધારે મુશ્કેલી ભરેલું છે.

કહેવા યોગ્ય વાર્તાનું પહેલું અને અતિ આવશ્યક લક્ષણ તેની કથનશૈલી છે. જે રીતે વાર્તા લખાયેલી હોય છે તે જ રીતે જો કહી સંભળાવવા બેસીએ તો શ્રવણમાં રસ જામે નહીં એવો મારો અનુભવ છે. કહેવા યોગ્ય વાર્તા સંવાદથી, પ્રશ્નથી, વર્ણનથી, અલંકારયુક્ત વાક્યપ્રયોગોથી શરૂ થતી નથી; એ તો એની સ્વાભાવિક સાદાઈમાં જ આપણે હોઠે અને સાંભળનાર વચ્ચે દયો દયનો તાર એકદમ સાંધી દે છે.

હવે વાચનયોગ્ય વાર્તાને કથનયોગ્ય વાર્તા કેમ બનાવી શકાય તે નમૂના આધારે જોઈએ :

"સરસ્વતી નદીના કિનારા ઉપર એક વખત સાંજ પડતી હતી. કિનારે ગૌતમઋષિનો આશ્રમ હતો."

આ વાક્ય 'કુરબાનીની કથાઓ'માં મૂકેલી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

બ્રાહ્મણની વાર્તાનું છે. વાર્તાનું પ્રમુખ પાત્ર સત્યકામ જાબાલનું નામ વાર્તાની અઢારમી લીટીએ દેખાય છે. જેવી રીતે આ વાર્તા લખવામાં આવી છે, તે જ રીતે સંભળાવવા બેસીએ તો સત્યકામ જાબાલનું નામ કહેનારના મોં પર આવે તે પહેલાં તો બાળકો વાર્તાશ્રવણને છોડીને રમવા માટે ચાલ્યા જ જાય! આમાં વાર્તાનો વાંક નથી,વાર્તાનું વસ્તુ અત્યંત મનોહર છે, ને તેથીય મનોહર તો એની લેખનશૈલી છે. વાંચવાના પ્રદેશમાં પહોંચેલા વિદ્યાર્થીઓને તો આવી રચના ભારે આનંદદાયક લાગે, એટલું જ નહીં પણ હવે શું આવશે, એની રાહમાં ને રાહમાં તેમનો વાર્તા વાંચવાનો વેગ અને ઉત્સાહ વધતાં જ ચાલે.

પણ આ જ વાર્તા કહેવી હોય તો એની ઢબ બદલવી જોઈએ. તે આ પ્રમાણે કહેવી જોઈએ :

“એક હતો બ્રાહ્મણનો છોકરો. એનું નામ સત્યકામ જાબાલ. એ એની મા સાથે રહેતો હતો. એને એકવાર બ્રહ્મવિદ્યા ભણવાનો વિચાર થયો...”

વાર્તાને કથનયોગ્ય બનાવવા માટે જેમ કથનશૈલીની જરૂરિયાત છે તેમ જ તેમાં બીજી કેટલીક બાબતોનો વિચાર કરવો પડે છે.

પ્રથમ દરેક વાર્તાને આપણે બારીકીથી તપાસવી જોઈએ. વાર્તા ભાષાની દૃષ્ટિએ કેવી છે, વસ્તુની દૃષ્ટિએ કેવી છે, ને રચનાની દૃષ્ટિએ કેવી છે, તે આપણે કાળજીપૂર્વક જોઈ લેવું જોઈએ. એ જુદી જુદી દૃષ્ટિઓથી તપાસતી વખતે આપણી સમક્ષ મોઢે કહેવાની વાર્તાની ભાષાનો, તેની રચનાનો અને આદર્શનો પૂરેપૂરો ખ્યાલ હોવો જોઈએ.

મોઢે કહેવાની વાર્તાની ભાષા સાદી હોવી જોઈએ.આ મુખ્ય બાબત છે. સાદી ભાષાની તો વ્યાખ્યા તો આપી શકાય જ નહીં, પણ સાદી ભાષાથી આપણે શું સમજીએ છીએ તે વર્ણનથી જણાવી શકીએ.

સાદી ભાષા એટલે પહેલાં તો અતિ અલંકાર વિનાની, રૂપકો વિનાની, અને વક્રોક્તિ વિનાની ભાષા. સાદી ભાષા એ કહેવાય કે જે સ્વાભાવિકપણે કહેનારના મોઢાંમાંથી સર્યે જાય અને સાંભળનારના કાનમાં સમાઈ જાય.

સાદી ભાષા એનું નામ કે જેની શબ્દપરંપરા એક જ મેળની હોય, એટલે કે જેમાં ન હોય અઘરી ભાષાનો ઝૂમખો કે ન આવે ઘડીકમાં ન આવે સાવ ગામડિયા શબ્દોનો થોકડો. સાદી ભાષાનો અર્થ એવો કરાય કે જેને સમજતાં વાર ન લાગે, જે સાંભળનારની બુદ્ધિશક્તિને અનુસરતી હોય ને જે સાંભળનારમાં વાર્તાનો રસ બરાબર જમાવી શકતી હોય. આટલો જ તફાવત શિષ્ટ ભાષાવાળી વાર્તામાં અને લોકભાષા ભરેલી વાર્તામાં પડે છે. વાર્તાઓ ગમે તે શ્રેણીની હોય પણ સાદાઈ તો એનું આવશ્યક લક્ષણ છે જ.

વાર્તાની સાદાઈ સંબંધે આટલું કહ્યા પછી આપણે વાર્તાની રચનાનો વિચાર કરીએ. રચના એટલે વસ્તુ-સંકલના. અંગ્રેજી ‘પ્લોટ’ શબ્દથી પણ આપણે એનો ભાવ જણાવી શકીએ.

કોઈ પણ વાર્તામાં વસ્તુસંકલના આવશ્યક છે, પણ મોઢેથી કહેવાની વાર્તામાં તો એ ખાસ અગત્યની છે. મોઢેથી કહેવાની વર્તાનો ઉદ્દેશ્ય માણસને વાર્તા કહીને આનંદ આપવાનો છે. આ આનંદ વાર્તામાં એકાદ સ્થળે રહેલ ભાવની પરાકાષ્ઠામાં છુપાયેલો છે. યથાક્રમે યથાગતિએ ભાવના દ્વારા ઉચ્ચ શિખર સુધી માણસને લઈ જઈ ભાવની મૂર્તિની ત્વરિત ઝાંખી કરાવી તેનાથી ઉપજેલો આનંદ તેનામાં ભરી દઈ પુનઃ માણસને ક્રમે ક્રમે અને યોગ્ય ગતિએ ભાવને શિખરેથી ઉતારી પોતાના રસ્તે જતો કરવાનો ઉદ્દેશ વાર્તાકથનનો છે. જો વાર્તાનો ભાવ એકવાર પણ માણસને તીર જેમ લાગી ન જાય અને માણસ ઘાયલ થઈને ન પડે તો વાર્તા કહેવાનો અર્થ શો?

પણ સાંભળનારને આમ ઘાયલ કરવાની શક્તિ વાર્તાની વસ્તુસંકલનામાં છે, આપણી વાતના મંકોડા (મણકા) એટલા તો સપ્રમાણ અને એવી સરસ રીતે એકબીજા સાથે સંકળાયેલા હોવા જોઈએ કે વાર્તા એની મેળે સાઈકલની જેમ ફર્યે જાય.

પ્રત્યેક વાર્તામાં એકાદ મુખ્ય પાત્ર હોય છે ને પ્રત્યેક વાર્તાને એકાદ ખાસ હેતુ પાર પાડવાનો હોય છે. જે જે બાબતો આ મૂળ વસ્તુને આડે આવે છે તે તે બાબતો

વાર્તાના વેગને નબળો પાડે છે, વાર્તાના રસમાં ભંગ કરે છે,વાર્તાના પાત્રને ઝાંખું બનાવે છે ને વાર્તાનો ઉદ્દેશ પાર પાડવા દેતી નથી.

દરેક વાર્તામાં એકાદ પ્રસ્થાનસ્થાન હોય છે, દરેક વાર્તાને એકાદ નિશાન પાડવાનું હોય છે ને દરેક વાર્તાને પ્રસ્થાન અને નિશાન વચ્ચે ચોક્કસ માર્ગ આંકેલો હોય છે. મર્યાદા બહારની, પ્રસ્થાન વિનાની અને નિશાન વિનાની વાર્તાનો ગોળીબાર નકામો જાય છે.

જે વાર્તાની શરૂઆત અને અંત નિશ્ચિત નથી, જે વાર્તાનો આત્મા ક્યાં છે તે જણાતું નથી તે વાર્તામાં વસ્તુસંકલના હોવાનો સંભવ નથી. વાર્તાનો મુખ્ય ઉદ્દેશ લક્ષમાં રાખીને જ તેને પાર પાડવા માટે વાર્તામાં જે સફળ ગૂંથણી કરવામાં આવે છે તે ગૂંથણીને વસ્તુસંકલના એવું નામ આપી શકાય.

રચનાની દૃષ્ટિએ તે વાર્તા સંપૂર્ણ છે કે જેમાં સપ્રમાણતા છે, જેમાં સમતોલપણું છે ને જેમાં એકતાનતાનું સૂત્ર વ્યાપક છે. જે જે વાર્તાઓમાં રચનાના આ દોષો હોય તે તે વાર્તાઓને આ દોષમાંથી મુક્ત કરવી જ જોઈએ.

આપણે ઘણીવાર એવી વાર્તાઓ વાંચીએ છીએ કે જેમાં વારેવારે વાર્તાના ફાંટા ફાટે છે અથવા એક તાગડા (તાંતડા)માંથી ચાર પાંચ તાગડાઓ ઊડે છે. વારેવારે વાર્તા કહેનાર આપણને એક ડાળી ઉપરથી બીજી ડાળી ઉપર કુશળતાથી લઈ જવાનો કે ઉડેલા તંતુઓની સાથે મૂળ સૂત્રને જોડી દેવાનો પ્રયત્ન કરે છે અને આપણી સ્મરણશક્તિ અને ધીરજની પૂરેપૂરી કસોટી કરે છે, આવાં ડાળાં-ડાળીવાળી વાર્તાઓને કહેવા યોગ્ય વાર્તાઓમાં આપણે સ્વીકારી શકીએ નહીં.

કહેવા યોગ્ય વાર્તાનો પ્રવાહ આડોઅવળો ન વહેતાં સીધેસીધો વહેવો જોઈએ. વિષયાંતરોથી, એક વાર્તામાં બીજી વાર્તા ચલાવવાથી મૂળ રસને હાનિ પહોંચે છે. આથી કહેવા યોગ્ય અને વાંચવા યોગ્ય વાર્તાની રચનામાં આટલો તફાવત સ્વીકારવો જોઈએ. બેશક, સાંભળનારની સ્મરણશક્તિ અને ધારણશક્તિ વધતાં જાય તેમ તેમ વાર્તા ફાલેલીફૂલેલી કહેવામાં આવે તો હરકત નહીં.

વાર્તાને કહેવા યોગ્ય કરતી વખતે આપણે સાંભળનારનો વિચાર કરવો જ પડે. વૃધ્ધજનો પાસે વાર્તાનો વિસ્તાર કરી શકીએ તેટલો વિસ્તાર બાળકો પાસે ન જ કરી શકીએ. રામાયણ અને મહાભારતની વાર્તાઓ બાળકોને કહેવી હોય તો આપણે છેક ટૂંકાવવી જ કહેવી જોઈએ. એ સાગર જેવી ગંભીર અને આકાશ જેવી વિશાળ વાર્તાઓમાં વચ્ચે વચ્ચે આવતી અનેક રસભરી કથાઓને છોડી દેવી જોઈએ, અનેક મોહક અને આકર્ષક ચિત્રો તથા વર્ણનોને જતાં કરવાં જોઈએ.

રામાયણમાં રામને બાળકો સામે સતત ધરી રાખીને વાર્તાનો પ્રવાહ ચલાવ્યે જવો જોઈએ; આદિ. મધ્ય અને અંતમાં સર્વત્ર રામ દેખાવા જોઈએ; કથાની ઘણી ગૂંથણી રામની આસપાસ થવી જોઈએ. છેક નાનાં બાળકોને પણ કહેવા યોગ્ય રામાયણ બનાવી શકાય. એવી ટૂંકાવેલી રામાયણનો એક સાદો નમૂનો અહીં આપું છું. આ નાની કથા પણ બાળકોના પ્રમાણમાં એક મોટું રામાયણ જ છે અને તે એટલું જ રસદાયક નીવડ્યું છે.

**રામાયણ**

દશરથ નામે રાજા હતા.

તેમને ત્રણ રાણીઓ હતી.

એકનું કૌશલ્યા; બીજીનું નામ સુમિત્રા, ને ત્રીજીનું નામ કૈકેયી.

રામ કૌશલ્યાના પુત્ર, લક્ષ્મણ અને શત્રુઘ્ન સુમિત્રાના અને ભરત કૈકેયીના.

રામ સૌથી મોટા હતા; તેમનાથી નાના લક્ષ્મણ, તેમનાથી નાના ભરત અને સૌથી નાના શત્રુઘ્ન,

રામને ઘણી વિદ્યા આવડતી. તેમને તીર ફેંકતાં સારું આવડતું. તે ભલા પણ હતા.તે રોજ માબાપનું કહ્યું કરતા.

રામની રાણીનું નામ સીતા હતું.

રાજા ઘરડા થયા. તેમણે રામને ગાદીએ બેસાડવાનો વિચાર કર્યો.

કેકૈયીને આ વાતની ખબર પડી. તેને રામની


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

અદેખાઈ આવી. તે કહે, 'રામ ગાદીએ બેસે ને મારો ભરત નહીં ?'

રાણી રાજાથી રીસાઈ; રાજાએ તેને ખૂબ મનાવી, પણ તે રીઝી નહીં.

રાણી કહે, 'તમે મને બે વચન આપ્યાં છે. આજે એ વચન માગું છું. રામને વનવાસ મોકલો અને ભરતને ગાદી આપો.'

રાજાને આ ગમ્યું નહીં.

પણ વચન આપેલું એટલે શું કરે?

રામ વનવાસ ગયા. સીતાદેવી તેની સાથે ગયાં.

ભાઈ લક્ષ્મણ પણ સાથે જ ગયા.

રામ, લક્ષ્મણ અને જાનકી વનમાં ઝૂંપડી બાંધીને રહ્યા.

ઝૂંપડી પાસે એક સોનેરી સુંદર ચામડીવાળું હરણ આવ્યું.

સીતાજીને તે બહુ ગમી ગયું.

રામને સીતા કહે : 'એ હરણ મારીને લાવો તો હા, નીકર (નહીં તો) ના.'

રામ તો તીર લઈને ઊપડ્યા.

પાછળ લક્ષ્મણ પણ ગયા.

સીતાજી મઢી (ઝૂંપડી)માં એકલાં રહ્યાં.

ત્યાં લંકાનો રાજા રાવણ આવ્યો.

બાવાનો એણે વેશ પહેર્યો હતો. હાથમાં ઝોળી હતી ને પગમાં ચાખડી હતી.

રાવણ કહે : 'સીતાજી! ભિક્ષા આપો.'

સીતાજી જ્યાં ભિક્ષા આપવા જાય ત્યાં રાવણે તેમને ઊંચકી લીધાં.

રાવણ સીતાજીને લઈ લંકા ગયો.

હરણ મારીને રામ-લક્ષ્મણ પાછા આવ્યા.

મઢીમાં આવીને જૂએ તો કોઇ ન મળે!

બેઉ ભાઈ સીતાજીની શોધમાં ચાલ્યા.

નદી જોઇ, નાળાં જોયાં, જંગલ જોયાં ને ડુંગરા પણ જોયા; પણ સીતાજી ક્યાંઈ ન મળે.

ગોતતાં ગોતતાં બેઉ ભાઈ વાંદરા અને રીંછના દેશમાં આવ્યા.

ત્યાં તેમને ખબર પડી કે સીતાજીને તો રાવણ હરી ગયો છે.

રામ. લક્ષ્મણ ને વાંદરાં લંકા ભણી ચાલ્યા.

લંકાનગરી દરિયાની વચ્ચોવચ્ચ હતી.

સીતાજીની તપાસ કરવા ત્યાં કેવી રીતે જવાય?

વાંદરાંમાં એક વાંદરો બહુ બળવાન હતો; તેનું નામ હતું હનુમાન.

હનુમાન કહે, 'એ મારું કામ.'

હનુમાને રામનું નામ લઈને એવો તો એક કૂદકો માર્યો કે એક જ કૂદકે આ કાંઠેથી પેલે કાંઠે!

હનુમાનજી અશોકવાડીમાં ગયા.

ત્યાં એક ઝાડ નીચે સીતાજી બેઠા હતાં.

તેમની ફરતી કાળી કાળી મોટા દાંતવાળી રાક્ષસીઓ હતી.

હનુમાનજીએ સીતાજીને રામની વીંટી આપી. સીતાજી અને હનુમાનજી વાતો કરતા હતા ત્યાં રાક્ષસો આવ્યા.

તેઓ કહે, 'પકડો આ રામના દૂતને. એને બાંધો ને સળગાવો.'

હનુમાનજીને પૂંછડે ગોદડાંનાં ગાભા બાંધ્યા, ઉપર તેલ છાંટ્યું. ને પછી સળગાવ્યું.

હનુમાનજી તો હૂક હૂક કરતા જાય અને ગામનાં છાપરાં સળગાવતા જાય!

આખી લંકા ભડભડ બળવા લાગી.

હનુમાનજી પાછા દરિયામાં પડી સામે કાંઠે ગયા.

રામ લશ્કર લઈ રાવણની સાથે લડવા આવ્યા.

પછી રામ-રાવણને જંગી (જબરી) લડાઈ થઈ.

રામે રાક્ષસોને મારી નાખ્યા.

રાવણના દસ માથાં ને વીસ હાથ રામલક્ષ્મણે કાપી નાખ્યા.

પછી રામ, લક્ષ્મણ અને સીતાજી ત્રણે જણા

વિમાનમાં બેસી પોતાને ઘેર આવ્યાં.

રામનો વનવાસ પૂરો થયો એટલે એ ગાદીએ બેઠા ને ખાધું, પીધું ને રાજ્ય કર્યું.

આવી રીતે વાર્તા ટૂંકાવવામાં કળા વાપરવાની જરૂર પડે છે. વાર્તા ટૂંકાવનારે પ્રથમ એ નક્કી કરવું પડે છે કે વાર્તામાં ક્યા બનાવો એવા છે કે જેને લીધા વિના તો ચાલે જ નહીં. વાર્તા ટૂંકાવનારે એ પણ નક્કી કરવાનું છે કે વાર્તા ક્યાં ક્યાં ટૂંકાવી શકાય તેવી છે ને ક્યાં ક્યાં એનો પ્રવાહ અત્યંત ક્ષીણ હોવાથી તેને એમ ને એમ રહેવા દેવા જેવી છે.પછી કેવી રીતે એને ટૂંકાવવી તેનો વિચાર પણ તેને કરવાનો રહે છે.

લાંબી વાર્તાને ટૂંકાવવાની જરૂર છે એમ જ ટૂંકી વાર્તાને લંબાવવાની જરૂર છે. જેમ જેમ લોકોની રુચિ ઊંચી થતી જાય છે તેમ તેમ એમની વાર્તાઓ ટૂંકી થતી જાય છે.

કોઇ પ્રસંગે વાર્તાને લંબાવીને કે લડાવીને કહેવામાં રસ જામે છે તો કોઇ પ્રસંગે વાર્તાને ટૂંકી પણ ભારવાહી (ભાર વહન કરનારી) ભાષામાં કહેવામાં ખૂબી (મજા) આવે છે.

સામાન્ય રીતે જેમ જેમ બાળકની ઉંમર મોટી થતી જાય છે તેમ તેમ તેઓને લાંબી ને લાંબી વાતો ગમતી જાય જાય છે. એવું પણ મેં જોયું છે કે એકવાર એમને લાંબી વાર્તાનો સ્વાદ ચખાડ્યો તો પછીથી તેઓ જ્યાં સુધી ઊંચી રુચિને કેળવી શકે નહીં ત્યાં સુધી લાંબી વાર્તાઓ જ માગ્યા કરે છે.

જરૂર પડે ત્યાં આપણે ટૂંકી વાર્તાને લાંબી વાર્તા બનાવી દેવાની કળા શીખી લેવી જોઇએ. જે માણસમાં કલ્પનાશક્તિનું પરિબળ હોય છે તે માણસ એ કામ સુંદર રીતે કરી શકે છે. ટૂંકી વાર્તાના ક્યા ક્યા અંગો ને ઉપાંગોને કેવી રીતે વિકસાવવાથી વાર્તા સળંગ રહેવા છતાં લાંબી થાય તેની સમજણ કલ્પનાના બળમાંથી આવે છે. જેમ એક રૂપચિત્રકાર રેખાલેખન ઉપરથી આખું ચિત્ર સુઘટિત રંગો પૂરીને ઉપજાવી શકે છે તેમ જ ટૂંકી વાર્તાના રેખાલેખનને રંગોની મિલાવટથી ભરી દઈ યોગ્ય વિસ્તારવાળી કરવાનું કામ વાર્તાચિત્રકારનું છે.

કહેવા યોગ્ય વાર્તા બનાવવા જેમ આપણે વાર્તાની રચના અને ભાષામાં ફેર કરીએ છીએ, તેમ જ (જરૂર જણાયે) આપણે વાર્તાના વસ્તુમાં ફેરફાર કરી લેવાનો છે.વાર્તાનું વસ્તુ શ્રેણી માટે યોગ્ય હોય છતાં તેમાં ગૂંથેલો આદર્શ ઘણીવાર અવ્યવહાર્ય અથવા અનિષ્ટ હોય છે. એક જમાનાએ પોતાની વાર્તાઓમાં જે આદર્શ સ્વીકાર્યો હોય તે જ આદર્શ બીજા જમાનાએ સ્વીકારવો એવી આપણી હઠ ન હોવી જોઇએ... આપણે આપણી વાતોમાં આ જમાનાના અને આગામી જમાનાના આદર્શો ઘડવાની જરૂર છે. વાર્તાઓનું વસ્તુ એનું એ જ રાખી દૃષ્ટિબંદુને વાર્તાનો કહેનાર ચાલાકીથી ફેરવી શકે છે. એ દૃષ્ટિબિંદુના ફેરવવાની સાથે વાર્તાના આદર્શની દિશા સહેલાઈથી બદલાય છે. વાર્તાનું પ્રમુખ પાત્ર જે વાર્તામાં હજારોના માથાં ઉડાવી સાંભળનારની વાહવાહ હાંસલ કરે છે, તે જ પ્રમુખ પાત્રે નવી વાર્તામાં હજારોના જીવ બચાવીને એટલી જ વાહવાહ હાંસલ કરવાની છે.

આપણે વાર્તાને કહેવા યોગ્ય કેમ બનાવવી તે વિચાર્યું પણ સાથોસાથ આ પણ જાણવું જોઇએ કે વાર્તા એટલે શું? વાર્તામાં કહેવાની યોગ્યતા તો હોવી જ જોઇએ પણ તે ઉપરાંત બીજાં કેટલાંક તત્વોની તેમાં અપેક્ષા છે. પાત્ર, પ્રબંધ, વસ્તુસંકલના, રસ, દૃષ્ટિબિંદુ, પ્રવાહ, કલાયુક્ત ગોઠવણ, સ્વાભાવિકતા અને સરળતા વગેરે લક્ષણો સંપૂર્ણ વાર્તાના આવશ્યક લક્ષણો છે.

કોઈ કવિતામાં કવિત્વ છે કે નહીં તે આપણે જેમ અનુભવથી જાણી શકીએ છીએ, તેમ કોઈ વાર્તા વાર્તા છે કે નહીં તે આપણે થોડા અનુભવથી પણ સમજી શકીએ છીએ. વાર્તાને કહેવા યોગ્ય બનાવવાનો શ્રમ ઉઠાવતાં પહેલાં વાર્તા-અવાર્તાનો ભેદ જાણી લેવો જોઇએ. ટૂચકાઓ વાર્તા નથી એવી જ રીતે ઓઠાં (ઉદાહરણો) પણ વાર્તા નથી; એ જ રીતે 'એકાદ ચોરને ઘરનાં બધા જાગી ઊઠ્યા તેથી નાસી જવું પડ્યું' — એ વાત કંઈ વાર્તા નથી ; એમજ 'એક છોકરો કજિયા કરતો હતો તેના મોઢામાં વીંછી પેસી ગયો' એ હકીકત કંઈ વાર્તા ન કહેવાય, તે સરળતાથી સમજાય તેવું છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# જ્ઞાન અને વિજ્ઞાનની સદીમાં...

**રાઘવજી માધડ**
**સંપર્ક : 'અભિષેક' પ્લોટ નં. ૭૧૫/૧,**
**સેક્ટર-૭બી, ગાંધીનગર**
**મો. ૯૪૨૭૦ ૫૦૯૯૫**

વૈદિક શિક્ષણનો આદર્શ ઉદાત્ત હતો. વિદ્યાર્થીઓને તેમના વ્યક્તિત્વના વિકાસ માટે વિશાળ તકો પૂરી પાડવામાં આવતી હતી. વૈદિક સમયની શિક્ષણ પદ્ધતિએ ચારિત્ર્ય ઘડતર, વ્યક્તિ વિકાસ, જ્ઞાનની તમામ શાખાઓનું જ્ઞાન તેમજ સામાજિક કલ્યાણ અને ભૌતિક સમૃદ્ધિના ક્ષેત્રે નોંધપાત્ર સફળતા સિદ્ધ કરી હતી. વૈદિક શિક્ષણ મહત્તમપણે ધાર્મિક અને આધ્યાત્મિક પ્રકારનું હતું. વિદ્યાર્થીઓને સીધું જ શિક્ષણ આપવામાં આવતું હતું. તેમાં શિક્ષક સમાજનો ઘડવૈયો, માર્ગદર્શક અને નેતા ગણાતો હતો.

વિદ્યાર્થીઓના નૈતિક ચારિત્ર્યનું ઘડતર, હૃદયની પવિત્રતા, વ્યક્તિત્વનો વિકાસ, સમાજ અને નાગરિકતાની જાણકારી, રાષ્ટ્રીય સંસ્કૃતિનું રક્ષણ અને છેલ્લું પણ જરાય ઓછું નહીં તેવી ભૌતિક સમૃદ્ધિ એ વૈદિક શિક્ષણના મુખ્ય ઉદ્દેશ્યો હતા.

આજે એકવીસમી સદીના બે દાયકા બાદ પણ શિક્ષણ અને શિક્ષક માટેના ઉદ્દેશ્યો અને અપેક્ષાઓ યથાવત છે. સમય, સ્થિતિ બદલાયા છે. અર્વાચીન યુગમાં જ્ઞાન અને માહિતીનો વિસ્ફોટ થઈ રહ્યો છે. ઘણું ધરમૂળથી બદલાઈ રહ્યું છે. ટેક્નોલોજીના લીધે ભૌતિક સુવિધાઓ વધી છે. આંખ બંધ કરો ને પછી ઉઘાડો એટલીવારમાં પરિવર્તન આવે એવી સ્થિતિ સર્જાઇ રહી છે. અને હવે પછીના દિવસો શિક્ષણ સમેત દરેક ક્ષેત્રોમાં માણસની કલ્પનાનો પનો ટૂંકો પડે એવા હશે !

પણ શિક્ષણના મૂળભૂત ઉદ્દેશ્યોમાં ક્યારેય ઓછપ કે ઝાંખપ નહીં આવે તે હકીકત છે.

સ્વામી વિવેકાનંદના કહ્યા મુજબ : કેળવણી માત્રની ઉદ્દેશ્ય મનુષ્યને ખરો મનુષ્ય બનાવવાનો જ હોઈ શકે. માનવને એના વિકાસના પંથે ચઢાવવો એ જ કેળવણીનું અંતિમ લક્ષ્ય હોઈ શકે. માણસનું પૂર્ણ પણે પ્રગટીકરણ થાય... સ્વામીની આ અપેક્ષા, ઝંખના આજે પણ એટલી જ પ્રસ્તુત છે.

ગાંધીજીના મતે, બાળકનાં શરીર, મન, બુદ્ધિ અને આત્માના જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ કરી તેને બહાર લાવવા. તેઓ વિશેષ કહેતા હતા, ફક્ત અક્ષરજ્ઞાન એ કેળવણી નથી. તેમજ વાચન, લેખન અને ગણનથી કે વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે મેળવેલું શિક્ષણ એ સાચું શિક્ષણ નથી. પરંતુ નૈતિક મનુષ્યનું નિર્માણ એ જ કેળવણીનો સાચો પરિપાક છે. પૂર્ણવાદી શિક્ષણની વિભાવનાનો આદર કરનાર મહર્ષિ અરવિંદના મતે, જે કેળવણી વ્યક્તિ તેમજ રાષ્ટ્રના મન અને શરીરમાં ચાલી રહેલા આત્માના આ કાર્ય માટેનું કારણ બની શકે એ જ સાચી કેળવણી છે. એમના મતે શિક્ષણનો હેતુ માનવનું ઘડતર, સ્થાપત્ય સ્થાપનાની ક્ષમતા અને આત્માનો વિકાસ કરવાનો છે.

જે. કૃષ્ણમૂર્તિની દૃષ્ટિએ 'સ્વ'નો પરિચય અને પ્રજ્ઞાશીલ માણસનું ઘડતર કરવું તે છે. ભયમુક્ત વ્યક્તિનું નિર્માણ, શાશ્વત જીવનમૂલ્યોની પ્રાપ્તિ, નૂતન જગતનું સર્જન એ સાચા શિક્ષણના હેતુઓ છે.

ડો. રાધાકૃષ્ણન માનતા હતા કે શિક્ષણે પરિપૂર્ણ બનવા માટે માનવીય બનવું જ જોઈએ. તેમાં માત્ર બૌદ્ધિક તાલીમ નહીં, દયની શુદ્ધિ અને આત્મશિસ્તનો સમાવેશ કરવો જોઈએ. બાળકોનાં સાહિત્ય, શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે પોતાના વિચારો દ્વારા બાળકોની વકીલાત કરનાર ગિજુભાઈ બધેકા 'મૂછાળી મા'એ બાળકો માટે સ્વાવલંબન, પર્યાવરણ અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણની હિમાયત કરી છે.

ગુજરાતના વિદ્યાર્થીઓના જીવનઘડતર માટે એક ઋષિ જેમ યજ્ઞકાર્ય કરનાર અનોખા કેળવણીકાર નાનાભાઈના મતે વિદ્યાર્થીઓમાં રહેલી સદવૃત્તિઓ,

સુરુચિઓને જાગ્રત કરવાનું, વિકસાવવાનું અને યોગ્ય માર્ગે વળવાનું કામ કેળવણીનું છે. પ્રકૃત્તિ અને સૌંદર્યના ઉપાસક કાકાસાહેબ કાલેલકરે વૃક્ષો, નદી, પર્વત, અને તારાઓ સાથે મૈત્રી રાખી રખડવાના આનંદ દ્વારા શિક્ષણની વિભાવના દર્શાવી છે.

પણ આ સર્વમાં શિક્ષકની ભૂમિકા આદર્શ અને ચાવીરૂપ રહી છે.

પરિવર્તન એ પ્રકૃત્તિનો નિયમ છે. સમયોચિત બદલાવ આવવો જોઈએ. જૂની-પુરાણી ઘરેડમાં બહાર નીકળવું એ સમયની માંગ હોય છે. આજે ટેક્નોલોજી ક્લાસરૂમમાં કબજો જમાવવા લાગી છે. છેલ્લે તો કોરાના કાળના લીધે ઓનલાઈન એજ્યુકેશન પણ આવી ગયું. સ્માર્ટ ક્લાસરૂમ અસરકારકપણે કાર્યરત હતા જ તેમાં આ ઉમેરો અથવા વધારો થયો. આજની ન્યૂ અને સ્માર્ટ જનરેશનને આ બધું ગમે છે ! ટેક્નોલોજી

શિક્ષકને ક્લાસરૂમનો બાદશાહ કહ્યો છે.તેનો કોઈ વિકલ્પ હોઈ જ ન શકે. ચેતનાયુક્ત, સંવેદન સભર અને મૂલ્યશિક્ષણ એ માત્ર જીવંત વ્યક્તિ દ્વારા જ સંપન્ન થાય, ત્યાં ટેક્નોલોજી ટૂંકી પડે.

આજે શિક્ષણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. શિક્ષકોની ઘટ લગભગ સરભર થવામાં છે. જે શિક્ષકો ભરતી પામ્યા, આવ્યા છે તે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવનારા છે. અને તેમાંથી મોટાભાગના શિક્ષકો ટેક્નોલોજીના માહિતગાર છે. વળી સ્કૂલોમાં ભૌતિક સુવિધાઓ પણ વધી છે.

પણ આ બધી સ્થિતિની વચ્ચે શિક્ષક પાસે અપેક્ષાઓ પણ વધે તે સ્વાભાવિક છે –

- કાર્યક્ષમ તેમજ આકર્ષક અને અસરકારક વ્યક્તિત્વ ધરાવનાર.
- અધ્યયન માટેનું સાનુકૂળ વાતાવરણનું સર્જન કરનાર.
- વિદ્યાર્થીઓને નવીનત્તમ અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાન સર્જિત કરનાર.
- વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંબંધ કેળવી તેનામાં રસ-રુચિ જાગ્રત થાય તે માટે વિવિધ શૈક્ષણિક અનુભવો પૂરા પાડનાર.
- શીખવવાની પ્રેરણા પૂરી પાડીને વિદ્યાર્થીઓની બુદ્ધિ, જિજ્ઞાસાવૃત્તિ અને સર્જનાત્મકતાને ઢંઢોળ નાર.
- જૂના અને નવા ખ્યાલોનો સાંપ્રત સ્થિતિ અનુસાર સમન્વય કરવાનો સૂત્રધાર.
- શિક્ષક વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર સાથે પ્રેમ, શ્રદ્ધા,વિશ્વાસ, સલામતી, આનંદ...ઉભયપક્ષે સમજ અને પરિચય કેળવનાર.
- શિક્ષક વાંચે, પૂર્વતૈયારી કરે, સંદર્ભો તપાસે....ને વિદ્યાર્થીઓને માત્ર માહિતી પૂરતા સીમિત ન રાખતાં જ્ઞાન, સમજ, કૌશલ્ય અને ડહાપણના ગુણ તરફ દોરી જનાર.
- નૂતન પ્રવાહો સાથે અદ્યતન ટેક્નોલોજી, શૈક્ષણિક સાધન-સામગ્રીનો ઉપયોગ કરનાર.
- નવી પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓને અધ્યયન તરફ દોરી, નવા જ દૃષ્ટિકોણથી અભ્યાસનું આયોજન કરનાર.
- વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક અનુભવો, તકો, પ્રવૃત્તિઓમાં જોડીને એમનામાં રહેલા શ્રેષ્ઠતમ કૌશલ્યોનો વિકાસ થાય એના માટે પ્રયત્નશીલ બને.
- વિદ્યાર્થીની માનહાનિ ન થાય, જાહેરમાં તેનું અપમાન ન થાય અને એના સ્વમાનને ઠેસ ન પહોંચે એ માટે શિક્ષક ધ્યાન અને કાળજી રાખતો થાય.
- વિદ્યાર્થીને સાંભળે, સમજે અને એની વિચારશક્તિને ઉત્તેજન આપે.
- પ્રયોગશીલ અભિગમ દ્વારા વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે કામ કરવાની તકો પૂરી પાડે.
- શિક્ષક શીખવવા કરતાં શીખવાની પ્રક્રિયામાં સહાયભૂત થવાનું વલણ અપનાવે.
- વિદ્યાર્થીઓના પ્રશ્નો અને અંગત મૂંઝવણો ઉકેલવા માનવીય, સંવેદનશીલ અભિગમ દાખવે.
- વિદ્યાર્થી પોતાની પસંદગીનું વાંચન, લેખન, ચિંતન, અભિવ્યક્તિ, ચર્ચા, નિખાલસપણું, મુક્ત અભિપ્રાય

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

# શિક્ષણ પુરુષ ડો. રઘુભાઈ નાયક

**અશોક સોમપુરા**
૧૮૪, તપોવન સોસાયટી, વિભાગ-૨,
સરસપુર, અમદાવાદ. ● મો. ૯૪૨૬૫૨૫૨૪૨

રાષ્ટ્રમાં સંસ્કારો, ઉત્તમ ધાર્મિક પ્રણાલિઓ આદર્શ નીતિઓ અને તેના સારા આચરણની માવજત, તેનો બહોળો પ્રચાર-પ્રસાર શિક્ષણ-સંસ્થાઓ તેમજ કેળવણીની ઉત્તમ પ્રથાઓ કરતી હોય છે. જેનું સંવર્ધન, જાળવણી અને તેની અખંડિતતા કાયમ રહે તે જોવાનું કાર્ય શિક્ષણ સાથે જોતરાયેલા સૌ કોઈ કરતા હોય છે. પરંતુ તેના પાયામાં દીર્ઘદૃષ્ટિ ધરાવનારા અને પોતાની ઊંડી કોઠાસૂઝનો ઉપયોગ કરનાર કેળવણીના કામથી સક્રિય રહેનારા કેળવણીકારો જ હોય છે. આવા કેળવણીકારોના લીધે સારી શિક્ષણ સંસ્થાઓનો વિસ્તાર થાય છે. આવી સંસ્થાઓ પોતાના કાર્યને સદા સક્રિય ઉત્તમ શિક્ષણ પુરુષની ટૂંકમાં વાત કરવાનો અહીં નમ્ર પ્રયાસ છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતનના વિદ્યાર્થી, જર્મનથી પીએચ.ડી.ની ઉપાધિ મેળવનાર અને દેશના અસંખ્ય નાગરિકોનું ઉત્તમ ઘડતર કરનાર ડૉ. રઘુભાઈ નાયક એ શિક્ષણક્ષેત્રના ઉત્તમ કેળવણીપુરુષ હતા. શિક્ષણકાર્યમાં સદાય કાર્યાન્વિત રહેવા તેમણે દેશ અને પરદેશના અનેક ઊંચા હોદ્દાઓનો સ્વીકાર કર્યો નહીં. પંડિત જવાહરલાલ નહેરુની કેબિનેટમાં સભ્ય તરીકે જોડાવાનું આમંત્રણ પણ તેમણે સ્વીકાર્યું નહીં.

ભાવનગરની 'ઘરશાળા' સંસ્થાનું આચાર્યપદ સ્વીકારી, પ્રસિદ્ધ કેળવણીકાર હરભાઈ ત્રિવેદીના સાંનિધ્યમાં રહી તેમણે પોતાના શિક્ષણકાર્યના સંકલ્પોને વધાર્યા. તેને પૂરા કરવા કટિબદ્ધ થયા. આ કાર્યને પૂરા કરવામાં તેમને સાથ મળ્યો જીવનસાથી શ્રી જશીબેન નાયકનો.

પોતાના શિક્ષણકાર્યને વધારે ગતિશીલ કરવા તેમણે અમદાવાદના પૂર્વ એવા ગરીબ અને મજૂર વિસ્તારમાં શિક્ષણકાર્ય કરવાનો મનસૂબો કર્યો. શ્રી રઘુભાઈ અને જશીબેનની આ વિસ્તારની પ્રથમ મુલાકાત કંઈક આવી હતી.

'સૂર્ય આજે મરક મરક હસતો હતો. કદાચ
ભવિષ્યના ઉત્તમ સર્જનની તેને પૂરેપૂરી
જાણકારી હશે એટલે જ તો.'

'ખરો બપોર હતો. કાળઝાળ ગરમીનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. આખો વિસ્તાર સાવ ભેંકાર અને નિર્જન લાગતો હતો. ક્યારેક એકલ-દોકલ સાયકલસવારની અવર-જવર નજરે પડતી. બરાબર એવા જ સમયે અમદાવાદના આ પૂર્વના રેલવે વિસ્તારમાં બંધ પડેલી માધુભાઈ મિલના વિસ્તાર પાસે એક ઘોડાગાડી આવીને ઊભી રહી. બરાબર એ જ વખતે કોઈ કારીગરે મૂકેલા રોટલાના ટૂકડાને મેળવવા કૂતરાઓના કોલાહલથી સમગ્ર વાતાવરણ ગાજી ઊઠ્યું.'

આ વાતાવરણ જ આ વિસ્તારની ગરીબાઈની ચાડી ખાતું હતું. અહીં આવેલી ઘોડાગાડીમાંથી એક જાજરમાન દંપતી ઊતર્યું. ભાવનગરથી આવેલું આ દંપતી એટલે ડૉ. રઘુભાઈ નાયક અને શ્રી જશીબેન નાયક. જશીબેને પોતાનાં નાનાં બાળક પ્રશાંતને તેડ્યો હતો. તે ગરમીથી હેરાન હતો. જશીબેન તેને સાડલાનો છેડો ઓઢાડી તાપ અને ગરમીથી બચાવવા પ્રયત્ન કરતા હતા. ભયાવહ જેવા આ માહોલમાંથી પાછા ફરવાનું મન પણ થઈ આવતું. પણ તો...યે... આ બધા જ તત્ત્વો તેમના દૃઢ મનોબળને હરાવી શક્યા નહીં. તેથી જ તો 'સરસ્વતી વિદ્યામંડળ' નામની એક સારી સંસ્થાનો જન્મ થયો.

શાળાનું સુકાન સંભાળ્યા પછી આ દંપતી સંસ્થાના વિકાસ માટે સતત સક્રિય રહ્યા. દિવસ દરમિયાન અને વળી ક્યારેક રાત્રે પણ તેઓ આ સરસપુર લત્તાના નાગરિકોની અને વાલીઓની મુલાકાત લેતા. જીવનમાં

શિક્ષણ કેટલું અને કેવું ઉપયોગી છે, તેની વાતો સમજાવતા. પોતાની શાળામાં ગરીબ બાળકોને અભ્યાસની સગવડ આપવાના હેતુથી રાત્રિ વર્ગો પણ ચલાવતા. ઘણાંય જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રાત્રે સૂવાની સગવડ પણ શાળામાં કરી આપતા. ઠંડીના દિવસો દરમિયાન રાત્રે તેમની સાથે રહેતા. ઠંડીથી ઠૂંઠવાતા વિદ્યાર્થીઓને ગરમ ધાબળા પણ ઓઢાડી આવતા. આમ વિદ્યાર્થીઓને પૂરતી સુવિધા મળી રહે તે માટે રઘુભાઈ સદાય પ્રયત્નશીલ રહેતા. પરિણામે વિદ્યાર્થીઓનો શાળા પ્રત્યેનો લગાવ વધતો રહેતો.

જર્જરિત થયેલી શાળાના ઓરડાઓ ધોળવાનું, હવા-ઉજાસ માટે બારીઓના દરવાજાઓનું રિપેરિંગ કામ કરવાનું કામ રઘુભાઈ જાતે જ કરતા. શાળાની ભૌતિક સુવિધા અદ્યતન બની રહે તે માટે તેઓ સતત કામ કરતા. સાથે સાથે તેઓ મૂળ શિક્ષણના જીવ હતા. વર્ગ તેમને મન સ્વર્ગ હતું. તેમના અથાગ પ્રયત્નોથી શાળાના શિક્ષણકાર્યની ગુણવત્તા સુધરતી ગઈ. બોર્ડમાં શૂન્ય પરિણામ લાવતી શાળા હવે અમદાવાદની સારી શાળાઓની હરોળમાં સ્થાન પામી. ધીરેધીરે શાળાની પ્રતિષ્ઠા વધી.

સરસ્વતી વિદ્યામંડળની શિક્ષણ પ્રવૃત્તિ અને પૂરક પ્રવૃત્તિઓ રઘુભાઈની નિગરાની હેઠળ વિકસતી રહી. આજે આ સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત જુદી જુદી છ શાળાઓ કાર્યરત છે. આ શાળામાં શૈક્ષણિક સેમિનારો, વિદ્યાર્થીલક્ષી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિષયવાર કાર્યસભાઓ, શૈક્ષણિક વ્યાખ્યાનો, સેમિનારો, શાળાની બૃહદ્ સભાઓ, ભક્તિ સંગીત બિરાદરી, સરસ્વતી નાગરિક સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને તેના મેળાવડા જેવી સારી સારી પ્રવૃત્તિઓ આ સંસ્થામાં થાય છે.

રઘુભાઈના માર્ગદર્શન હેઠળ સંસ્થાએ ઘણાં પ્રયોગો કર્યા. શિક્ષણમાં આવા સારા પ્રયોગો કરવાની આગેવાની એ સમયમાં તેમણે લીધી હતી. આ પ્રયોગોમાં શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓનો સામાજિક વિકાસ, સ્વાધ્યાય પ્રવૃત્તિઓ, સ્ત્રી વિકાસ માટેના વ્યાખ્યાનો, શૈક્ષણિક સેમિનારો, નાટકો, સાંસ્કૃતિક કલાની વિકાસ પ્રવૃત્તિઓ, વાલીસભા, લોકશાહીની સાચી સમજ માટેની પ્રેરણા મળે તે માટે લોકશાહી ઢબે યોજાતી શાળાની ચૂંટણીઓ, તેમજ પરીક્ષા વગરની સ્વાધ્યાય પદ્ધતિવાળું શિક્ષણ... અને આવી બીજી અનેક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પરસ્પર સહકારનું સંકલન વધે અને ધાર્મિક ભાવના વધુ દૃઢ બને તે માટે રઘુભાઈએ શાળાના સંગીત શિક્ષકો અને સંગીતપ્રેમીઓ સાથેની એક ભક્તિસંગીત બિરાદરીની સ્થાપના કરી હતી. આ ભક્તિસંગીત બિરાદરી દર મહિનાની પૂનમના આસપાસના રવિવારે, જે વ્યક્તિ આમંત્રણ આપે તેમના ઘેર જઈ ઉત્તમ પ્રકારનાં ભજનો રજૂ કરતી.

વધુમાં બાળકો ગ્રામ્ય જીવનની વિવિધ પ્રવૃત્તિ અને જીવનશૈલીથી માહિતગાર બને તે માટે રઘુભાઈએ ગંધીનગરની પાસે અમિયાપુર ગામને દત્તક લીધું હતું. શિક્ષક સાથેની વિદ્યાર્થીમંડળી આ ગામમાં જતી. ત્યાં રાતવાસો કરતી, સફાઈ, જમવાની વ્યવસ્થા અને બીજી ગામડાઓની પ્રવૃત્તિ જાતે કરતી.

આ બધી જ પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક પ્રયોગો સૌ માટે ખૂબ જ ધ્યાનાકર્ષક રહ્યા હતા.

વધુમાં શ્રેણી-૧૨ના વિદ્યાર્થીઓને વિદાય આપવાનો 'વિનીત-વિદાય કાર્યક્રમ' - એ સંસ્થાનો એક અનોખો લાગણી સભર કાર્યક્રમ રહ્યો છે. આ કાર્યક્રમમાં શાળામાંથી વિદાય લેતા વિદ્યાર્થીઓ જ્યારે પોતાના ગુરુ-શિક્ષકના આશીર્વાદ મેળવીને છૂટા પડે છે, ત્યારે બંને પક્ષોનું મિલન, ગુરુ-શિષ્યના સુખ-દુઃખ મિશ્રિત અશ્રુધારાનું ભાવ-વિભોર દૃશ્ય જોનારને હૂંફાળી ભાવનાથી ઝંકૃત કરી દે છે.

રઘુભાઈએ વિકસાવેલી આ પ્રણાલિ, આવા ઉત્તમ પ્રયોગોએ શિક્ષણ જગતમાં આદર સાથે માન મેળવ્યું છે.

ભારતના પૂર્વ નાણાંપ્રધાન શ્રી એચ.એમ.પટેલ

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

# ભારતનું બંધારણ

**તંત્રીનોંધ :**
**સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે જે.એન. બાલિકાની વિદ્યાર્થિનીઓએ દેશનાં બંધારણનાં વિવિધ પાસાઓ આધારિત નાટિકા પ્રસ્તુત કરી હતી. જે અમે રજૂ કરીએ છીએ.**

**૨૬મી જાન્યુઆરી સાંસ્કૃતિક પ્રોગ્રામ**
**જે.એન. બાલિકા વિદ્યાલય**

| નામ | વર્ગ | વિષય |
|---|---|---|
| સુથાર ઉન્નતિ | ૧૧ખ | બંધારણ પ્રસ્તાવના |
| પરમાર નિધિ | ૧૧ખ | આમુખ |
| બાણાવળી હિનલ | ૧૧ખ | સમાનતાનો હક |
| નાગર સેયાન્સી | ૧૧ખ | સ્વાતંત્ર્યનો હક |
| રાજપૂત જાનકી | ૧૧ખ | શોષણ વિરુદ્ધનો અધિકાર |
| સોમા નિશા | ૧૧ખ | ધાર્મિક સ્વાતંત્ર્યનો હક |
| અન્સારી રમશા | ૯ક | સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો |
| પ્રજાપતિ દિશા | ૯ગ | બંધારણીય ઈલાજોનો હક |
| પરમાર નતાશા | ૯ગ | મૂળભૂત ફરજો |
| સોનફુસરે રિદ્ધિમા | ૯ખ | મૂળભૂત ફરજો |
| દિપાલી સોલંકી | ૧૨-ક | હું છું બંધારણ |

**માર્ગદર્શક : શ્રી વનિતાબેન**

કોઈ પણ દેશનું શાસન ચલાવવા માટે ઘડવામાં આવેલા નિયમોના વ્યવસ્થિત સંગ્રહને દેશનું બંધારણ કહેવામાં આવે છે.

બંધારણ જીવંત અને મૂળભૂત દસ્તાવેજ છે. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦થી ભારતમાં બંધારણ અમલમાં આવ્યું અને ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકે ઘોષિત થયું. ભારતના બંધારણમાં રાષ્ટ્રચિહ્ન તરીકે 'ચાર સિંહો'ની મુખાકૃતિ અને રાષ્ટ્રમુદ્રા તરીકે 'સત્યમેવ જયતે' ઘોષિત કરવામાં આવ્યું.

ભારતનું બંધારણ ૨૨ ભાગોમાં વહેંચાયેલું છે. તેમાં ૩૯૫ આર્ટિકલ્સ આવેલા છે. ભારતના બંધારણમાં લોકોના સિદ્ધાંતો સરકારના કાર્યો, ન્યાયતંત્ર, ચૂંટણીપંચ, પછાત અને વંછિત સમૂહો માટેની ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે.

તેથી જ ભારતનું બંધારણ વિશ્વમાં સૌથી મોટું, વિસ્તૃત અને લેખિત દસ્તાવેજ છે.

ભારતનું બંધારણ ઘડવામાં ૧૫ મહિલાઓનો નોંધપાત્ર ફાળો છે. બંધારણની શરૂઆત આમુખથી થાય છે. તો ચાલો આપણે સૌ બંધારણનો આત્મા એટલે કે આમુખ વિશે જાણીએ.

● **આમુખ :**

આમુખ એ બંધારણનું પ્રારંભિક હાર્દરૂપ અને વિશિષ્ટ સ્થાન ધરાવતું તત્ત્વ છે. બંધારણની શરૂઆત આમુખથી થાય છે. આમુખમાં દર્શાવેલા શબ્દો પરથી આમુખ બંધારણનો આત્મા હોવાની પ્રતીતિ થાય છે.

● **આમુખનું મહત્ત્વ :**

- કાયદાની કોઈ કલમમાં કે વિગતોમાં કોઈ સ્પષ્ટતા કે વિસંવાદિતા ઊભી થાય, કાયદાનો હેતુ સ્પષ્ટ થતો ન હોય ત્યારે આમુખ કાયદાની કલમને સમજવામાં, તેનું અર્થઘટન કરવામાં મદદરૂપ બને છે.
- આમુખ બંધારણની જોગવાઈઓને સમજવામાં હોકાયંત્રની ગરજ સારે છે.
- આમુખ રાજ્યબંધારણના તત્ત્વજ્ઞાનને અને તેની ભાવનાને રજૂ કરે છે.
- આમુખ એ અગત્યના હેતુ પાર પાડે છે :

૧) રાજ્યબંધારણના મહાન ઉદ્દેશો જાહેર કરી તે તળે રચાતા શાસનતંત્રએ કયા ઉદ્દેશો માટે કાર્ય કરવાનું છે તેની ઘોષણા કરે છે.

૨) બંધારણસભાના સભ્ય પંડિત ઠાકુરદાસ ભાર્ગવે કહ્યું છે તેમ 'આમુખ એ રાજ્યબંધારણની ગુણવત્તાનો કસોટી પથ્થર છે.'

'मैं लोकतंत्र का उदबोधन हूं,
अधिकारो का संबोधन हूं।'

● ચાલો હવે, ભારતના સંવિધાનનું આમુખ સાંભળીએ.

**આમુખ**

***અમે ભારતના લોકો, ભારતને એક***
***સાર્વભૌમ, સમાજવાદી***
***બિનસાંપ્રદાયિક, લોકતંત્રાત્મક,***
***પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો***
***તા તેના સર્વ નાગરિકોને :***
***સમાજિક, આર્થિક અને રાજકીય ન્યાય***
***વિચાર, આભિવ્યક્તિ, માન્યતા,***
***ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા***
***દરજ્જા અને તકની સમાનતા***
***પ્રાપ્ત થાય તેમ કરવાનો***
***અને તેઓ સર્વમાં***
***વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની***
***એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી બંધુતા***
***વિકસાવવાનો***
***ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને***
***અમારી સંવિધાનસભામાં***
***૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ***
***આ સંવિધાન અપનાવી,***
***તેને અધિનિયમિત કરી***
***અમને, પોતાની જાતને***
***અર્પિત કરીએ છીએ.***
***જય હિંદ...***

**બંધારણના કેટલાક હકો ઘડવામાં આવ્યા છે. તેનાથી સૌ પ્રથમ આપણે સમાનતાનો હક જોઈશું.**

**૧. સમાનતાનો હક :** સમાનતાના હકોમાં આ બે ખ્યાલોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 'કાયદા સમક્ષ સમાનતા' અને 'કાયદાનું સમાન રક્ષણ'.

કાયદા સમક્ષ સમાનતા એટલે કોઈપણ વ્યક્તિ કે વર્ગની તરફેણમાં વિશેષાધિકારોનો અભાવ એક સરખી પરિસ્થિતિમાં મૂકાયેલા વ્યક્તિઓને એક સરખો કાયદો લાગુ પડે છે.

આ હક મુજબ વ્યક્તિઓ વચ્ચે જ્ઞાતિ, જાતિ, લિંગ, જન્મસ્થાન, આવક કે શિક્ષણનાં કારણોસર ભેદભાવ રાખવામાં આવશે નહીં. તેમની સાથે કાયદો એક સરખો રહેશે.

વડાપ્રધાનથી માંડીને પટાવાળા સધીની કક્ષાવાળી કોઈપણ વ્યક્તિએ પોતે કાયદા વિરુદ્ધનું કૃત્ય કરેલ હોય તો તે બદલ સામાન્ય નાગરિકની જેમ સમાન ધોરણે કાયદો લાગુ પડશે.

કાયદાના સમાન રક્ષણનો અર્થ એ થાય છે કે, સમાન સંજોગોમાં કાયદાનો વ્યવહાર સમાન જ હોવો જોઈએ. કોઈ વ્યક્તિ કે વર્ગને અલગ રાખી તેમના પ્રત્યે ભેદભાવ દર્શાવતો કાયદો રાજ્ય ઘડી શકે નહીં. દરેક કાયદો તમામની માટે એક સરખી રીતે લાગુ પડવો જોઈએ.

**'ना कोई उ च है ना कोई निच है,**
**संविधान के लिए तो सब एक समान है ।'**

**૨. સ્વાતંત્ર્યનો હક :** બંધારણ દ્વારા ભારતીય નાગરિકોને છ પ્રકારની સ્વતંત્રતાઓ બક્ષવામાં આવી છે. જેમ કે, વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાની સ્વતંત્રતા. ભારતના કોઈપણ દેશમાં કોઈપણ ભાગમાં ગમે ત્યાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા, ભારતના કોઈપણ દેશમાં કે ભાગમાં રહેવાની તથા સ્યાથી થવાની સ્વતંત્રતા. કોઈપણ વ્યવસાય, કામકાજ, વેપાર કે ધંધો કરવાની સ્વતંત્રતા. બંધારણના નાગરિકોના સર્વોતમુખી વિકાસ અને અભિવ્યક્તિ માટે લોકશાહીના સુચારુ-સંચાલન માટે આ હકનું સવિશેષ મહત્ત્વ છે. રાજ્ય સમાજના વ્યાપક હિતમાં જાહેર સુલેહ-શાંતિ, સલામતી અર્થે આ સ્વતંત્રતાઓ પર વાજબી નિયંત્રણો અને મર્યાદાઓ મૂકી શકે એવી બંધારમાં સ્પષ્ટતા થઈ છે. કઈ સ્વતંત્રતા કઈ મર્યાદામાં રહીને ભોગવવાની છે તેની જાહેરાત બંધારણમાં કરવામાં આવી છે.

**'अगर आप अपने मनसे स्वतंत्र है,**
**तो आपकी स्वतंत्रताको कोई छीन नहीं सकता ।'**

● તો ચાલો હવે, આપણે શોષણ વિરુદ્ધના અધિકાર વિશે જાણીએ.

**૩. શોષણ વિરુદ્ધનો અધિકાર :** કોઈ વ્યક્તિનું બીજા વ્યક્તિ દ્વારા કોઈ પણ પ્રકારે શોષણ ના થાય એવા શોષણવિહીન

સમાજની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ બંધારણનો છે, જે આ હક દ્વારા સિદ્ધ થયો છે. મનુષ્યનો વેપાર, વેઠપ્રથા, દાસત્વ અને બળજબરીથી કરાવાતી કોઈપણ પ્રકારની મજૂરી પ્રતિબંધિત છે. આ જોગવાઈનો ભંગ શિક્ષાપાત્ર ગુનો છે, અનૈતિક હેતુઓ માટે બાળકો કે સ્ત્રીઓના વેપાર, બળજબરીથી કરાવામાં આવતી મજૂરી, મરજી વિરુદ્ધનું દાસત્વ, વેતન વિનાની મજૂરી અને સદીઓથી ચાલી આવેલ વેઠપ્રથાનો અંત લાવવાનો છે. કોઈ પણ વ્યક્તિ પાસે વિના વેતનથી, લઘુતમ વેતન કરતા ઓછા વેતનથી બળજબરીથી કે ફરજિયાત પણે કોઈ પણ મજૂરી કે કામ કરાવવું એ શિક્ષાપાત્ર ગુનો બને છે.

ચૌદ વર્ષની નીચેના ઉંમરના કોઈ પણ બાળકને કોઈ કારખાનામાં, ખાણમાં, જોખમી વ્યવસાયમાં, બાંધકામ, હોટલ, ગેરેજ, લારી-ગલ્લા કે ઘરનોકર તરીકે પણ કામે રાખી શકાશે નહીં. બાળમજૂરી નાબૂદી કાનૂન હેઠળ આ શિક્ષાપાત્ર ગુનો જાહેર કરાયો છે.

**जिसने संघर्ष करना सिखाया हमको,**
**शिक्षा की ताकात को बताया हमको,**
**भूल कर भी मत भूलना उस महान इन्सान को,**
**दुनिया कहेती है बाबासाहेब आम्बेडकर जिनको ।**

**૪. ધાર્મિક સ્વાતંત્ર્યનો હક :** ભારતના કોઈ પણ નાગરિકને અંતઃકરણ અનુસાર તેના ધર્મમાં માનવાનો તેનું પાલન કરવાનો અને તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો સમાન અધિકાર બંધારણે ઘડ્યો છે. પરંતુ આ સ્વતંત્રતા જાહેર વ્યવસ્થા, નીતિમતા અને સ્વાસ્થ્યને બાધ ન આવે તેવો હોવો જોઈએ. વાજબી નિયંત્રણો આધીન રહીને ધાર્ક સ્વાતંત્ર્ય ભોગવવાનો સર્વને અધિકાર છે. ધાર્મિક ક્રિયાકાંડો, પ્રાર્થના કે પૂજા કરવાની સ્વતંત્રતાનો સમાવેશ ધાર્મિક સ્વાતંત્ર્યના હકમાં થાય છે.

ભારત દેશનો પોતાનો કોઈ ધર્મ નથી કે ભારત દેશ કોઈ પણ ધર્મ કે સંપ્રદાયના સિદ્ધાંતો કે માન્યતાના આધારે ચાલતો નથી. રાજ્ય કોઈ પણ સમુદાયની ધાર્મિક બાબતોમાં દખલગીરી કરી શકશે નહીં. કોઈ પણ રાજ્ય જાહેર કરવેરા દ્વારા ઊભા કરાયેલા જાહેર ફંડનો ઉપયોગ કોઈ પણ ખાસ ધર્મ કે સમુદાયના લાભ માટે કરી શકશે નહીં. કોઈપણ શૈક્ષણિક સંસ્થાને ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં.

ધાર્મિક સ્વાતંત્ર્ય ભોગવવાનો બધાને હક્ક છે. પરંતુ આ હક જાહેર વ્યવસ્થાને હાનિરૂપ ના હોવી જોઈએ.

**मंदिर जाने वाले लोंगे की लंबी कतारे...**
**जिस दिन पुस्तकालय की और बढ़ेगी...**
**उस दिन मेरे देशको महाशक्ति बनने**
**से कोई नहीं रोक सकता ।**

**૫. સાંસ્કૃતિક અને શૈક્ષણિકનો હક :** ભારતીય બંધારણના મૂળભૂત છ હકો માનો પાંચમો હક સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક છે.

- ભારતમાં વિવિધ ધર્મો, વિવિધ ભાષાઓ તથા વિવિધ સંસ્કૃતિ ધરાવતા લોકો રહે છે. ભારતના પ્રદેશોમાં રહેતા લોકોને પોતાની આગવી ભાષા, લિપિ તથા સંસ્કૃતિની ઓળખ અને તેના આધારે રચાયેલા વર્ગસમૂહોને જાળવી રાખવાનો તેમને અધિકાર છે. દરેક સમુદાયને પોતાની સંસ્કૃતિ જાળવવા માટે સાંસ્કૃતિક હક આપવામાં આવ્યો છે.
- તે રીતે ભારતના દરેક નાગરિકને શિક્ષણ મેળવવાનો પણ હક છે. જેમાં ભારતના દરેક નાગરિકનાં બાળકને શિક્ષણ મળે, યુવાનોમાં નાગરિકતાના ગુણો વિકસે. માનવતાનું ઘડતર થાય, નાગરિકતાનું ઘડતર થાય, બૌદ્ધિક વિકાસ થાય તે જરૂરી છે.
- યુવાનોને ઉચ્ચશિક્ષણ દ્વારા રોજગારી મળે, તેમના જ્ઞાનનો લાભ, દેશના ઉદ્યોગોને તથા ખેતીવાડીને થાય, તંદુરસ્ત સમાજની રચના ઊભી થાય, તેવી વ્યવસ્થા સરકારે ઊભી કરવી જોઈએ.
- કોઈપણ શૈક્ષણિક સંસ્થાઓ જે રાજ્યની ગ્રાન્ટ પર નિર્ભર હોય તેમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે તેવા કોઈપણ કારણસર નાગરિકને પ્રવેશ આપવાનો ઈનકાર કરી શકાશે નહીં.
- કોઈપણ રાજ્ય કોઈ કાયદો ઘડીને નાગરિકો કે તેના કોઈ વિભાગ પર કોઈ સંસ્કૃતિ કે કોઈ ભાષાના પાયા

પર રચાયેલી તમામ લઘુમતીઓને તેમની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને વહીવટ કરવાનો અધિકાર આપશે. રાજ્ય પણ કોઈ ધર્મ કે ભાષા પર રચાયેલી લઘુમતી સંસ્થાઓને રાજ્યનિધિમાંથી અપાતી શૈક્ષણિક સહાય કે શૈક્ષણિક શિષ્યવૃત્તિઓ જેવા લાભોમાં માત્ર એ કારણોસર ભેદભાવ કરશે નહીં. આવી લઘુમતી સંસ્થાઓની મિલકતનું ફરજિયાત સંપાદન કે પોતાના હસ્તક લેવા ઇચ્છે તો રાજ્ય જરૂરી વળતર આપીને જ કરી શકે છે.

આમ, શૈક્ષણિક સંસ્થાઓના સંદર્ભે મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ બંધારણમાં કરવામાં આવી છે.

**૬. બંધારણીય ઈલાજોનો હક :**

ગમે તેટલા સારા કાયદા ઘડવામાં આવે, મૂળભૂત હકોની જોગવાઈ કરવામાં આવે. પરંતુ તેનો અમલ યોગ્ય ન થાય તો આવી સ્વતંત્રતા અને અધિકારનો કોઈ અર્થ જ નથી. આ હકોના અમલ માટે મૂળભૂત હકના અમલ માટે બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે. જે અનુસાર મૂળભૂત હકોના ભંગ બદલ સીધા જ સર્વોચ્ચ અદાલતમાં કે વડી અદાલત જઈને ન્યાય માંગવાના હકને પણ મૂળભૂત હક તરીકે સ્વીકારવામાં આવ્યો છે. સર્વોચ્ચ અદાલત એ મૂળભૂત હકોના રક્ષણની અગત્યની ભૂમિકા ભજવે છે. આ અંગે અદાલત જરૂરી લાગે તેવા પ્રકારના યોગ્ય આદેશો, સૂચનાઓ કે આજ્ઞાપત્રો અને હુકમનામા સ્વીકારવાની વિશાળ સત્તા બંધારણમાં બક્ષવામાં આવી છે. જે અંગે કોઈ વાંધો લઈ શકતું નથી. મૂળભૂત હકોના ભંગ થયાની કોઈ રાજ્યની ફરિયાદ કરવામાં આવે તો તેનો યોગ્ય ઉપાય કરવાનું એ સર્વોચ્ચ અદાલતે જરૂરી છે.

ડૉ. બાબસાહેબ આંબેડકરે આ હકને બંધારણના 'આત્મા સમાન' કહ્યો છે. આમ, કોઈ પણ નાગરિકે મૂળભૂત હકોના ભંગ બદલ અદાલતોમાં જવાનો અને તે હકનું રક્ષણ કરવાનો અધિકાર છે.

**મૂળભૂત ફરજો**

તો ચાલો આપણે આપણી મૂળભૂત ફરજો બજાવવા પ્રત્યે જાગૃત બનીએ.

૧. બંધારણનું પાલન કરવું તેમજ બંધારણમાં વ્યક્ત થયેલા આદર્શો અને સંસ્થાઓ તથા રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજનો આદર કરવો.

૨. સ્વાતંત્ર્ય સંગ્રામના ઉદાત્ત વિચારો અને પ્રેરણાદાયી આદર્શોનો આદર કરવો અને તે અનુસાર વર્તવું.

૩. ભારતના સાર્વભૌમત્વ એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને તેનું રક્ષણ કરવું.

૪. જ્યારે જરૂર પડે ત્યારે અને હાકલ કરવામાં આવે ત્યારે દેશનું રક્ષણ કરવું અને રાષ્ટ્રની સેવા કરવા માટે તત્પર રહેવું અને ઉત્સાહભેર જોડાવું.

૫. ભારતના બધા લોકો વચ્ચે ભાઈચારાની ભાવનામાં વૃદ્ધિ કરવી, લોકો વચ્ચે સુસંવાદિતા સ્થાપવી અને સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોંચાડનારા વ્યવહારોનો ત્યાગ કરવો.

૬. રાષ્ટ્રના સમૃદ્ધ અને સમન્વિત સાંસ્કૃતિક વારસાનું જતન કરવું.

૭. જંગલો, સરોવર, નદીઓ અને વન્યજીવો સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવું અને સમૃદ્ધ કરવું તથા સજીવો પ્રત્યે અનુકંપા રાખવી.

૮. વૈજ્ઞાનિક અભિગમ, માનવવાદ અને શોધવૃત્તિનો વિકાસ કરવો.

૯. જાહેર માલ-મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.

૧૦. વ્યક્તિગત અને સામૂહિક પુરુષાર્થનાં ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ રહેવું જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ઉત્તરોત્તર સર કરતું રહે.

૧૧. મફત, ફરજિયાત અને સાર્વત્રિક રીતે શિક્ષણ પોતાના પાલ્યને આપવું એ તેના માતાપિતાની ફરજ રહેશે.

**હું છું દેશની સર્વોચ્ચ શક્તિ,**
**મારા આધીન ચાલે મોટી-મોટી હસ્તિ**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સમગ્ર દેશ મારા જ આધારે ચાલે છે,
મારા લખાણને સુપ્રિમ કોર્ટ પણ માને છે.

મારી રચના કરવા મળી કેટલીય સભા
હતા મત સરખા તો થોડા મત જુદા

આખરે નીખરી ઊઠી એમની મહેનત
જે મારા ઘડવૈયા ડૉ. આંબેડકર

હું સત્યનો રક્ષક છું ગરીબોનો આધાર
હું નિષ્પક્ષ છું પ્રજાનો ચોકીદાર

હું નાગરિકને હક આપું છું ને આપું છું ફરજો
દેશના વિકાસ માટે એના ઉપર અમલ કરજો

મારા થકી પ્રજા સત્તામાં આવી છે
મેં જ લોકશાહીને પ્રગટાવી છે.

મારા પ્રત્યે જન-જનને માન છે
મારી અખંડિતતા એ દેશનું બહુમાન છે

હું બિનસાંપ્રદાયિકતાનો પ્રચારક
હું એકતા - સમાનતાનું પ્રતીક

હું, દેશનું છું સાચું ધન
હું છું બંધારણ, હું છું બંધારણ.

## જ્ઞાન અને વિજ્ઞાનની સદીમાં...

આપતો થાય એવા વાતાવરણનું નિર્માણ.

- વિદ્યાર્થીઓ તરફ તટસ્થ અને સાક્ષીભાવે નિર્દેશ અને નિર્દોષ પ્રેમ વરસાવી તેને પ્રેરણા અને પ્રોત્સાહન આપે. જેથી તેમની જીવનશક્તિ હકારાત્મક માર્ગે વળે.
- કાર્યને સહજ રીતે અપનાવી રમતાં રમતાં (learning to learn) તૈયાર કરવાની કસોટીમાંથી પાર ઉતરે, સફળ થાય.

આમ જોઈએ તો આ વિગતો શિક્ષકથી લગભગ અજાણી નથી. પણ આજે સ્થિતિ બદલાય છે. મૂળ અપેક્ષાઓ ભૂંસાતી ને ભૂલાવા લાગી હોય એવું બની રહ્યું છે.

બીજી બાજુ આ ટેક્નોલોજીના યુગમાં શિક્ષક સામેના અનેક પડકારો ઊભા થવા લાગ્યા છે. અને પાછી સમાજની શિક્ષક પ્રત્યેની અપેક્ષાઓ પણ વધી રહી છે.

આ જ્ઞાન અને વિજ્ઞાનની એકવીસમી સદીના પડકારોને પહોંચી વળવાનું શિક્ષકે સામર્થ્ય કેળવવું પડશે. કારણ કે સમાજની અપેક્ષા શ્રદ્ધામાં પરિવર્તિત થાય તે જરૂરી છે.

## શિક્ષણ પુરુષ ડો. રઘુભાઈ નાયક

સાહેબના આગ્રહથી તેમણે દિલ્હીની સરદાર પટેલ વિદ્યાલયનો કાર્યભાર પણ સંભાળ્યો હતો. દિલ્હીની તેમની શૈક્ષણિક કામગીરી માત્ર દિલ્હીમાં જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રમાં આદર પામી હતી. રઘુભાઈની આ કામગીરીના લીધે એ શાળાએ ત્યાંની અગ્રગણ્ય શાળાઓમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

વિશેષમાં 'ઘરશાળા' શૈક્ષણિક માસિક અને 'ઘડતર' પત્રિકાનું પ્રકાશન એ પણ તેમનું ખૂબજ માનીતું કાર્ય હતું. આજે છેલ્લા આઠ દાયકાથી 'ઘરશાળા માસિક'નું પ્રકાશન થાય છે. આ માસિક શિક્ષણના પ્રચાર-પ્રસાર અને શૈક્ષણિક મૂલ્યોને ઉજાગર કરવાનું ઉપયોગી કાર્ય કરે છે.

રઘુભાઈના ઉત્તમ અને ઉત્કૃષ્ટ શિક્ષણકાર્ય માટે તેમને 'પદ્મશ્રી'નો અમૂલ્ય ખિતાબ પણ અર્પણ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ, ગુજરાત રાજયનો શ્રેષ્ઠ શિક્ષણનો એવોર્ડ, સિસ્ટર નિવેદિતા એવોર્ડ તેમજ એકલવ્ય એવોર્ડ પણ તેમને અર્પણ કરવામાં આવ્યો હતો.

શિક્ષણ સંસ્થામાં તેમણે સ્થાપેલી પ્રણાલિએ નાગરિકોના સારા ઘડતર કર્યાં છે. તેમના શિક્ષણ વિચારો એ શિક્ષણ જગતનું આભૂષણ બની રહ્યા છે. તેમનો આ અમૂલ્ય વારસો અને શિક્ષણકાર્ય માટેનું તેમનું યોગદાન એ શિક્ષણ જગત માટે સદાય યાદગાર બની રહેશે.

આવા સન્માનનીય શિક્ષણપુરુષ શ્રી રઘુભાઈ નાયકને સાદર સાથે ખૂબ વંદન...

# કસ્તૂરી : ભારતની પ્રથમ ફિલ્મ

**હેતલબેન ડી. શાસ્ત્રી**
આચાર્યા, જે.એન. બાલિકા વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ.

આજની બોલિવૂડ ફિલ્મોમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ થાય છે. આ એવો સમય છે કે, જ્યારે યુવાનો તેમાં કામ કરવા માટે પડાપડી કરે છે. પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની શરૂઆત આવી નહોતી. ભારતનું પ્રથમ ચલચિત્ર રાજા હરિશ્ચંદ્ર આઝાદીનાં ઘણાં વર્ષો પહેલાં બન્યું હતું. આ ચલચિત્રમાં કોઈ શ્રાવ્ય સંવાદ ન હતા. તે ભારતની પ્રથમ મૂંગી ફિલ્મ હતી. તેના રસપ્રદ ઈતિહાસની માહિતી આજની પેઢીને ચોક્કસ જાણવી ગમશે. ૩જી મે, ૧૯૧૩ના રોજ તે રિલીઝ થઈ હતી. આ મૂંગી ફિલ્મના ડાયરેક્ટર અને પ્રોડ્યુસર દાદાસાહેબ ફાળકે. ૧૪ એપ્રિલ, ૧૯૧૧ના રોજ દાદાસાહેબ ફાળકે પોતાના મોટા પુત્ર ભાલચંદ્ર સાથે અમેઝિંગ એનિમલ નામનું ચલચિત્ર જોવા માટે મુંબઈના ગિરગાંવ, ચોપાટી ઉપર ગયા હતા. પડદા પર પ્રાણીઓને જોઈને તેમનો દીકરો ખૂબ આશ્ચર્યચકિત થયો હતો અને તેણે ઘરે આવીને પોતાની માતા સરસ્વતીબાઈને આ વાત કરી હતી. ઘરનાં અન્ય સભ્યો પણ આ વાત સાંભળીને આશ્ચર્ય પામ્યા હતા. તેમને રૂબરૂ તેનો અનુભવ કરાવવા માટે બીજે દિવસે દાદાસાહેબ ફાળકે સૌને લઈને ચલચિત્ર જોવા માટે ફરીથી લઈ ગયા. પરંતુ બીજે દિવસે ખ્રિસ્તીઓનો તહેવાર એસ્ટર હોવાથી ત્યાં બીજું કોઈ ચલચિત્ર ચાલતું હતું. ત્યાં ફ્રેન્ચ ડાયરેક્ટર એલિસ ગે બ્લેચ દ્વારા નિર્મિત 'લાઈફ ઓફ ક્રાઈસ્ટ' ચલચિત્ર પડદા ઉપર ચાલી રહ્યું હતું. જીજસને પડદા ઉપર જોઈને દાદાસાહેબ ફાળકેના મનમાં રામ અને કૃષ્ણનાં ચરિત્રો પડદા પર રમવા લાગ્યાં અને તેમણે ચલચિત્ર બનાવવાના વ્યવસાયમાં આવવાનો નિર્ણય કર્યો. પોતાના આ નિર્ણયને સાકાર કરવા માટે તેમણે લંડનમાં બે અઠવાડિયા સુધી ફિલ્મ બનાવવા માટેની તકનિકનો અભ્યાસ કર્યો. ભારત પાછા ફર્યા પછી પહેલી એપ્રિલ, ૧૯૧૨માં તેમણે પોતાની 'ફાળકે ફિલ્મ કંપની' શરૂ કરી. લંડનની મુલાકાત દરમિયાન તેમણે વિલિયમ્સન કેમેરા અને કોડાક રો ફિલ્મ અને પરફોરેટર માટે ઓર્ડર આપ્યો હતો, જે ટૂંક સમયમાં જ ભારત આવી પહોંચ્યાં હતાં. આ બધી વસ્તુઓ સાથે તેમણે એક રૂમમાં સેટ ઊભો કર્યો અને પોતાના કુટુંબને ફિલ્મનિર્માણ કેવી રીતે કરવું તે શીખવવા માંડ્યું. તેમની પાસે ફિલ્મ બનાવવાનો એક ચોક્કસ વિચાર હોવા છતાં પણ તેમને કોઈ આ દિશામાં મદદ કરી શકે તેવી નાણાં રોકનાર વ્યક્તિ મળતી નહોતી. તેથી ફાળકેએ જાતે જ એક નાનકડી ફિલ્મ બનાવીને ફિલ્મ તકનિકનું નિદર્શન કરવાનું નક્કી કર્યું. તેમણે એક કૂંડામાં વાલના દાણાને વાવ્યા. તેની સામે કેમેરો એક મહિના માટે ગોઠવી દીધો. એક જ ફ્રેમમાં તેની ગતિવિધિનું શૂટિંગ થવા લાગ્યું. જેમાં બીજનું અંકુરણ થવું, તેની વૃદ્ધિ થવી, તેનો લતામાં વિકાસ થવો... જેવી ઘટનાઓ સ્પષ્ટપણે 'શૂટ' થવા લાગી. આ એક મિનિટની ટૂંકી ફિલ્મનું ફાળકેએ શીર્ષક આપ્યું, 'વટાણાના છોડની વૃદ્ધિ'. આ ટૂંકી ફિલ્મ તેમણે પોતાના કેટલાક પસંદગીના લોકોને બતાવી. તેમાંથી કેટલાકે તેમને ફિલ્મ બનાવવા માટે નાણાં ધીરવામાં રસ બતાવ્યો. એક મરાઠી મેગેઝિન 'સુવર્ણમાલા'માં તેમની એક વાર્તા પ્રકાશિત થઈ હતી, જે નશીલા પદાર્થો પર આધારિત હતી. ઘણાં બધાં અમેરિકન ચલચિત્રો જોયાં પછી તેમને લાગ્યું કે, જો ચલચિત્રમાં રોમાન્સ અને રહસ્ય હોય તો તે લોકોને વધુ ગમે છે. તેમના કુટુંબીજનોએ જણાવ્યું કે, ચલચિત્રનું વિષયવસ્તુ મધ્યમ વર્ગના લોકોને અને ખાસ કરીને મહિલાઓને આકર્ષિત કરતું હોવું જોઈએ. તેમજ તેમાં આપણી ભારતીય સંસ્કૃતિની છબી વ્યક્ત થવી જોઈએ. તેમના કુટુંબીજનોએ સાથે બેસીને ગણી બધી હિન્દુ પૌરાણિક કથાઓની એક યાદી બનાવી. જેમાં રામ-કૃષ્ણ, હરિશ્ચંદ્ર-સત્યવાન સાવિત્રી વગેરે કથાઓને પસંદ કરી. તે સમયે મરાઠી અને ઉર્દૂમાં હરિશ્ચંદ્રની કથા ખૂબ લોકપ્રિય હતી. આથી ફાળકેએ રાજા હરિશ્ચંદ્ર વિષય પસંદ કર્યો.

તેના પર આધારિત ફિલ્મ બનાવવા માટે કલાકારો અને અન્ય કર્મચારીવર્ગની જરૂર હતી. ફાળકેએ જાહેરાત આપવાની શરૂઆત કરી પરંતુ તેમને જેવા કલાકારો જોઈતા હતા તેવા ન મળ્યા. છેવટે તેઓ રંગમંચના કલાકારો તરફ વળ્યા. દત્તાત્રેય દામોદર ડબકેને હરિશ્ચંદ્રનો મુખ્ય રોલ મળ્યો. તે સમયે સ્ત્રીઓ ફિલ્મમાં કામ કરવા માંગતી નહોતી. સ્ત્રીઓનું ફિલ્મોમાં કામ કરવું તે ખરાબ બાબત મનાતી હતી. તેમને તારામતી માટે સ્ત્રી પાત્ર મળતું નહોતું. બોમ્બેની એક રેસ્ટોરન્ટમાં એક સીધો સાદો પાતળો યુવાન વેઈટર તરીકે મહિને દસ રૂપિયા પગારમાં કામ કરતો હતો. એકવાર ફાળકે ત્યાં ચા પીવા માટે ગયા હતા. તેમણે તેને જોયો અને લાગ્યું કે આ તારામતીના રોલ માટે બરાબર છે. તેને પાંચ રૂપિયા વધુ આપીને તારામતીના રોલ માટે ઓફર કરી અને તેને મનાવી લીધો. તેનું નામ હતું અન્ના સલુકે. હરિશ્ચંદ્રના દીકરા રોહિત અશ્વ તરીકે તેમણે ઘણા નાના બાળ કલાકારોની મુલાકાત ગોઠવી. પરંતુ અભિનયમાં જંગલમાં ભટકવું અને છેવટે મૃત્યુ હોવાથી બાળકોનાં માતાપિતાએ ફિલ્મોમાં કામ કરવાની ના પાડી. છેવટે ફાળકે, પોતાના મોટા દીકરા ભાલચંદ્રને રાજા હરિશ્ચંદ્રના દીકરાના અભિનય માટે તૈયાર કર્યો, જે ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સૌથી પ્રથમ બાળ કલાકાર હતો. તે સમયે ફાળકેએ પોતાના ફિલ્મ સ્ટુડિયોમાં ૪૦ જેટલા લોકોને કામ આપ્યું હતું. ફાળકે પોતાના લોકોને કહેતા કે, તેઓ બહાર જઈને એવો પ્રચાર કરે કે તેઓ હરિશ્ચંદ્ર નામની કંપનીમાં કામ કરે છે. ફાળકેએ ઘણી બધી વિદેશી ફિલ્મો જોઈ અને ફિલ્મોની પટકથા કેવી રીતે લખાય તે જાતે શીખ્યા. રાજા હરિશ્ચંદ્ર ફિલ્મની પટકથા લખવાનું કામ તેણે પૂરું કર્યું. ફિલ્મમાં બધાં જ પાત્રો પુરુષો દ્વારા ભજવાતાં હતાં. ત્યાં એક પણ સ્ત્રી હતી નહીં તેથી સ્ત્રીઓનાં કામકાજ જેવાં કે, સાડી પહેરવી, લોટ બાંધવો વગેરેમાં સરસ્વતીબાઈ મદદ કરતી હતી. ફાળકે પણ ક્યારેક સાડી પહેરીને અભિનય શીખવતાં હતાં. તેમનો મોટાભાગનો સ્ટાફ અભિનયથી પરિચિત હતો નહીં, તેથી એકના એક ફિલ્મ દૃશ્યનો વારંવાર તેમની પાસેથી અભિનય કરાવવો પડતો હતો. લગભગ તે જ સમયે રાજાપુરકર નાટક મંડળીએ મુંબઈની મુલાકાત લીધી. આ મંડળીએ હિન્દુ પૌરાણિક કથાઓ પર ઘણાં બધાં નાટકો ભજવ્યાં હતાં. કંપનીના માલિક બાબાજી રાણેને ફાળકે મળ્યા અને પોતાની ફિલ્મ વિશે જણાવ્યું. રાણે આ સાંભળીને ખૂબ પ્રભાવિત થયા અને તેમણે પોતાની નાટક મંડળીના કલાકારો તેમજ જરૂરી સામગ્રી જેવી કે રાજાના મુગટ, તલવાર, ઢાલ, તીર, કામઠાં, કપડાં, દાગીના આપવાની વાત કરી. રાજા રવિ વર્મા અને એમ.કે. ધુરંધરનાં ચિત્રો પરથી ફાળકે, ફિલ્મનાં દૃશ્યો અને પોશાકો ડિઝાઈન કરતા હતા. ફાળકે પડદા ઉપર ખેતરો, નદીઓ, પર્વતો, મહેલો, ગુફાઓ જાતે દોરતા હતા. ફિલ્મ નિર્માણ માટે જરૂરી સામગ્રી વિદેશમાંથી તેઓ મંગાવતા હતા. પટકથાલેખન, નિર્દેશન, મેકઅપ, ફિલ્મ એક્ટિંગ, પ્રોડક્શન ડિઝાઈન, ફિલ્મ પ્રોસેસિંગ - એવી ઘણી જવાબદારી ફાળકેએ પોતાના માથે લીધી હતી. ત્રૈમ્બક બી. તેલંગ, જે ફાળકેનો નાનપણનો દોસ્ત હતો અને નાસિકમાં મંદિરના પૂજારી તરીકે કામ કરતો હતો. નાનપણમાં ફાળકેએ તેને ફોટોગ્રાફી શીખવાડી હતી. ફાળકેએ તેલંગને મુંબઈ આવવા માટે જણાવ્યું. તેલંગ મુંબઈ આવ્યા અને ફાળકેએ તેને વિલિયમ્સન કેમેરાનું સંચાલન શીખવાડ્યું તેમ તેમને ફિલ્મના સિનેમેટોગ્રાફર બનાવી દીધા. ફિલ્મનું શૂટિંગ ફાળકેના બંગલામાં, તો ક્યારેક ગામડામાં ચાલવા લાગ્યું. અન્ના સનમ કે જે સ્ત્રીનું પાત્ર ભજવતો હતો તે પોતાની મૂછો દૂર કરવા માટે તૈયાર નહોતો. યુનિટના સમજાવ્યા પછી તેણે માંડ માંડ પોતાની મૂછો કાઢી. ગામડાના એક મંદિરમાં શૂટિંગ કરવાનું હતું. યુનિટના બધાં જ સભ્યો તલવારો, ભાલા, તીરકામઠાં વિવિધ પ્રકારના પોશાકો સાથે ત્યાં પહોંચી ગયા એ ફાળકે આવે ત્યાં સુધીમાં અભિનય કરવાનું નક્કી કર્યું. ગામના લોકો આવા પ્રકારના વેષ જોઈને ગભરાઈ ગયા અને તેમણે ગામના વડાને કીધું કે, આપણા ગામમાં લૂંટારાઓ ઘૂસી આવ્યા છે. ગામના વડાએ ફોજદારને બોલાવ્યા. ફોજદારે તે બધાની ધરપકડ કરી અને થાણે લઈ ગયા. ફાળકે ગામડે આવ્યા અને તેમણે ફોજદારને બધી હકીકત જણાવી. ફોજદારને સમજણમાં આવ્યું કે, આ ફાળકેનું નવું સાહસ

છે. પછી તેણે બધાને છોડી મૂક્યા. રાજા હરિશ્ચંદ્રના પુત્રનો અભિનય કરતા ફાળકેના પુત્ર ભાલચંદ્ર, બાળકો સાથે રમતાં રમતાં પડી ગયો અને તેને માથામાં વાગ્યું. તેની સારવાર કરવા છતાં પણ તે બેભાન રહ્યો. યુનિટના સભ્યોએ કહ્યું કે, તેને મુંબઈ પાછો લઈ જઈએ અને સાજો થાય પછી તેનું શૂટિંગ કરીશું. પરંતુ ફાળકેએ સમય અને પૈસા બચાવવા માટે તેની બેભાન અવસ્થામાં જ તેનું શૂટિંગ કર્યું અને શૂટિંગ દૃશ્ય એ હતું કે, તેને ચિતા પર મૃત બતાવવાનો હતો. હરિશ્ચંદ્ર અને તારામતીની સાથે કાશીના વિવિધ ભાગોનું શૂટિંગ કરવાનું નક્કી કર્યું અને ત્યાં એક મહિનાનો પડાવ નાખ્યો. દિવસે શૂટિંગ કરતા હતા અને રાત્રે તે ફિલ્મનું ડેવલોપિંગ કરતા હતા. ૧૯મી સદીમાં જ્યારે પણ આ પ્રકારનાં નાટક ભજવતાં હતા ત્યારે નાટક ભજવનારાઓના પરિચય માટે એક અંક બનતો હતો. યુનિટના સભ્યોએ સૂચન કર્યું કે, આ પ્રકારના એપિસોડમાં ફાળકે અને તેની પત્નીએ પણ સૂત્રધાર અને નટીનો રોલ ભજવવો જોઈએ. ફાળકે તેને માટે સંમત થયા. પરંતુ સરસ્વતીબાઈને કેમરા સામે આવવા માટે મનાવી ન શક્યા.

ફિલ્મના સ્ક્રિનિંગ માટે તેમને થિયેટર મેળવવામાં ખૂબ મુશ્કેલી પડી રહી હતી. કારણ કે, તેમના કામની ટીકાઓ ચારેબાજુ શરૂ થઈ ગઈ હતી. આથી તેમણે મુંબઈના ઓલમ્પિયા થિયેટરમાં ૨૧ એપ્રિલ, ૧૯૧૩ના રોજ ફિલ્મનો પહેલો ખેલ બતાવવાનું નક્કી કર્યું. આ પહેલા ખેલમાં તેમના ખાસ પસંદગીના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું; જેવાં કે ડૉક્ટર, જાહેર ક્ષેત્રની વ્યક્તિઓ શ્રી ભાલચંદ્ર ભટવેડકર, વિદ્વાન આર.જી. ભંડારકર, જસ્ટિસ ડોનાલ્ડ, વર્તમાનપત્રોના તંત્રીઓ, બૌદ્ધિકો અને કેટલાક ખાસ લોકોનો તેમાં સમાવેશ થતો હતો. આ ખાસ દિવસે જ ફાળકેની દીકરી મંદાકિની બીમાર પડી હતી. ફાળકેના ભાઈએ જણાવ્યું કે, આપણે આ ફિલ્મનો પહેલો ખેલ કાલે કરીએ. પરંતુ બીજે દિવસે થિયેટર મળવાની મુશ્કેલી હતી અને આમંત્રણ અપાઈ ચૂક્યા હતા, તેથી ફાળકે પોતાનો નિર્ણય બદલી શક્યા નહીં.

શ્રી ભાલચંદ્ર ભટવેડકર ફાળકેની હિંમતને બિરદાવી હતી. જસ્ટિસ ડોનાલ્ડે જણાવ્યું કે, યુરોપના લોકોને હિન્દુઓની પૌરાણિક કથાઓ વધુ સારી રીતે જાણવા મળશે. કેસરીના સંપાદક અનંતે નોંધ્યું કે, ફાળકેએ તેનું કામ ખૂબ ભવ્ય રીતે દુનિયા સમક્ષ રજૂ કર્યું છે અને આવા પ્રકારની ફિલ્મનું નિર્માણ ભાતમાં થયું છે તે ખૂબ મોટી વાત છે. આવા પ્રકારના હકારાત્મક અભિપ્રાય સાંભળીને બીજા થિયેટરના માલિકોએ ફિલ્મની રજૂઆત માટે ઉત્સાહ દર્શાવ્યો. ૩જી મે, ૧૯૧૩ના રોજ કોરોનેશન સિનેમેટોગ્રાફ અને વેરાઈટી હૉલમાં ફિલ્મ આમજનતા માટે રજૂ કરવામાં આવી. દોઢ કલાકની આ ફિલ્મ માટે દરરોજના ૪ ખેલ રાખવામાં આવ્યા હતા. ૧૭ મેના રોજ મહિલાઓ અને બાળકો માટે અડધા દરે ખાસ ખેલ યોજવામાં આવ્યો હતો. આ ફિલ્મ ખાસ્સી લોકપ્રિય રહી હતી અને તે હાઉસફૂલ જતી હતી.

ફાળકેને પ્રોજેક્ટર, ઓપરેટર, કેટલાક સહાયકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડવામાં તકલીફ પડતી હતી. તે સમયે ફિલ્મ વિતરકો ન હતા. સુરતના નવાબી થિયેટરના માલિક સાથે તેમણે ૫૦ ટકાનો કરાર કર્યો હતો. અહીં કમાણી ઓછી થવાથી થિયેટરના માલિકે ટિકિટના દર ઘટાડવાનું કે ખેલ રદ કરવાનું સૂચન કર્યું. ફાળકેએ તેને નમ્રતાપૂર્વક ના પાડી. તેમણે ગુજરાતી ભાષામાં જાહેરાત કરી, ત્રણ ચતુર્થાંશ ઈંચ પહોળાઈ અને બે માઈલ લંબાઈના ૫૭,૦૦૦ ચિત્રોવાળી એક ભારતીય અનાને જોવા માટે ગુજરાતીઓ પધારો. આ ઉપરાંત તેમના કલાકારોએ જાહેર રસ્તા ઉપર ફિલ્મનાં કેટલાંક પાત્રો ભજવ્યાં. આ બધાની અસર દેખાઈ અને ફિલ્મે વકરો કર્યો. ત્યાર બાદ પૂણે, કોલંબો, રંગૂન, લંડનમાં પણ હિન્દી અને મરાઠી ભાષાના આંતરશીર્ષક સાથે ફિલ્મ રજૂ થઈ. ઈતિહાસકાર ફિરોઝ રંગુનવાલા લખે છે કે, આ રીતે વિવિધ જગ્યાએ પ્રેક્ષકો થિયેટર તરફ આકર્ષાયા. બોક્સ ઓફિસ પર કમાણીની શરૂઆત થઈ. ફિલ્મ ઉદ્યોગનો પાયો નંખાયો.

'૫૬મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર'માં મરાઠી ભાષાની શ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર 'રાજા હરિશ્ચંદ્ર' ફિલ્મને મળ્યો. ૬૨માં 'બ્રિટિશ એકેડેમી ફિલ્મ એવોર્ડ'માં તથા ૬૬માં 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ'માં ઔપચારિક રીતે ભાતની આ ફિલ્મે વિદેશી ભાષાની શ્રેષ્ઠ ફિલ્મોની કેટેગરીમાં એન્ટ્રી મેળવી હતી.

# માતૃભાષા અને આપણે

**ડૉ. મહેશ ઠાકર**
આચાર્ય,
નારાયણ વિદ્યાવિહાર,
ભરૂચ

**માતૃભાષા : સંસ્કાર અને સંસ્કૃતિ**

**હું ગુજરાતી છું ને ભાષા મારી ગુજરાતી**
**ગુણિયલ ગરવી ભાવે રૂડી શબ્દોથી છલકાતી**
**પહેલો વહેલો બોલ્યો બા એ ભાષા છે ગુજરાતી**
**યાદ કરો જ્યાં એને પ્રેમે આંખો ભીની થાતી**
**હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી.**

- **માતૃભાષા અને આપણે**

આપણા દેશમાં સંસ્કૃત અને પ્રાકૃત આ બે ભાષાઓ પ્રાચીનકાળથી અસ્તિત્વ ધરાવે છે. કાળક્રમ બદલાતાં ઉર્દુ પરંપરાનો અને અંગ્રેજી પરંપરાનો પ્રવેશ થયો.

આમ પણ પ્રાકૃતભાષામાંથી અપભ્રંશ તેમાંથી દેશી (પ્રાદેશિક) અને ગુજરાતી ભાષાનો આર્વિભાવ થયો. આજે પણ અનેક શબ્દો સંસ્કૃત ભાષામાંથી ચાલી આવ્યા છે અને બોલાય પણ છે તે આપણે જાણીએ છીએ. પ્રાકૃત, દશ્ય, અરબી, ફારસી, ઉર્દૂ, અંગ્રેજી ભાષાના શબ્દો ગુજરાતી ભાષાની બોલચાલમાં પ્રવેશી ગયા છે. હજુ વધુને વધુ શબ્દો બોલ ચાલમાં, સમૂહ માધ્યમોમાં સ્થાન પામી રહ્યા છે અને ગુજરાતી ભાષાને દૂર કરી રહ્યા છે.

બાળક મા પાસેથી સાંભળીને શીખે, જીવન વ્યવહાર કરતું થાય તે માતૃભાષા.

માતાપિતાના વંશવારસાની જનીન તત્ત્વોની પરંપરા બાળકને મળે છે. અન્ય સંસ્કારોની જેમ બાળકને માતાપિતા પાસેથી ભાષાના - માતૃસંસ્કારો પણ મળતા હોય છે.

માતા બોલતી હોય છે પોતાના સંતાનને કાલીઘેલી ભાષામાં લાડ – પ્રેમ દુલાર કરતી હોય છે. બાળક તેમાંથી જ શીખતું હોય છે, બોલવાનો પ્રયત્ન કરતું હોય છે. એમાંથી માતૃભાષા પ્રાપ્ત થાય છે.

માતાપિતા પાસેથી મળતાં વારસામાં માતૃભાષા અંતર્નિહિત હોય છે. બાળકોમાં તે આપોઆપ પ્રાપ્ત હોય છે એ સંગ્રહાયેલું છે, ધન ભંડારની જેમ ભાષાનિધિ પણ જેમ પ્રયોજીએ તેમ તેમ પ્રગટ થતી જાય છે, ધન ખૂટી શકે છે, ભાષા ભંડાર નહીં, એ તો વધતો જ જાય છે.

- **લોહીમાં માતૃભાષા**

ભાષાની બે ખાણો છે : એક પુસ્તકો અને બીજું લોકોની વાણી.

તમે ઘણી વ્યક્તિઓની બાબતે જાણતા જ હશો કે જેમનાં માતા પિતા સારા વાચક હશે, ગાયક હશે, વાર્તાકથક હશે, વક્તા હશે, પ્રજ્ઞા અને મેધાવંત હશે તેમનાં બાળકો જન્મથી જ ભાષાના સંસ્કારોમાં આગળ હશે. આપણા ગુજરાતી ભાષાના મૂર્ધન્ય લેખક સદ્ – સુરેશ જોષીના દાદા સંસ્કૃતના જાણકાર અને દાદી વાર્તા કથન કરવામાં નિપુણ હતાં. તેનો સીધો લાભ ગુજરાતને મળ્યો છે. કેટલા બધાં ગાયક-ગાયિકાઓનાં માતા-પિતા ગાયક નહોતાં છતાં ઘરમાં તો સહજ કંઠે ગાતાં જ હતાં, કંઈક વગાડતાં હતાં. એનો લાભ એમનાં સંતાનોને મળ્યો જ છે.

આનાથી વિરુદ્ધ જે માતાપિતા અશુદ્ધ ભાષા બોલતાં હોય છે, તેમનાં બાળકો સમાજમાં ખરાબ ભાષામાં બોલતાં સાંભળીએ છીએ. જેમનું માનસિક આરોગ્ય સારું ન હોય તો તેવાં માતાપિતાનાં બાળકો ભાષા સંસ્કારમાં નબળા જોવા મળે છે.

હવે શિક્ષણ ક્ષેત્રમાં માતૃભાષાનું સ્થાન શું છે ? ક્યાં છે? આપણે ત્યાં આપણી પાઠશાળાઓ અને આપણા વિશ્વવિદ્યાલયો મુઘલોને અને અંગ્રેજોને કારણે નાશ પામ્યાં. સ્વાભાવિક છે કે પુસ્તકાલયો, વિદ્યાલયો નાશ

પામ્યાં. આપણે આપણી પરંપરાનું રક્ષણ કરી શક્યા નહીં. આપણી તપોનિષ્ઠ વિદ્યાવ્યાસંગની એક ઉજ્જવળ પરંપરા નાશ પામી. આપણે ભરપાઈ ન કરી શકાય એવી એક મહાનવિનાશની ગર્તામાં ધકેલાઈ ગયા.

માતૃભાષા સિવાયની અન્ય ભાષાનાં માધ્યમમાં શિક્ષણ એક ચિંત્ય અને ચિંતનશીલ, ચિંતાપૂર્ણ મુદ્દો છે.

● **માતૃભાષાની અનિવાર્યતા**

ભાષા એટલે વિચારોનો પહેરવેશ.

તમે સમજી શક્યા હશો કે માતૃભાષા વિના માનવજીવન સંભવ નથી. સમગ્ર જીવન વ્યવહારમાં માતૃભાષા ઓતપ્રોત થઈને વણાયેલી છે, અર્થાત મારા જીવનનું વસ્ત્ર માતૃભાષા વડે જ વણાયેલું છે. શિક્ષણનો કોઈપણ વિષય માતૃભાષામાં જ સરળતાથી સમજાય છે માટે માતૃભાષાની ઉત્તમ જાણકારીએ આપણી અનિવાર્યતા છે.

આપણે અર્થાત આપણા રાજનેતાઓ, સમૂહ માધ્યમના માંધાતાઓ, ફિલ્મો અને મનોરંજન જગત, અંગ્રેજી, ઉર્દૂ ભાષા ના પાશમાંથી મુક્ત થતા જ નથી. સ્વતંત્રતા. સ્વતંત્રતા પ્રાપ્તિ પછી પણ આપણે શિક્ષણ "માતૃભાષામાં જ હોવું જોઈએ" એવો નિર્ણય કરી તેનો વ્યવહારમાં અમલ કરી શકતા નથી ! એ આઘાતજનક આશ્ચર્ય છે ! આપણે માનસિક રીતે કેટલા નબળા છીએ, તે જ સાબિત થાય છે શા માટે આજે સ્વતંત્રતા પછીના ૭૫ વર્ષ પછી પણ ભાષાઓના દાસ છીએ ?

મારી માતૃભાષા મારી ઓળખ છે, મારા સંસ્કાર છે, મારી સંસ્કૃતિ છે - સમગ્ર જીવન પદ્ધતિ છે - ભાષા અર્થાત્ માતૃભાષા જ મારું સર્વસ્વ છે.

જ્યારે મારે પરદેશ જવાની અનિવાર્યતા ઊભી થાય ત્યારે હું અનિવાર્યતા પર ભાષા જાણી લઉં અને એમાં મારો વ્યવહાર ગોઠવવો અને જ્યારે કોઈ પરદેશી મારા દેશમાં આવે ત્યારે તેણે અનિવાર્યતા આપણી માતૃભાષા શીખવી પડે અને વ્યવહાર ગોઠવવો પડે. આ સામાન્ય વ્યવહારની વાત છે પણ આજે તો અંગ્રેજો ગયા પણ અંગ્રેજી ભાષા ન ગઈ !

● **માતૃભાષા અને આધ્યાત્મ**

માતૃભાષા સભ્ય સમાજના નિર્માણનો પાયો છે.

આપણા જીવન વ્યવહારને તપાસીએ તો માલૂમ પડશે કે કેટલા બધા શબ્દો આપણે અંગ્રેજી ભાષાના સ્વીકારી લીધા છે અને જાણે કે એ શબ્દોમાં જ જીવન ધબકે છે, એ શબ્દોમાં જ પ્રાણનો સંચાર છે એવો ભ્રમ ઊભો થઈ ગયો છે. 'ગુડ મોર્નિંગથી ગુડ નાઈટ' સુધીમાં તો આપણે આપણી માતૃભાષાનો કચ્ચર ઘાણ કાઢીએ છીએ. આપણી આગવી ઓળખ, સાચી જીવન પદ્ધતિ તો આ પરભાષા અંગ્રેજી ભાષા - પ્રત્યેના મોહને કારણે આપણે ગુમાવી ચૂક્યા જ છીએ ! અને એનો જરા જેટલો પણ પશ્ચાત્તાપ પણ નથી.

અલબત્ત વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર, અનેક સમૂહ માધ્યમોને કારણે પૃથ્વીવાસીઓ એકબીજાની ઘણા નિકટ આવી ગયા છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના (પ્રાદ્યોગિકી) સંશોધનો પણ અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થાય છે, તેથી જાણકારી માટે અંગ્રેજી કે અન્ય ભાષાઓની જાણકારી આવશ્યક છે, પણ મારે મારું જીવન તો મારી માતૃભાષામાં જીવવું પડે ને !

મારો ધર્મ સનાતન ધર્મ તો મારી માતૃભાષામાં જ હું જીવી શકું ને ! અને સનાતન ધર્મ એ રંગીન સ્ટીકર નથી, કે ચોંટાડીને ઉખેડી નાખી શકાય ! સનાતન ધર્મ વસ્ત્ર છે, અન્નજળ અને ઔષધ છે, એ શ્વાસોચ્છ્વાસ છે, મારી ઓળખ છે, કારણ હું દેવી-દેવતાઓ, અવતારો, આચાર્યો, ઋષિમુનિઓ, જતિ-સતી, યોગીઓ અને મહર્ષિઓનાં પૂજન કરું છું. હું માતા, પિતા, આચાર્ય અને અતિથિને દેવ સમાન ગણું છું. હું આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો, રાશિઓ અને નવલખ તારકોને પણ પૂજું છું. હું 'પંચવટી' પાંચ પવિત્ર વૃક્ષોને પૂજું છું.

અને પૂજન કરવા માટે મારે સંસ્કૃત ભાષા અને મારી માતૃભાષા ગુજરાતી જ અનિવાર્ય છે, નિર્વિકલ્પ છે. સંસ્કૃત ભાષામાંથી ગુજરાતી ભાષા ઊતરી આવી છે અને આ જ રીતે અનેક ભારતીય ભાષાઓ પણ ઊતરી આવી છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તમે તમિલનાડુ જાવ તો કદાચ ‘સરવણ ભવ’ નામવાળી શુદ્ધ શાકાહારી મરેસ્ટોરન્ટ) ઉપહારગૃહમાં અલ્પાહાર(નાસ્તો) કરવાનો લાભ મળશે. ‘સરવણ’ અર્થાત ભગવાન કાર્તિકેય અને ભવ અર્થાત પોતાની, પોતાના પ્રદેશે વિશેષની ઓળખ સમાન ‘સરવણ ભવ’ જોઈ શકાય છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષા વચ્ચે Butter અને માખણ જેટલું અંતર છે.

- **માતૃભાષા અને અને આપણી સંસ્કૃતિ**

***લાડ લડાવ્યા જે ભાષા એ જેણે કીધો મોટો***
***રંગમાં વહેતી ભાષા ભૂલું માણસ તો તો ખોટો***
***અક્ષર ભાળું ગુજરાતી જ્યાં ઊર્મિઓ હરખાઈ***
***હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી***

ધરોષ્ણ દૂધ હું વિદેશીઓને કેવી રીતે સમજાવીશ ? બાલકૃષ્ણ જયારે માતા યશોદા ગાય દોહતા હોય ત્યારે એ જ ગાયના આંચળમાંથી સીધું જ જે દૂધનું પાન કરે છે તે દૂધ ધરોષ્ણ દૂધ, જે અત્યંત શુદ્ધ અને આરોગ્યપ્રદ છે. ગરણ કરેલું ને શીતકમાં ઠંડું કરેલું દૂધ નહીં ! એ ચિત્ર જ ઘણું બધું સમજાવી જાય છે ! પછી જયારે ‘સુમૂલ‘ ડેરીના ઘીના ડબ્બા ઉપર યશોદા વલોવતાં હોય અને કૃષ્ણ કનૈયો એમને પાછળથી બાઝીને વહાલ કરતો હોય આજે તો ‘ડેરી’ઓએ વલોણું જ બંધ કરાવી દીધું છે. જેનું આજે કરુણ ભાન થાય છે અલબત્ત ચિત્ર પણ ભાષાનું ખૂબ જ સરસ સંપેષ્ણ કરે છે તે કહેવા જેવું છે શું?

આપણા જીવનમાં બે ભાગ પડે છે એક છે લોકજીવન જેને આપણે ગ્રામજીવન કહી શકીએ. ગ્રામજીવનની એક સુદીર્ઘ પરંપરા હતી. જેમાં લોકસાહિત્ય અને લોકકળાઓ માતૃભાષામાં વિકસી હતી. અને એણે જ લોકજીવનને અને નગરજીવન બંનેને સમૃદ્ધ કર્યા છે. જયારે બીજી બાજુ પરંપરાગત સંસ્કૃત અને અંગ્રેજી શિક્ષણ જે આરંભમાં આમ તો અંગ્રેજી માધ્યમમાં જ હતું જેણે એક ભિન્ન નગરજીવનની પરંપરાનું નિર્માણ કર્યું. આજે તો ગામડા પણ અંગ્રેજી માધ્યમ અને અંગ્રેજી શિક્ષણના વિસ્તારને પ્રતાપે જાણે કે પશ્ચિમના રંગે રંગાઈને જીવી રહ્યાં છે. સો વર્ષ પહેલાંનું ધબકતું લોકજીવન અદશ્ય થઈ ગયું છે ! એ દેખાય છે તો તેનું માત્ર વ્યાપારીકરણ થઈ ગયું છે. ગરબા, ડાયરાઓ અને ઘણું બધું માત્ર ટીવીના કેમેરાઓ સામે ધંધાધારી ધોરણે પ્રસ્તુત થઈ રહ્યા છે. જો ટીવીના કેમેરાઓ અને ટીવી ચેનલોનાં પ્રસારણો બંધ થઈ જાય તો લોકજીવનનો આભાસી ધબકાર અદશ્ય થઈ જાય ! અત્યારે લોકજીવન ધબકતું નથી, પાંગરતું નથી પણ ધંધાદારી રીતે ધબકારનો આભાસ કરાવી રહ્યું છે!

જયારે સઘળી કેળવણી માતૃભાષામાં અપાતી થશે ત્યારે જ ભાષાની ખીલવણી હશે.

- **માતૃભાષા એ સાંસ્કૃતિક મૂડી**

માતૃભાષા કલ્પવૃક્ષ છે તેનાથી જે માંગવામાં આવે છે તે તુરંત જ મળે છે.

આખરે માતૃભાષા એના ભાષકો દ્વારા જીવંત રહી શકે છે. આપણી માતૃભાષામાં લોકગીતો, લોકવાર્તાઓ, દુહા, છંદ, ચોપાઈ અને વિશાળ ભજન પરંપરા, લોકનાટ્ય ‘ભવાઈ’ના વેશ લોકગીતો તો સમગ્ર જીવનને વ્યાપીને રહ્યા હતા. જન્મથી મરણ શુભઅશુભ પ્રસંગો એ આપણી પરંપરાને ઉત્સવોમાં પરિવર્તિત કરી નાખતાં હતાં. ભજનો તો અનુભવી સંતો – ભક્તો - જતિસતીની આર્ષવાણી - વેદવાણીની ગરજ સારતાં હતાં. ભજન પરંપરા હજુ આંશિક રીતે સચવાઈ રહી છે, હજુ પણ અનેક કંઠે ભજનો ગવાય છે, હા, પોતે જ્ઞાની ન હોવા છતાં વેશધારીને જોડકણાં જેવા ભજનો આભાસી ભજનો છે.

એ સમયની નરવાઈ ગરવાઈ આજે હવે નથી. આજે લોકજીવન માતૃભાપાને છોડીને ધંધા ભાષાનું સ્વરૂપ ધારણ કરી બેઠું છે.

માતૃભાષા ગુમાવવાને કારણે આપણે ઓળખ ગુમાવી, અસ્મિતા ગુમાવી, અનેક પાસાવાળું સમૃદ્ધ લોકજીવન ગુમાવ્યું, અર્થાત સંસ્કૃતિ ગુમાવી તો સંસ્કારોની આશા ક્યાંથી રાખવી?

જો માતૃભાષા બચશે તો જ આપણે બચીશું.

# તમારે હીરો બનવું છે ?

ડો. ઈશ્વરભાઈ વાઘેલા
(નિવૃત્ત એસોસિયેટ પ્રોફેસર)
૧૦, વૃંદાવન બંગ્લોઝ, વારાનગરી રોડ,
પ્રિયાનગરીની પાસે, વલ્લભ વિદ્યાનગર,
તા.જિ. આણંદ. પીન : ૩૮૮૧૦૦

'હીરો' એટલે કીમતીમાં કીમતી પદાર્થ. હીરા માટે લોકો તલપાપડ હોય છે. દુનિયાના મોટાભાગના વ્યક્તિઓ જીવનમાં હીરો મેળવવા મથ્યા કરતા હોય છે. હીરાની કિંમત લાખો-કરોડો રૂપિયામાં થાય છે. આપણને પણ હીરા જેવા થવાની ઈચ્છા થાય. પણ હીરા જેવા થવા શું કરવું પડે ? તેનો વિચાર માત્ર ન કર્યો હોય તો હીરો બની શકાય ખરું ? તમારે હીરો બનવું છે ? તો હવે વાંચો.

એક વખતે એક નાનકડો છોકરો તેના ગુરુ પાસે ચળકતો પથ્થર લઈને ગયો. ગુરુને પથ્થર બતાવી કહેવા લાગ્યો, 'ગુરુજી, મારે આ પથ્થર જેવા ચળકતા થવું છે !' ગુરુએ કહ્યું, 'ચળકતા થવા માટે શું કરવું પડે, તેની ખબર છે ખરી ?' છોકરાએ કહ્યું, 'ગુરુજી, તેની ખબર નથી તેથી તો તમારી પાસે આવ્યો છું. મને માર્ગ બતાવો. મારા માર્ગદર્શક બનો. મને તે માર્ગે દોરી જાવ.' ગુરુએ છોકરાની તત્પરતા જોઈ, તેના હાથમાં રહેલો પથ્થર માગ્યો. છોકરાએ તે પથ્થર આપ્યો. ગુરુએ કહ્યું, 'આ તો કીમતી પથ્થર છે. હીરો છે. તારે હીરો બનવું છે. તો સાંભળ, તે કામ કોઈ ઢીલાપોચાનું નથી. કારણ હીરો બનવા માટે ઘણી તપસ્યા કરવી પડે. ઘણી મહેનત કરવી પડે. આ પથ્થર તારા હાથમાં છે, તે પથ્થર હજારો વર્ષો સુધી પૃથ્વીના પેટાળમાં દબાણ સહન કરતો રહ્યો હતો. દબાણ એટલે ઘસાઈને ધૂળ થઈ જવાય તેવું દબાણ. આવા દબામમાં એક-બે દિવસ નહીં હજારો વર્ષ સુધી તે ભીંસાતો-પિસાતો રહ્યો હતો. આ ગાળા દરમિયાન તેણે ઊંચામાં ઊંચી ડિગ્રીની ગરમીમાં શેકાતાં રહેવું પડ્યું હતું. આમ 'હીરો' ઘણા દબાણને કારણે એટલો નક્કર બની ગયો હતો કે લોખંડ પણ તેને કાપી ન શકે. વળી ગરમીને કારણે તે મેલરહિત-શુદ્ધ ચમકતો બન્યો હતો. આ ઉપરાંત તેને ખાણમાંથી કાઢવામાં આવ્યો ત્યારે તે સામાન્ય પથ્થર જેવો જ લાગતો હતો. કદાચ તે સમયે તે સામાન્ય માણસના હાથમાં ગયો હોત તો તે માણસે સામાન્ય સમજીને ફેંકી દીધો હોત. પણ ઝવેરી પાસે જવાનું તેને મળ્યું. ઝવેરીએ તેને પારખ્યો. તેની ઉપર પાસા પાડ્યા. ત્રણ, નવ, બાર, સોળ એવા ઘણા પાસા પાડવામાં આવે. આ કાળ દરમિયાન તેને ટાંકણાના ઘા સહન કરવા પડે. ટાંકણાના ઘા સહન કરી તેણે તેના પર પહેલ પાડવા માટે પણ ઘસરકા સહન કરવા પડ્યા ત્યારે તે ચળકતો-આકર્ષક બન્યો. તારામાં પણ દબાણ સહન કરવાની, ગરમી સહન કરવાની, ટાંકણાના ઘા સહન કરવાની શક્તિ છે ખરી ? જો તારામાં આ હોય તો જ તું હીરો બની શકે.'

આ વાતનો સાર સાંભળી છોકરો વિચારમાં પડી ગયો. ગુરુએ થોડી વાર પછી તેને ઢંઢોળ્યો. તે સફાળો બોલી ઊઠ્યો, 'ગુરુજી, હીરો તો ઊંડા પેટાળમાં હતો તેથી તેને દબાણ સહન કરવું પડ્યું. જ્યારે હું તો પૃથ્વી પર છું. મારે કયા દબાણો સહન કરવા પડે.' ગુરુએ કહ્યું, 'ભાઈ, પૃથ્વી ઉપરનાં દબાણો તો ભયંકરમાં ભયંકર છે. જેમાં આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, વૈયક્તિક, કૌટુંબિક વગેરે જેવા દબાણો છે. આ દબાણોમાં તમે ઝૂકી ગયા તો હીરો બની રહ્યા ! આ દબાણોની વચ્ચે તારા વ્યક્તિત્વને તિરાડ ન પડે

તેની કાળજી રાખી હીરાની જેમ નક્કરતા કેળવવી પડે. તને ખ્યાલ જ હશે કે રાણાપ્રતાપ કારમી ગરીબાઈ અને રાજકીય દબાણમાં પણ અડગતા કેળવી, ઘાસનો રોટલો ખાઈ, મોગલ બાદશાહ અકબરનો વિરોધ કરેલો. જેમાં બાબાસાહેબ આંબેડકર, લાલબહાદુર શાસ્ત્રી, સરદાર પટેલ, ગાંધીજી જેવા અનેકના નામ ગણાવી શકાય.'

છોકરો ગુરુની વાત સાંભળતા સાંભળતા વચ્ચે પ્રશ્ન કર્યો કે, 'ગુરુજી, તમારી વાત તો સાચી પણ આ દબાણ ઉપરાંત ગરમીની જે વાત છે તે સમજાતી નથી.' ગુરુ કહે, 'પૃથ્વી પર સૂર્યની ગરમી પડે છે. તે ગરમીમાં કોઈ વ્યક્તિને બે-ચાર કલાક ઊભો રાખવામાં આવે તો શું થાય ?' છોકરો કહે, 'ગુરુજી, તે વ્યક્તિના શરીરે બળતરા થાય. હમણાં શરીર સળગી ઊઠશે તેમ થયા કરે.' ગુરુ કરે, 'કેરીની મધુરતા પાછળ ગરમી જવાબદાર છે. કેરી ઉનાળાની સખત ગરમી, ઊના ઊના લૂના વાયરા, બળબળ કરતી લૂમાં શેકાતી રહે, ત્રાહિ ત્રાહિ પુકારતી રહે, ત્યારે તે મીઠી થાય છે. તેવી જ રીતે વ્યક્તિઓએ પણ આ પૃથ્વી પર રહી દુઃખોરૂપી ગરમી સહન કરવી પડે છે. બધું પૃથ્વી પર છે ખરું. પણ તૈયાર મળી જતું નથી. હીરો બનનારે ચળકાટ મેળવવા સખત પરિશ્રમ કરવો પડે છે. અનેક સમસ્યાઓ સુલઝાવી પડે છે. અનેક પ્રકારનાં સમાધાનો કરવા પડે છે. અનુકૂલનો સાધવા પડે છે. આ બધી બાબતો ગરમીમાં આવે છે. આ બધા પ્રકારની ગરમી સહન કરે તે જ હીરો બને. ઉષ્ણતામાં શેકાયા વિના જીવન તેજસ્વી બનતું નથી. જેમ બલ્બમાં થોડા વોલ્ટેજ વધતાં તેનું ફિલામેન્ટ ઊડી જાય તો તે હીરોને બદલે ઝીરો બની જાય છે. જે વ્યક્તિ ગમે તેટલાં વોલ્ટેજમાં પણ પોતાના ફિલામેન્ટને આંચ આવવા ન દે તે જ હીરો બની શકે છે.' છોકરો ગુરુની વાત સાંભળી બૂમ પાડી ઊઠ્યો. 'હીરો બનવું સહેલું નથી. કસોકસની લડાઈ ખેલવી પડશે. ગુરુજી, ગમે તેટલા દબાણો આવે, ગમે તેટલી ગરમી સહન કરવી પટે, ટાંકણાનો માર સહન કરવો પડે છતાં હું હીરો બનીશ જ.'

તમારે હીરો બનવું છે. તો છોકરાની જેમ પ્રતિજ્ઞા લઈ, મંડી પડો, દબાણો, ગરમી, ટાંકણાનો માર સહન કરતાં પાછા ન પડો તો જરૂર તમે પણ હીરો બની શકશો.

---

## પેન અને બ્રેનને સીધો સંબંધ છે

પરિણામે પરીક્ષા પહેલા જે વિદ્યાર્થીઓ લખીને તૈયારી કરે છે તેઓ સારા અને ઉચ્ચ માર્કસ સાથે પાસ થાય છે અને ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થાય છે.

લખવાથી ફાયદો એ થાય છે કે માણસ જ્યારે લખે છે ત્યારે વિવિધ ઈન્દ્રિઓ એકમેક સાથે સંવાદ સાધે છે, જેથી એકાગ્રતા અને સકારાત્મક વધે છે અને નકારાત્મકતાની માત્રા શૂન્ય થઈ જાય છે. માટે જ જેઓ લેખક તરીકે પ્રતિષ્ઠા ધરાવે છે તેઓ અન્ય લોકોની સરખામણીમાં લાંબું જીવન જીવન છે સાથે સાથે શાંત, નિર્મળ અને નિરોગી જીવન જીવે છે. જેઓની વય મોટી છે અને આજે કોઈપણ બીમારી કે માનસિક રોગથી પીડાતા હોય તો આવા મોટેરાઓએ પ્રેરણાદાયી, સર્જનાત્મક, સકારાત્મક અને સર્જનશીલ વાક્યો કે લખાણ નિરોગી બનવાના પ્રબળ ઈરાદાઓથી લખે તો શારીરિક કે માનસિક રીતે સ્વસ્થ થવાની શક્યતાઓ ઘણી વધી જાય છે. જ્યારે મનુષ્ય ઈરાદાપૂર્વક, આશા અને એકાગ્રતા સાથે લખે છે ત્યારે જે લખે છે તે બનવાની કે મળવાની શક્યતાઓ ઘણી જ વધી જાય છે, આ માનવ મનનો નિયમ છે. પ્રયાસ કરો અને અદ્‌ભુત પરિણામ મેળવો એવી શુભકામનાઓ.



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ** — ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય, અમદાવાદ.

## લાન્સ નાયક આલ્બર્ટ એક્કા, પરમવીર ચક્ર

**(બિહાર રેજિમેન્ટ ચૌદમી બટાલિયન - મરણોત્તર)**

**જન્મ : ૨૭ ડિસેમ્બર, ૧૯૪૨**

**મૃત્યુ : ૦૩ ડિસેમ્બર, ૧૯૭૧**

૪૪ વર્ષ... ૪૪ વર્ષથી રાહ જોયા પછી આજે ઝારખંડવાસીઓમાં ખુશીની લહેર ઊઠી હતી. કારણ કે ઝારખંડવાસીઓ માટે આજે ગૌરવશાળી ક્ષણ હતી. ના માત્ર ઝારખંડવાસીઓ માટે, પરંતુ હકીકતમાં જોઈએ તો સમગ્ર દેશવાસીઓ માટે એ આહ્લાદક ક્ષણ હતી. દિવસ હતો કે જ્યારે એક સમયના બિહારના (વર્તમાનનું ઝારખંડ) રાંચી જિલ્લાના જારી ગામના આદિવાસી પરિવારનો એક સપૂત ભારતમાતાનાં ચરણોમાં પોતાનાં રક્તનો અભિષેક કરીને ૪૪ વર્ષ પછી પોતાના વતન પાછો પહોંચી રહ્યો હતો.

ભારતમાતાનો એ લાલ એટલે ભારતીય યુદ્ધોના ઈતિહાસના પાનાઓમાં દુશ્મનોના છક્કા છોડાવનાર હુકમના એક્કા જેવા અમર શહીદ પરમવીર ચક્ર વિજેતા લાન્સ નાયક આલ્બર્ટ એક્કા. આલ્બર્ટ એક્કાની પત્ની બલમદીના એક્કાએ પ્રધાનમંત્રી કાર્યાલય પાસે પતિના અસ્થિઓની માંગ કરી. કાર્યાલયે પણ એમની માંગ ઉપર ગંભીરતાથી વિચાર કર્યો અને છેવટે ૪૪ વર્ષથી રાહ જોયા પછી શહીદ એક્કાના અસ્થિ કળશ અગરતલાથી ઝારખંડ (રાજધાની રાંચી) લાવવામાં આવ્યા.

અગરતલાથી ૧૫ કિ.મી. દૂર દૂલકીના શહીદ સ્મારક પર રહેલી આલ્બર્ટ એક્કાની સમાધિ પરથી ભૂતપૂર્વ સૈનિક કલ્યાણ સંઘ દ્વારા પ્રાપ્ત કરેલી પવિત્ર માટીને અસ્થિકળશ સ્વરૂપે ઝારખંડ મોકલવામાં આવી હતી અને આમ ૪૪ વર્ષોની લાંબી વિરહ વેદનાના અંતે પત્ની બલમદીનાનું સપનું પૂરું થયું હતું.

જ્યારે પણ શહીદોની કુરબાની યાદ આવશે ત્યારે લાન્સ નાયક એક્કાની કુરબાની તેમના નામની જેમ જ તમે પણ સૌથી પહેલા જ યાદ કરશોને ? જે યુદ્ધમાં દુનિયાની સામે એક નવા દેશનો જન્મ થયો અને જેની જંગમાં વીરતાની એક નવી ગાથા પણ સામે આવી અને જે યુદ્ધમાં એક્કાએ એકલે હાથે દુશ્મનોને લોઢાના ચણા ચવડાવ્યા એવા બિહારના રાંચી જિલ્લાના નવજવાન આલ્બર્ટ એક્કાની કથનીને જાણતાં પહેલાં આપણે ઈતિહાસમાં ડોકિયું કરવું પડશે.

૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો. પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સાથે જ દેશના ભાગલા થયા. ભારત અને પાકિસ્તાન તરીકે બે દેશો અસ્તિત્વમાં આવ્યા. આ સમયે ૫૬૨ દેશી રજવાડા હતા અને તેમને પસંદગી આપવામાં આવી કે તમે કાં તો સ્વતંત્ર થાવ, નહીં તો ભારત સાથે જોડાઈ જાવ અથવા પાકિસ્તાન સાથે જોડાઈ જાવ. ત્યારે કેટલાંક રજવાડાને છોડીને મોટા ભાગના રજવાડા ભારત સંઘમાં સામેલ થઈ ગયા. ૧૯૦૫માં જ્યારે બંગાળના ભાગલા થયા ત્યારથી જ હિન્દુ-મુસ્લિમના પણ ભાગલાની અને અંગ્રેજોની ‘ભાગલા કરો અને રાજ કરો’ની જે

કૂટનીતિ હતી તે કામ કરી ગઈ અને ત્યાંથી જ એ પાયો રોપાઈ ગયો કે કદાચ હિન્દુ અને મુસ્લિમ ક્યારેય એક ના થાય અને એની અસર ૧૯૪૭ પછી પણ રહી. ૧૯૪૭માં ભારતના બે ભાગલા થઈ જ ગયા પણ સાથે સાથે પાકિસ્તાનની વાત કરીએ તો તેનો એક હિસ્સો બન્યો 'ઈસ્ટ' પાકિસ્તાન અને બીજો હિસ્સો બન્યો 'વેસ્ટ' પાકિસ્તાન.

'વેસ્ટ' પાકિસ્તાન આજે પણ છે અને 'ઈસ્ટ' પાકિસ્તાનને આજે આપણે બાંગ્લાદેશ તરીકે ઓળખીએ છીએ. બંને ભૌગોલિક રીતે જુદા છે. 'ઈસ્ટ' પાકિસ્તાન બંગાળ પાસે છે. જ્યારે 'વેસ્ટ' પાકિસ્તાન પંજાબ પાસે છે. જ્યારે ટેક્નોલોજીનો પણ બરાબર વિકાસ નહોતો થયો ત્યારે આ બંનેનું સંચાલન કરવામાં ઘણી મુશ્કેલીઓ ઊભી થતી હતી. વળી ભાગલા પણ ધાર્મિકતાના આધારે કરવામાં આવ્યા હતા. જેમાં મુસ્લિમ વસ્તીની બહુમતી સાથે 'વેસ્ટ' અને 'ઈસ્ટ' પાકિસ્તાન બનાવ્યા. પણ 'ઈસ્ટ' પાકિસ્તાનમાં 'નોન મુસ્લિમ'ની સંખ્યા વધુ હતી. જે 'ઈસ્ટ' બેન્ગાલ અને છેવટે 'ઈસ્ટ' પાકિસ્તાન કહેવાયા. એવામાં પાકિસ્તાનના આર્મી જનરલ અયુબખાને 'વેસ્ટ' પાકિસ્તાનમાં પંજાબ, સિંધ, બલુચિસ્તાન જેવા ચાર પ્રાંતોને એક સમાનધર્મી એકમ (One homegenious unit) તરીકે સમાવી દીધા. જ્યારે 'ઈસ્ટ' પાકિસ્તાનને સંખ્યાકીય રીતે વંશીય બંગાળીના પ્રભુત્વ તરીકે 'સિંગલ યુનિટ' (Single unit)માં રાખ્યું. 'વેસ્ટ' અને 'ઈસ્ટ' પાકિસ્તાન વચ્ચે ઉદ્યોગો, શિક્ષણ, આવક, આયાત, નિકાસ, આરોગ્ય તમામના સંદર્ભમાં ભેદભાવની બહુ મોટી ખાઈ ઉત્પન્ન કરી. એટલું જ નહીં પણ 'ઈસ્ટ' પાકિસ્તાનની સાધનસંપત્તિ, ખેતીની ઊપજ, વગેરે 'વેસ્ટ' પાકિસ્તાનમાં છીનવીને લઈ જતા. એમને સારું શિક્ષણ, એમની સાથે સારો વ્યવહાર નહીં, વર્તાવ નહીં, મરવા માટે એમને છોડી દેવામાં આવ્યા અને જાણે 'સેકન્ડ સિટીઝન' હોય તેવો વર્તાવ થતો. ત્યારે શેખ મુજીબુર રહેમાન આગળ આવ્યા અને તેમણે પૂરો મામલો પોતાના હાથમાં લીધો અને એક અલગ જ દેશની માંગ ઊઠી. ત્યારબાદ ૧૯૭૧માં ઈલેકશન આવ્યા. જેમાં રાજયસભા અને વિધાનસભા કક્ષાએ શેખ મુજીબુર રહેમાનની પાર્ટી જીતી ગઈ.

આમ છતાં 'ઈસ્ટ' પાકિસ્તાને અનુભવ્યું કે 'વેસ્ટ' પાકિસ્તાની સરકારમાં તેમની રાજકીય ઓળખનું કોઈ જ મહત્ત્વ નથી; વળી આર્થિક મુશ્કેલીઓ પણ હતી. એમાં પણ શેખ મુજીબુર રહેમાનને એક દાયકા માટે જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. 'વેસ્ટ' પાકિસ્તાન વિરુદ્ધની ચળવળમાં 'ઈસ્ટ' પાકિસ્તાનમાં લગભગ આંતરવિગ્રહ જવી સ્થિતિ થઈ ગઈ હતી. જેને ડામવા માટે જનરલ ટીક્કાખાનને 'ઈસ્ટ' પાકિસ્તાનમાં બર્બરતાની તમામ હદો પાર કરવા માટે છૂટો દોર આપી દેવામાં આવ્યો. ચારેબાજુ ચોરી, લૂંટફાટ, ખૂનામરકી, બળાત્કાર, તોડફોડ, ધાંધલધમાલ કરી લોકોનું મનોબળ તોડવાના ટીક્કાખાનના ભરપૂર પ્રયાસો થયા. આવી સ્થિતિમાં ૧૦ લાખ 'ઈસ્ટ' પાકિસ્તાની નાગરિકો ભારતમાં ભાગી આવ્યા. કારણકે ભારત અને 'ઈસ્ટ' પાકિસ્તાન (આજનું બાંગ્લાદેશ) દુનિયાની પાંચમા ક્રમની લાંબામાં લાંબી સરહદોથી એકબીજા સાથે જોડાયેલ છે. તેથી જ આવું શક્ય બન્યું. આ તમામ સંજોગોમાં 'ઈસ્ટ' પાકિસ્તાનમાં આઝાદીની લડાઈ તો ચાલુ જ રહી. ભારતે તેના પાડોશી દેશ સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર બનાવવાનું યથાયોગ્ય કારણ દર્શાવી બાંગ્લાદેશને તેની સમગ્ર આઝાદીની ચળવળ દરમિયાન સક્રિય સહકાર આપ્યો. આ ઘટના બની ઈ.સ. ૧૯૭૧માં. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ છેડાયું. પરંતુ એ યુદ્ધ 'ઈસ્ટ' પાકિસ્તાનનું સ્વાતંત્ર્ય માટેનું યુદ્ધ હતું. આર્મીમાં પસંદગી પામ્યા પછી આલ્બર્ટ એક્કાને બિહાર રેજિમેન્ટમાં સામેલ કરવામાં આવ્યા હતા અને જ્યારે ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય છે ત્યારે એક્કાની લાન્સનાયક પદ પર નિમણૂંક કરવામાં આવી અને તેમની રેજિમેન્ટને ઢાકા તરફ જવાનો હુકમ મળ્યો. પરંતુ ગુપ્તચર વિભાગ તરફથી મળેલી માહિતી અનુસાર પાકિસ્તાની સૈનિકોએ છેલ્લા કેટલાય સમયથી ગંગાસાગરના કિનારે કિલ્લેબંદી કરી હતી અને

ગંગાસાગરની દક્ષિણે અખૌરા રેલવે સ્ટેશનની ચારેબાજુના ઊંચાઈ ધરાવતા વિસ્તારને ઘેરીને દુશ્મનોએ સુરંગો અને એન્ટી ટેંકો ગોઠવી દીધી હતી. ઘણી જગ્યાને કાંટાળા તારથી કોર્ડન કરી લીધી હતી અને ઘણી જગ્યાએ તો બંકરો બનાવીને પોતાની ચોકીઓ પણ બનાવી દીધી હતી.

ગંગાસાગર...

હિન્દુઓમાં કહેવત પ્રખ્યાત છે કે, સારે તિરથ બારબાર, ગંગાસાગર એકબાર. એનાથી એ સાબિત થાય છે કે ગંગાસાગરનું મહત્ત્વ તમામ તીર્થસ્થાનોમાં સૌથી વધુ છે. ગંગાસાગર અથવા ગંગા સંગમ એ બિંદુ છે જ્યાં પાવન સાગરને મળે છે. હિન્દુ દંતકથા પ્રમાણે દેવતાઓના રાજા ઈન્દ્રદેવે એકવાર મહારાજ સગર દ્વારા છોડવામાં આવેલા અશ્વમેધ ઘોડાને કપિલમુનિના આશ્રમ પાસે સંતાડી દીધો. રાજો એના ૬૦,૦૦૦ પુત્રોને ઘોડાની શોધ માટે મોકલ્યા જે કપિલમુનિના આશ્રમ પાસેથી મળ્યો. આથી તેમણે કપિલમુનિને ઘોડાની ચોરી માટે જવાબદાર ઠરાવ્યા. આથી મુનિને ગુસ્સો આવી ગયો અને તેમણે રાજાના સંતાનોને શ્રાપ આપી ભસ્મ કરી દીધા. ત્યારબાદ તેઓ એ વાત પર રાજી થયા કે રાજાના કોઈ વંશજ પાવન ગંગાને અહીં સુધી લઈ આવે તો રાજકુમારોને મોક્ષ પ્રાપ્ત થાય. ઘણી પેઢીઓ પછી આ વંશના રાજા ભગીરથે પોતાના તપોબળથી ગંગાથી એ આશ્વાસન પ્રાપ્ત કર્યું કે તે સાગરદ્વિપ પર જશે. પરંતુ તે જ્યારે સ્વર્ગલોકથી પૃથ્વીલોક ઉપર અવતરે તો એની વેગવંતી ધારાને નિયંત્રિત કરવા માટે કોઈ ત્યાં ઉપસ્થિત હોય. ભગવાન શિવે હિમાલયમાં ગંગાને પોતાની જટામાં ઝીલી લીધી. ભગીરથ જ્યારે ગંગાને બંગાળનો રસ્તો બતાવી રહ્યો હતો ત્યારે તે સમયે ગંગા જાહનુમુનિના આશ્રમ પરથી વહી રહી હતી. ગંગાનું ધરતી પર અવતરણ કરાવવા માટે ભગવાનની પ્રાર્થનાથી જાહનુમુનિએ ગંગાનું પાણી પી લીધું અને પોતાના કાનોથી બહાર કાઢીને તેને પૃથ્વી પર અવતરણ કરાવ્યું. (આથી ગંગા જાહનુમુનિની પુત્રી તરીકે જાહ્નવી પણ કહેવાય છે.) અહીં ગંગા નદી અને (બંગાળના ઉપર) સાગરનો સંગમ થાય છે. આથી તેને ગંગાસાગર તરીકે ઓળખવામાં આવે છે.

ચારેબાજુ આટલું આધ્યાત્મિક મહત્ત્વ ધરાવતું ગંગાસાગરનું પવિત્ર વાતાવરણ અને એ દુશ્મનોના સળવળાટથી ખરડાઈ રહ્યું હોય અને બીજી બાજુ પાકિસ્તાન માટે ગંગાસાગર પર કબજો કરી બેઠેલા પોતાના સૈનિકોને દારૂ-ગોળો, શસ્ત્રસરંજામ, ખોરાક-પાણી વગેરે પૂરા પાડવા માટે મહત્ત્વનું હોય ત્યારે ગંગાસાગર પર કબજો મેળવવાનું એટલું જ મહત્ત્વનું બની જાય છે તે સ્વાભાવિક છે. આથી જ આલ્બર્ટની કંપની ૧૪ બટાલિયન બિહાર રેજિમેન્ટને ત્રિપુરામાં અગરતલાથી ૬.૫ કિ.મી. દૂર ગંગાસાગર ઘેરીને દુશ્મનના ખતરનાક મોરચા પર કબજો કરવાનો આદેશ અપાયો. અને આ સાથે જ એક્કાની લાન્સનાયક પદ પર નિમણૂંક કરી દેવામાં આવી. જેના પરથી એમની કાબેલિયતનો અંદાજ પણ આવી શકે છે. ૧૪ ગાર્ડસના જવાનો તો રાહ જોઈને જ બેઠાં હતાં. હુકમ મળતાં જ કંપની હાથમાં હથિયારો અને દિલમાં દુશ્મનોને ખતમ કરવાનો જુસ્સો લઈને પૂરા વિસ્તારનો કબજો કરવા ખભેથી ખભા મિલાવીને અને કદમથી કદમ મિલાવીને નીકળી પડી. એક પછી એક ગામડાંઓ ખૂંદતા તથા અનેક અવરોધો પસાર કરતા કંપનીના જવાનો અખૌરા રેલવે સ્ટેશન પાસે આવી પહોંચ્યાં.

૧૪ ગાર્ડસના જવાનો ઘણી સિફતપૂર્વક કામ કરી રહ્યા હતા. ગુપ્તચર વિભાગ તરફથી મળેલી માહિતી અનુસાર જવાનો દૂરથી જ પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યા હતા અને તે અનુસાર ગંગાસાગરમાં દુશ્મનોની માત્ર એક જ કંપનીને બદલે ઘણાં દુશ્મનોનું ઉપસ્થિત હોવું, જમીનમાં સુરંગો બિછાવવાની શક્યતા, બંકરો બનાવવા અને કોઈ એક સ્થળ નહીં પરંતુ સમગ્ર ગંગાસાગરને દુશ્મનોએ ઘેરી લીધો હોય તેવી પરિસ્થિતિ જણાઈ. આવી વિકટ પરિસ્થિતિમાં પણ જવાનોએ સમૂહમાં આદેશ માટે તાલાવેલી બતાવી. પણ જ્યારે અધિકારીએ જમીનમાં બિછાવેલી સુરંગો પ્રત્યે ભય વ્યક્ત કર્યો ત્યારે લાન્સનાયક એક્કાએ જુસ્સાથી કહ્યું, ‘હુકમ આપો સર ! ત્યાં સુરંગો


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

બિછાવેલી હોય તો પણ શું ? શહીદી વહોરીશું પણ સાથે પંચ પચ્ચીસને તો લેતા જ જઈશું.'

અધિકારીનો આદેશ મળતાં જ સિંહ સમા આપણા જવાનોએ રેલવે સ્ટેશન પાસેના પાકિસ્તાની બંકર પર હુમલો કરી દીધો. અચાનક થયેલા હુમલાથી દુશ્મનો ચોંકી ગયા. પણ બીજી જ ક્ષણે એમણે પણ વળતો પ્રહાર શરૂ કરી દીધો. બંને દેશોના સૈનિકો વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું. રેલવેના કાળા પાટાઓ દુશ્મનોના લાલ રંગથી રંગાઈ રહ્યા હતા. વાતાવરણ ગોળીઓની ધણધણાટીથી ગૂંજી ઊઠ્યું હતું. આખાયે ગંગાસાગરની હવામાં ધુમાડાના ગોટેગોટા ઘૂમરાઈ રહ્યા હતા. ભારતીય સૈનિકો મરણિયા થઈને લડી રહ્યા હતા. તો પાકિસ્તાનીઓ પણ બરાબર ઝઝૂમી રહ્યા હતા. ભારતીય સૈનિકો પાકિસ્તાની સેનાને પાછળ હટાવતા હટાવતા ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા. પણ તેમ તેમ પરિસ્થિતિ વધારે ને વધારે કપરી થતી જતી હતી. જમીનમાં બિછાવેલી સુરંગો અને હુમલાને કારણે કેટલાય ભારતીય સૈનિકો ભયંકર રીતે ઘાયલ થયા હતા. છતાં પણ તમામ સૈનિકો 'ભારત માતા કી જય'ના બુલંદ નારા સાથે આગળ વધી રહ્યા હતા અને એમાં સૌથી આગળ હતા, લાન્સનાયક આલ્બર્ટ એક્કા. તેઓ દુશ્મનોનો ઝનૂનપૂર્વક સામનો કરી રહ્યા હતા એ તમામ જવાનો એમની પાછળ આગળ વધી રહ્યા હતા.

કાંટાળી વાડથી ઢાંકેલી સિમેન્ટ કોંક્રિટની એક ઓરડીમાં લપાઈને બેઠેલા દુશ્મનોનો ખાતમો બોલાવવા એક્કાએ ઓરડી પર બોંબથી હુમલો કરવાનું સાથી જવાનોને કહ્યું. પરંતુ બીજી બાજુ છુપાઈને દૂર બેઠેલો એક દુશ્મન ક્યારનોય ભારતીય સેના પર મશીનગનથી ગોળીઓ છોડીને તેમને આગળ વધતા અટકાવી રહ્યો હતો. આલ્બર્ટ થોડીવાર ચૂપ રહ્યા. પછી એમણે ભારતની માટી માથે ચડાવી અને બોલ્યા, 'જવાનો ! આ મશીનગનને હું બંધ કરાવું છું. તમે ચિંતા ના કરો અને હવે બોંબ ફેંકવાની પણ કંઈ જરૂર નથી. આ લોકો માટે તો મારી સંગીન જ કાફી છે.'

બોલીને આલ્બર્ટે કોઈનો એક પણ શબ્દ સાંભળ્યા વગર ચિત્તાની જેમ દુશ્મનના બંકર પર તરાપ મારી. દુશ્મનને ખ્યાલ પણ નહોતો કે ભારતમાતાનો કોઈ બહાદૂર સપૂત આ રીતે પણ હુમલો કરશે. આશ્ચર્યથી થોથવાઈ ગયેલો દુશ્મન હજુ કંઈ વિચારે એ પહેલાં આલ્બર્ટે એના હાથમાં રહેલી બંદૂકની સંગીન એના પેટમાં ખોસી દીધી. તરત જ બીજો સૈનિક આવ્યો આલ્બર્ટે એના પણ એજ હાલ કર્યાં. બંને સૈનિકો તરત જ ત્યાં ઢળી પડ્યાં. મશીનગન ચલાવનારા દુશ્મનનું ધ્યાન આલ્બર્ટ તરફ ગયું. એણે મશીનગનનું નાળચું આલ્બર્ટ તરફ ફેરવ્યું. પણ એ મશીનગનમાંથી ગોળીઓ છોડે એ પહેલાં જ આલ્બર્ટ એના પર કૂધ્યા અને એને પૂરો કરીને મશીનગન પર કબજો જમાવી દીધો.

એક્કાનો આ જુસ્સો અને તાંડવ જોઈને ૧૪ ગાર્ડસના બીજા જવાનો છક્ક થઈ ગયા અને 'ભારત માતા કી જય'ના ગગનભેદી નારા સાથે દુશ્મનો પર તૂટી પડ્યા. એક્કા એટલે બેજોડ. એક્કા એટલે એવો યોદ્ધો જે યુદ્ધમાં એકલો લડતો હોય, એ વીર કે જે એકલો જ કેટલાય વિરોધીઓ સાથે લડતો હોય તે એક્કા. આજે જવાનો પણ સમજી ગયા હતા કે એમનો આલ્બર્ટ માત્ર અટકથી જ નહીં પરંતુ યુદ્ધમાં અને બહાદૂરીમાં પણ એક્કો હતો.

એક મશીનગન બંધ થઈ હતી ત્યાં જ દુશ્મને બીજા ખૂણેથી બીજી મશીનગનમાંથી ગોળીઓ છોડવાની શરૂ કરી દીધી. બંને સૈન્યો વચ્ચે ભયાનક યુદ્ધ ચાલુ થઈ ગયું. દુશ્મનો તો મરી રહ્યા હતા પણ આ તરફ કેટલાય ભારતીય સૂપૂતોએ ભારતમાતાનાં ચરણોમાં પોતાના જીવનનું બલિદાન આપી દીધું હતું.

લડાઈ હજુ ચાલુ જ હતી. આલ્બર્ટ હજુ મરણિયા બનીને લડી રહ્યા હતા. એક પછી એક દુશ્મનોના ઢીમ ઢાળતા એ અચાનક એક દીવાલ પર ચઢી ગયા અને હાથમાં રહેલા હેન્ડગ્રેનેડનો દુશ્મનો પર ઘા કર્યો. દુશ્મનોમાં અફરાતફરી મચી ગઈ. એ સમયનો લાભ લઈને આલ્બર્ટ મશીનગન ચલાવી રહેલ દુશ્મન પર ત્રાટક્યા અને સંગીનથી એને ખતમ કરી નાખ્યો. પણ

હજુ પાકિસ્તાની બંકરોમાં રહેલી મનીશગનમાંથી સતત ફાયરિંગ ચાલુ જ હતું. ત્યારે એક્કા ઉઠ્યા અને દુશ્મનોની ગોળીઓની પરવાહ કર્યા વિના બંકરમાં ઘૂસી ગયા. બંકરમાં દુશ્મનના બે સિપાહીઓને એક્કાએ સંગીનથી મોતને ઘાટ ઉતારી દીધાં. ભારે ગોળીબારથી એક્કા ઘાયલ થઈ ગયા હતા. પણ તે જાંબાઝ બંકરથી બંકર પાર કરતાં કરતાં આગળ વધતા રહ્યા. દુશ્મનોને મોતને ઘાટ ઉતારતા રહ્યા. ત્યાં બે માળના એક મકાનના બીજા માળેથી જાળીમાંથી સતત ફાયરિંગ થતું હતું. ત્યાં આલ્બર્ટ સરકીને ચોરીછૂપીથી પહોંચી ગયા. જ્યાં પાકિસ્તાની સૈનિકો તૈનાત હતા અને તેઓ સતત ફાયરિંગ કરી રહ્યા હતા. એક્કાએ પહેલા ગ્રેનાઈડથી હુમલો કર્યો અને તેનાથી દુશ્મનના એક સિપાહીનું મોત થઈ ગયું અને એક ઘાયલ થઈ ગયો. ગોળીબાર બંધ ના થયો તો એક્કાએ દીવાલ પાર કરી અંદર પહોંચી ગયા અને ત્યાં મૌજૂદ સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધા. આનાથી મશીનગન તો બંધ થઈ ગઈ. બીજા ભારતીય સૈનિકોને મશીનગનથી થતાં નુકસાનથી પણ બચાવી લીધા. પણ ત્યાં સુધી એક્કા બહુ ખરાબ રીતે ઘાયલ થઈ ગયા હતા. એમના જખમ એટલા ઘેરા હતા કે એમની છાતી અને પેટમાંથી રક્ત ટપકતું હતું. તે ત્યાં જ ફસડાઈ પડ્યા અને રણભૂમિમાં જ શહીદીની ચાદર ઓઢી લીધી. પોતાના જાનની પણ પરવાહ કર્યા વિના દેશની રક્ષા કરતાં પોતાના પ્રાણોની આહુતિ આપીને શહીદોના લિસ્ટમાં તેમણે પોતાનું નામ સુવર્ણ અક્ષરોથી લખાવી દીધું. સાચે જ જેને દેશની માટીથી પ્રેમ હોય અને દેશની માટી તેને લલકારે ત્યારે જ શહીદ થવાય છે.

થોડી જ વારમાં બધું શાંત થઈ ગયું. એ વિસ્તારના મોટાભાગના દુશ્મનોનો આલ્બર્ટે ખાત્મો બોલાવી દીધો હતો. અનેક ભારતીય સૈનિકો શહીદ થયા હતા. જો કે સામે પક્ષે થયેલી ખુવારી દસગણી વધુ હતી. હવે રસ્તો સાફ હોવાથી ભારતીય સેના માટે આગળ વધવાની અનુકૂળતા થઈ ગઈ હતી. સૈનિકો ખુશ હતા. કારણકે અખૌરા અને ગંગાસાગર પર ભારતનો કબજો થઈ ગયો હતો. બિહાર રેજિમેન્ટ ચૌદમી બટાલિયનનો ટાર્ગેટ પૂરો થઈ ગયો હતો. આ યુદ્ધમાં લગભગ ૯૦,૦૦૦થી ૯૩,૦૦૦ પાકિસ્તાની લડવૈયાઓને ભારતીય સૈનિકો દ્વારા કેદી બનાવવામાં આવ્યા હતા અને ૭૫ લાખ બાંગ્લાદેશવાસીઓને આઝાદ કરવામાં આવ્યા હતા.

ભારત પાકિસ્તાન સામે આ યુદ્ધ જીતી ગયું અને તેના પરિણામ સ્વરૂપે પૃથ્વીના નકશા ઉપર બાંગ્લાદેશનો જન્મ થયો. પાકિસ્તાને તેનો અડધો દેશ ગુમાવ્યો. ઈતિહાસમાં બીજા વિશ્વયુદ્ધ પછીની આજ સુધીની આ સૌથી મોટી શરણાગતિ છે, એટલું જ નહીં પણ માત્ર ૧૩ જ દિવસ ચાલેલું સૌથી ટૂંકાગાળાનું આ યુદ્ધ છે અને કદાચ પહેલી જ વાર એવું બન્યું હતું કે ભારતીય ત્રણેય પાંખોએ એક થઈને આ યુદ્ધ લડ્યું હતું. આ ભારતીય લશ્કરી કામગીરીમાં 'ઓપરેશન કેક્ટસ લીલી'માં ભારતીય વાયુસેનાએ પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

બંગ્લાદેશની ઉત્તરમાં બોગુરા વિસ્તારમાં ખેલાયેલી આ 'Battle of Hilli' માં ભારતીય સૈનિકોએ અસાધારણ શૌર્યનો પરિચય કરાવતાં અત્યંત કઠિન લક્ષ્યને સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યું હતું. છતાં પણ એક ઘેરી ઉદાસી તેમને ઘેરી વળી હતી. કારણકે એમની ટુકડીનો હુકમનો એક્કો આલ્બર્ટ એક્કા હવે નહોતો રહ્યો.

આલ્બર્ટ એક્કા... એક્કા એટલે નંબર ૧. બધાં જ ક્ષેત્રમાં પ્રથમ ચાલતી ગાડીએ ઉડતા પંખીનું પણ નિશાન તાકવામાં અવ્વલ, તેજ રમતવીર, જુદી જુદી રમતોમાં ઉત્તમ, વિવિધ ત્રાસવાદ સામેના ઓપરેશનમાં પણ આગળ. જે એના નિર્ભિક સૈનિકો માટે અને જુદા જુદા પ્રકારના સાહસકાર્ય અને પરાક્રમ માટે જાણીતી છે એવી ૧૪મી બટાલિયન બ્રિગેડ ઓફ ધ ગાર્ડસનો આ નિર્ભિક યોદ્ધો એક્કા એના બટાલિયનના પ્રતીક 'Bridge of Garuda' (I am the Son of Garuda) બટાલિયનનો પ્રથમ પરમવીર ચક્ર વિજેતા બન્યો. ગંગાસાગરમાં એક્કાએ દર્શાવેલી ઊંચા સ્તરની વીરતા અને બલિદાન, એકલા

હાથે પાકિસ્તાનની LMG (Light Machine Guns) અને MMG (Mediun Machine Guns) મશીનગનનો ખતરાભર્યા ઓપરેશનમાં તેમણે દાખવેલું સાહસ અને ઉત્કૃષ્ટ રણનીતિ તથા બહાદૂરીભર્યા કામને પોંખતા ભારત સરકારે એમને ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન મરણોત્તર પરમવીર ચક્રથી સન્માનિત કર્યા.

એક્કાએ પોતાની અટકની જેમ જ ૧૪મી બટાલિયન બ્રિગેડ ઓફ ધ ગાર્ડસનું જે સૂત્ર છે, 'પહેલાં હંમેશાં પહેલાં' (First Always First) એ સિદ્ધ કરી બતાવ્યું. જો અંકગણિતના પરિપ્રેક્ષ્યથી જોઈએ તો નંબર ૧ એટલે જીવનમાં સામર્થ્ય, શક્તિ, હિંમત અને બહાદૂરી. આલ્બર્ટ એક્કા (નંબર ૧) પણ તેમની અટક પ્રમાણે જ આ સર્વ ગુણોના ધની રહ્યા. જો આધ્યાત્મિક રીતે જોઈએ તો નંબર ૧ એટલે એક એકમ; એટલે એક યુનિટ; એટલે બ્રહ્માંડ.

ભારતીય સેનાના ઈતિહાસમાં આલ્બર્ટ એક્કા એ પ્રેરણાનું પ્રતીક છે, સ્વ-નેતૃત્વ અને સહજજ્ઞાનનું પ્રતીક છે. એકતાનું પ્રતીક છે. જેણે ૧૯૭૧ના આ સ્વાતંત્ર્ય યુદ્ધમાં આગ બનીને પથ્થર પીગળાવ્યા, વાદળ બનીને પર્વત પર પથરાયા. તેમનું યેનકેન પ્રકારે સન્માન ના થાય તો જ નવાઈ ! ઈ.સ. ૨૦00માં પચ્ચાસમા પ્રજાસત્તાક દિને ભારતીય સરકારે તેમના સન્માનમાં અને યાદમાં એક ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ઝારખંડનો આ પુત્ર ફિરાયાલાલ સ્ટોરના ખૂબ જ પ્રખ્યાત અને મહત્ત્વના ચાર રસ્તા પર એક્કા ચોકથી નામાભિધાન પાયા તથા તેમની પૂરા કદની મૂર્તિની પણ સ્થાપના કરવામાં આવી. ઝારખંડમાં ગુમલા જિલ્લામાં પણ તેમના નામથી બ્લૉક બનાવવામાં આવ્યો છે. ત્રિપુરાની રાજધાની શહેર અગરતલામાં દુકલી બજારમાં યુદ્ધ દરમિયાન શહીદ થયેલા એક્કા અને અન્ય સૈનિકોના સન્માનમાં પણ એક મ્યુનિસિપલ કોર્પોરેશન અને ત્રિપુરા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના સંયુક્ત પ્રયાસથી અગરતલામાં એક પાર્કને અમર શહીદ એક્કાના નામથી આભૂષિત કરવામાં આવ્યો હતો. ત્રિપુરાના લોકો દર વર્ષે એક્કાની પુણ્યતિથિ પર તેમને શ્રદ્ધાંજલિ અર્પે છે. ૧૯૭૧ના બાંગ્લાદેશના આ સ્વાતંત્ર્ય યુદ્ધમાં એક્કાએ દર્શાવેલ અસાધારણ સહયોગ અને બલિદાનને કારણે બાંગ્લાદેશવાસીઓએ એક વિદેશી તરીકે તેમને 'મુક્તિના મિત્ર' (Friend of Liberation)નું બિરુદ અર્પણ કર્યું. ભારતીય સેનાના ઈતિહાસમાં બબ્બે દેશોમાંથી સન્માન પ્રાપ્ત કર્યું હોય એવા વીરોમાં આલ્બર્ટ એક્કા એકલા જ છે. આજે પણ આદિવાસી વિસ્તારોના કેટલા પરિવારમાં પોતાના બાળકનું નામ ખૂબ જ ગર્વથી આલ્બર્ટ રાખે છે. જે આ વીર સપૂત અને યોદ્ધા પ્રતિ તેમનો પ્રેમ અને સન્માન દર્શાવે છે. ૩ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ આલ્બર્ટ એક્કાની પુણ્યતિથિ પર માટી ભરેલો કળશ તેમના પરિવારજનોને સોંપવા માટે જ્યારે રાંચીથી ગુમલા લઈ જવા જે વાહનનો ઉપયોગ કરાયો હતો તેની ઉપર જુદી જુદી જગ્યાઓએ લોકોએ તેનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું. જે પ્રજાનો તેમના પ્રત્યેનો પ્રેમ જ દર્શાવે છે. એમને મળેલા પ્રશસ્તિ પત્રમાં ભારત-પાક યુદ્ધની એમની વીરગાથા લખી છે.

'સૂની પડી કબર પે દિયા જલા કે જાના,
ખુશીઓ પર અપની હમ પર ઝંડા લહરા કે જાના;
બહતે હુએ રુધિરમેં દામન ભીગોકે જાના,
દિન ખૂન કે હમારે યારો ન ભૂલ જાના.'

આ પંક્તિઓ ત્રીજી ડિસેમ્બર ૧૯૭૧ની સાલમાં માત્ર ૨૯ વર્ષની ઉંમરે શહીદ થયેલા આલ્બર્ટ એક્કા માટે કોઈ નકારી ન શકે.

અમર શહીદ આલ્બર્ટ એક્કા... ભારતીય સેનામાં આપનું યોગદાન અતુલ્ય છે. તેને કોઈ ભૂલાવી શકે તેમ નથી. (બિહારના રાંચી જિલ્લામાં જારી ગામના સુંદર વિસ્તારના પહાડો અને જંગલોની વચ્ચે દૂર દૂર સુધી તમારી વીરતાની ગાથા યુગો સુધી ત્યાંની હવામાં ગૂંજ્યા કરશે અને દેશવાસીઓને હંમેશાં પ્રેરિત કરતી રહેશે.

દેશને જાગ્રત કરીને જે પોતે સૂઈ ગયા એવા અમર શહીદ આલ્બર્ટ એક્કા તથા ૧૯૭૧ના તમામ યુદ્ધવીરોને સમગ્ર ભારતવાસી નતમસ્તક થઈ પ્રણામ કરે છે.

જય હિન્દ...

# પેન અને બ્રેનને સીધો સંબંધ છે

**ડો. ભાણજી એચ. સોમૈયા**
**નૂતન પ્રેરણા ફાઉન્ડેશન,**
**૨૦ ગણેશનગર, ગાંધીધામ-કચ્છ.**
**મો. ૯૬૬૪૯૧૦૮૦૧**

આજનો સમય એ સોશિયલ મીડિયા અને ડિઝિટલ યુગનો સમય છે. દિવસે ને દિવસે નિયમિત વાંચનારા લોકોની સંખ્યામાં ઘટાડો થતો જાય છે તેમજ પુસ્તકાલયની સંખ્યાઓમાં ઓછો વધારો થઈ રહ્યો છે. ત્યારે અતિ અલ્પ સમયમાં વધુ લોકપ્રિયતા હાંસલ કરનારા ગુજરાતી દૈનિકપત્ર 'દિવ્ય ભાસ્કર'માં તારીખ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૩ પેજ નંબર ૮ પર લખાણ પ્રસિદ્ધ થયું છે, તે અત્યારે અતિ પ્રાસંગિક અને પ્રેરણાદાયી હોય તેથી અત્રે નોંધવાનો પ્રયાસ કરું છું.

'દિવ્ય ભાસ્કર'માં જે લખાણ પ્રસિદ્ધ થયું છે, તે શબ્દો કંઈક આ મુજબના છે, 'જ્યારે છપાયેલું વાત કરે છે તો તમારા મગજમાં પણ છપાઈ જાય છે. આ છે પ્રિન્ટની તાકાત. ન્યૂરો સાયન્સ રિસર્ચના અનુસાર, છપાયેલું ન માત્ર ૭૦% વધારે યાદ આવે છે, પરંતુ ડિઝિટલ મીડિયાની મુકાબલે પ્રિન્ટ સમજવામાં અને યાદ રાખવામાં ૨૧% વધારે સરળ છે. એટલે જ છુપાયેલું કન્ટેન્ટ તમારા મગજ સાથે વધુ સશક્ત રીતે અને વધુ પ્રભાવ સાથે જોડે છે. તો પછી અખબાર વાંચતા રહો! ('દિવ્ય ભાસ્કર' INS THE INDIAN NEWSPAPER SOCIETT ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૩, કચ્છ આવૃત્તિ)

'દિવ્ય ભાસ્કર' દૈનિક સમાચારપત્રનું પ્રત્યક્ષ કે પરોક્ષ કહેવું છે કે, સમાચારપત્રોમાં છપાયેલા સમાચારો વાંચવાથી તે મનુષ્યના મગજમાં પણ છપાઈ જાય છે, અને તેથી જ 'દિવ્ય ભાસ્કર' અખબાર વાંચવાનો અનુરોધ કરે છે. જ્યારે બોર્ડ, યુનિવર્સિટીઓની પરીક્ષાઓ તેમજ અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ પણ ટૂંક સમયમાં લેવાનાર છે ત્યારે વિદ્યાર્થીઓ પરીક્ષા અને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે માટે વાચનની સાથે સાથે લેખન ખૂબ જ પ્રભાવશાળી માધ્યમ છે એ કહેવાનો અહીં ઉપક્રમ છે. જે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં કે સ્પર્ધાત્મક પરીક્ષામાં સારા માર્ક્સ સાથે પાસ થવું છે તેઓએ વાચનની સાથે સાથે પરીક્ષાલક્ષી માહિતીને લખવાનો મહાવરો કરવો જોઈએ.

પરીક્ષા કે સ્પર્ધાત્મક પરીક્ષા સંબંધિત જે માહિતીઓ વિદ્યાર્થીઓ લખીને વિશેષ કરીને વારંવાર લખીને તૈયારી કરે છે તે તેઓના મગજમાં ઝડપથી છપાઈ જાય છે અને પરીક્ષા સમયે ઝડપથી તે પરીક્ષાલક્ષી માહિતી યાદ આવી જાય છે. મનુષ્યના બ્રેન અને પેનને સીધો સંબંધ છે.

જ્યારે વિદ્યાર્થીઓ આશા, એકાગ્રતા, ઉત્સાહ અને ઉમંગ સાથે પરીક્ષા સંબંધિત સવાલોના જવાબો વિવિધ કલરની શાહીવાળી પેનનો ઉપયોગ કરીને સચોટ, મુદ્દાસર, મરોડદાર અક્ષરોમાં છેકછાક વિના લખે છે અને આ જ સવાલોના જવાબો આવી રીતે પરીક્ષા પહેલાં ચાર પાંચ વખત લખે છે ત્યારે તે લખાણ વિદ્યાર્થીઓના મગજમાં સ્પષ્ટ રીતે અંકાઈ જાય છે તેથી પરીક્ષા સમયે ઝડપથી યાદ આવે છે અને જવાબો લખીને તૈયાર કર્યા હોવાથી ૭૫% વધુ માર્ક્સ મળવાની શક્યતાઓ અનેકગણી વધી જાય છે.

શૈક્ષણિક પરીક્ષાઓ મોટાભાગે લેખિત હોય છે. પણ મોટાભાગના વિદ્યાર્થીઓ માત્ર વાંચીને સવાલોના જવાબો તૈયાર કરે છે. વાંચવાથી પણ મગજમાં અંકાઈ જાય છે. પરંતુ જ્યારે વિદ્યાર્થીઓ લખીને સવાલોના જવાબો તૈયાર કરે છે ત્યારે વધુ યાદ કરે છે અને વિદ્યાર્થીઓ પૂર્ણ આત્મવિશ્વાસથી લખી શકે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)

# શિક્ષકની ચેતના

ડો. અરુણ કક્કડ
બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલ પંપ પાસે,
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૧૫.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

## નાનાભાઈ ભટ્ટની વિચારસૃષ્ટિ

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન - ભાવનગર, ગ્રામદક્ષિણામૂર્તિ - આંબલા અને લોકભારતી - સણોસરાના સ્થાપક; એક સમયે શ્રીમાન નથુરામ શર્માના શિષ્ય, ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક અને ગાંધીજીની 'નઈ તાલીમ' શિક્ષણ પદ્ધતિને સફળ બનાવનાર પ્રખર કેળવણીકાર અને તત્ત્વચિંતક શ્રી નાનાભાઈ કાળીદાસ ભટ્ટની ૧૨૫મી જન્મજયંતી નવેમ્બર ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ દરમિયાન ઊજવવાનું તેમના બૃહદ્ પરિવારે તથા ઉપરોક્ત સંસ્થાના કાર્યકર્તાઓ તથા વિદ્યાર્થીઓએ નક્કી કર્યું. ઈ.સ. ૧૯૧૦થી શરૂ કરીને ૧૯૬૦ સુધીનાં તેમના અમુક લખાણો, વ્યાખ્યાનો, નોંધ વગેરે વિવિધ માસિકો કે સમાચારપત્રોમાં પ્રગટ થયેલા હતા, તે ગ્રંથસ્થ થયા ન હતા. આ તમામ અગ્રંથસ્થ લખાણોને યથાવત રાખી સંપાદકશ્રી ડૉ. પ્રવીણ ના. ભટ્ટે નવેમ્બર-૨૦૦૭માં 'નાનાભાઈ ભટ્ટની વિચારસૃષ્ટિ' નામે ગ્રંથરૂપે પ્રગટ કર્યો છે.

નાનાભાઈ ભટ્ટ (નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ)નો જન્મ ઈ.સ. ૧૮૮૨ના નવેમ્બરની ૧૧મીએ ભાવનગરમાં થયો હતો. માધ્યમિક શિક્ષણ આલ્ફ્રેડ હાઈસ્કૂલ - ભાવનગરમાં પૂરું કર્યું. મેટ્રિકમાં તેમણે 'જસવંતસિંહજી સ્કોલરશીપ' મેળવી. ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી ઈ.સ. ૧૯૦૩માં તેઓ બી.એ. થયા અને સાથે શામળદાસ કૉલેજમાં 'ફેલો' નિમાયા. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી શરૂ કરી. ઈ.સ. ૧૯૦૬માં તેઓ અર્થશાસ્ત્ર અને ઈતિહાસ સાથે એમ.એ. થયા. હાઈસ્કૂલમાં આચાર્ય થયા. પછી તેઓ શામળદાસ કૉલેજમાં પ્રાધ્યાપક નિમાયા. પોતાના ગુરુ શ્રીમાન નથુરામ શર્માની પ્રેરણા અને સહાયથી ઈ.સ. ૧૯૧૦માં 'શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન' નામનું છાત્રાલય સ્થાપ્યું. ઈ.સ. ૧૯૧૩માં પ્રાધ્યાપકનું કામ છોડી દઈ છાત્રાલયને સંપૂર્ણ શિક્ષણસંસ્થા બનાવી. ઈ.સ. ૧૯૨૫થી ૧૯૨૮ સુધી ગાંધીજીના આગ્રહથી ગૂજરાત વિદ્યાપીઠનું કુલનાયક પદ સંભાળ્યું. ઈ.સ. ૧૯૩૮માં આંબલા ગામમાં 'ગ્રામ દક્ષિણામૂર્તિ' નામની બુનિયાદી શિક્ષણ સંસ્થા સ્થાપી. નાનાભાઈ ગાંધીજીની અસહકારની ચળવળમાં પણ સક્રિય હતા. બે વખત સત્યાગ્રહી તરીકે જેલ પણ ભોગવેલી.

ઈ.સ. ૧૯૪૮માં સૌરાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં આવતાં પ્રથમ સરકારના પ્રધાનમંડળમાં તેમણે કેળવણી ખાતુ સંભાળ્યું હતું. ઈ.સ. ૧૯૫૨માં રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્ત થયા. ઈ.સ. ૧૯૫૩માં સણોસરા ગામમાં 'લોકભારતી' નામની ઉચ્ચ વિદ્યાની 'ગ્રામવિદ્યાપીઠ' સ્થાપી. ઈ.સ. ૧૯૫૪માં ડેન્માર્કની લોકશાળાઓ જોવા ભારત સરકારના પ્રતિનિધિમંડળના વડા તરીકે ગયા. ઈ.સ. ૧૯૬૦માં ભારત સરકારે 'પદ્મશ્રી'થી તેમનું સન્માન કર્યું. તા. ૩૧-૧૨-૧૯૬૧ના રોજ તેમનો જીવનદીપ બુઝાયો.

'ગૃહપતિ કેવો હોવો જોઈએ ?' એ અંગેના પોતાના વિચારો પ્રગટ કરતા લેખના આરંભે નાનાભાઈએ નોંધ્યું છે કે 'બૉર્ડિંગનો કોઠાર સંભાળનાર, શાકપાંદડું લાવનાર અને બૉર્ડિંગનું નામું લખનારા અને એ સિવાય બીજું કાંઈ ન કરતાં 'બૉર્ડિંગ સુપરિન્ટેન્ડન્ટ (ગૃહપતિ)' જ બધે જોવા મળે છે. જે સંસ્થામાં વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડવાનો અને જીવનને ઉચ્ચ બનાવવાનો ઉદ્દેશ હોય ત્યાં આ પ્રકારના ગૃહપતિ ન ચાલે. ગૃહપતિનું મુખ્ય કામ વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડવાનું છે અને એ બાબત નાનીસૂની નથી. મનુષ્ય માત્ર પ્રેમ પાસે રાંક છે. નિઃસ્વાર્થ પ્રીતિ એ

મનુષ્યના  દયને વશ કરવાની મોટી કૂંચી છે. વિદ્યાર્થીઓ ઉપર આવી સહજ પ્રીતિ ગૃહપતિમાં હોવી જ જોઈએ. ગૃહપતિને એમ થવું જોઈએ કે, આપણી સન્મુખ ખડો થયેલ વિદ્યાર્થી હાડચામની એક નાની પૂતળી નથી પણ અસંખ્ય જન્મોનાં પટથી રંગાયેલો મનુજ આત્મા છે એ મનુજ આત્મા તરીકે સંપૂર્ણ આદરને પાત્ર છે. ગૃહપતિએ વિદ્યાર્થીઓ તરફ માનની દૃષ્ટિથી જોવું. તેમની સાથે બોલવામાં અયોગ્ય શબ્દો વાપરવા નહીં. મનુજ આત્મા ઉત્ક્રાંતિશીલ છે એટલે કોઈને કોઈ દિવસ ઉન્નત થશે જ એ વિસ્તારથી પોતાના કાર્યમાં નિરંતર શ્રદ્ધાનું સિંચન કરવું. હજારો ઉપદેશવચનો અને ભાષણો કરતા ગૃહપતિનું પોતાનું જીવન વિદ્યાર્થીઓને વધારે અસર કરે છે. તેથી ગૃહપતિના જીવનમાં ધર્મનીતિ વણાઈ ગયેલા હોવા જોઈએ. આખા ગૃહપતિના ધંધામાં ગૃહપતિનું પોતાનું જીવન એ જ મુખ્ય વસ્તુ છે. જો કે, ગૃહપતિ પોતે પણ એક મનુષ્ય છે એટલે એ સર્વાંશે પરિપૂર્ણ હોય એમ આપણે માની પણ ન શકીએ. પણ 'જેવા જોઈએ તેવા દેખાવા'ને નાનાભાઈ પ્રથમ સ્થાન આપે છે. અંદર કાંઈ અને બહાર કાંઈ એ તો ચલાવી જ ન શકાય.  દયની સચ્ચાઈ પહેલી જરૂરી છે. ઢોંગીપણું ન ચાલે. ગૃહપતિએ સચ્ચાઈ રાખવી એ તો પોતાની જાત ખાતર એ વિદ્યાર્થીઓને તો સુવાસનો લાભ મળવાનો જ. ગૃહપતિમાં જ જે દોષો હોય તે છુપાવવાનો પ્રયત્ન હોવો જોઈએ. પોતાની ઈન્દ્રિયો ઉપર તથા અંતઃકરણ ઉપર યોગ્ય કાબૂ એટલે સંયમ. આવો સંયમી ગૃહપતિ શરીરને આત્મકલ્યાણના એક સાધનરૂપે સમજે તે જરૂરી છે. તેનું જીવન સાદું છતાં સુંદર હોય છે. હલકો સ્વાર્થ, અપ્રમાણિકતા, દ્રવ્ય ઉપર મોહ, જીવનના ઉપકરણો ઉપર મોહ ન હોવા જોઈએ. વિષય લોલુપતા ન હોવી જોઈએ. અસ્ખલિત ઉદ્યોગ હોવો જોઈએ.'

માનવશાસ્ત્ર અને કેળવણીશાસ્ત્રના અભ્યાસ વિનાનો ગૃહપતિ ઊંટગૃહપતિ છે. અભ્યાસ સાથે પોતાના અનુભવની મિલાવટ કરવી જોઈએ. શાસ્ત્રના જડ શબ્દો જે બોધ ન કરી શકે તે બોધ જીવતા જાગતા વિદ્યાર્થીઓના ન કરી શકે છે. ગૃહપતિએ માતા-પિતા અને મિત્ર એ ત્રણેની ફરજો અદા કરવાની છે. ગૃહ તો પ્રેમમંદિર છે એ તેમાં સ્નેહ અને સેવાનું સામ્રાજ્ય છે. પોતાની જાત ઉપર નિયમન રાખવાનું વિદ્યાર્થીઓને શીખવાનું છે. જીવનવિકાસની કોઈ પણ શાળામાં નિયમનનું યંત્ર એટલું બધું ઉગ્ર ન હોવું જોઈએ કે તે પ્રાણીમાત્રને ચગદી નાખે અને જીવન આખામાંથી મનુષ્ય નિચોવી લે. ગૃહપતિ વિદ્યાર્થીઓની સાથે એક વિદ્યાર્થી થઈ શકે.

વિદ્યાર્થીઓ ઉપર સહજપ્રીતિ અને પોતાના અંતરજીવનની વિશુદ્ધિ એ બંને વસ્તુઓ થોડે અંશે કુદરતની બક્ષિસ છે. છતાં પણ જો તેના બીજ  દયમાં હોય તો પ્રયત્નથી તેની વૃદ્ધિ કરી શકાય છે અને જે પ્રયત્ન પ્રાપ્ય છે તે સામગ્રીને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો એ ગૃહપતિની ફરજ છે.

માતૃભાષા મારફત જ બાળક આ દુનિયાને વધારે સમજવા લાગે છે. એ ભાષા દ્વારા જ પોતાના પૂર્વજોની સંસ્કૃતિનો વારસો પોતાનો કરી શકે છે અને એ જન્મભાષા દ્વારા જ પોતે પોતાના વિચારો પ્રદર્શિત કરે છે. આપણી શાળાઓએ ન આપ્યું શિષ્ટ સાહિત્ય તેમ ન આપ્યું લોકસાહિત્ય. આપણા ભાષાદારિદ્રય માટે શાળાઓમાં અપાતું ગુજરાતી ભાષાનું શિક્ષણ જ જવાબદાર છે તેવું લેખકે અહીં નોંધ્યું છે. 'આપણી શાળાઓમાં ગુજરાતીનું ગૌરવ નથી. આપણા શિક્ષકોને ગુજરાતી ભાષા ને સાહિત્ય તરફ પૂરતો આદર નથી. માતૃભાષાનું સારામાં સારું શિક્ષણ આપવાની પદ્ધતિ આપણી શાળાઓમાં આવી નથી.' (પૃ. ૨૦) શિક્ષક શીખવે અને વિદ્યાર્થીઓ શીખે – એ પરિસ્થિતિ જ એવી છે કે તેમાં અમુક હદ સુધી ફેરફાર થાય. કોઈનું શીખવેલુ અને જાતે શીખવા નીકળી પડવું એ બેમાં તફાવત છે. કોઈ માણસ બીજાને શીખવી શકે જ નહીં, પરંતુ જેને પોતાને વિકસવું છે તેના વિકાસમાં બીજા મદદગાર થઈ શકે છે. શિક્ષક ગમે તેવો સંપન્ન હોય, વિષય ગમે તેવો રસિક કે ઉપયોગી હોય, પદ્ધતિ ગમે તેવી શાસ્ત્રીય હોય અને સાધનો પણ ભલે અદ્યતન હોય છતાં વિદ્યાર્થી 'વ્યક્તિ'ની અપેક્ષાએ આ બધી બાહ્ય 'વસ્તુઓ' છે. ગૌણ વસ્તુઓ છે. વિદ્યાર્થી પોતે શું છે,


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તેને પોતાને શું જોઈએ છીએ, તે શાને શોધે છે ને શાને વર્જે છે, તેને જે જોઈએ છીએ તે ક્યારે, ક્યાંથી અને કેવી રીતે જોઈએ છીએ; આ સર્વ વિચાર વિદ્યાર્થી પોતે જ કરી શકે. આ તેનો આત્મનિર્ણય છે.

મનુષ્ય બીજાને શીખવ્યો જ શીખશે અને અમસ્તો પોતાની મેળે નહીં શીખે એ માન્યતા જ ખોટી છે. તંદુરસ્ત માણસને સ્વાભાવિક રીતે ભૂખ-તરસ લાગે વગેરે જેમ દેહના ધર્મ છે, તેમજ મનુષ્યનો આત્મા જ્ઞાન શોધે છે. એ આત્માનો ધર્મ છે. જ્યાં વિદ્યાર્થીની શિસ્તને સ્વતંત્ર ખીલવાનો અવકાશ જ નથી ત્યાં મનુજ આત્મા ગગનમાં યથેચ્છ વિહાર કરે અને જીવનના અગમ્ય યંત્રો ઉચ્ચારી શકે એવી આશા જ કેમ રખાય ? પરપોષણ એ વસ્તુ જ એવી છે કે માણસના હાડ હરામના થઈ જાય; પરશિક્ષણનું પણ એમ જ સમજવું. આપણી શાળાઓ બધા વિદ્યાર્થીઓને એક જ રંધાથી છોલવાનો ધંધો કરે. ત્યાં મેધાવી પુરુષો શી રીતે ઝળકે ? પરંતુ સ્વયંશિક્ષણ એટલે કોઈ પણ જાતના શિક્ષણનો અભાવ એમ સમજવાનું નથી. સ્વયંશિક્ષણ એટલે સ્વતંત્ર શિક્ષણ.

ખરું સ્વાતંત્ર્ય યોગ્ય પ્રવૃત્તિમાં રહેલું છે. આંતર સ્વાતંત્ર્યનો પૂરો વિકાસ અમુક પ્રકારના વાતાવરણની અપેક્ષા રાખે છે. આપણી હાલની શાળાઓમાં શિક્ષણનું સ્થાન પ્રમુખ હોય છે. સ્વયંશિક્ષણમાં વિદ્યાર્થી પ્રમુખસ્થાને છે. શિક્ષક પોતે સક્રિય કાર્યકર નહીં પણ મદદગાર વ્યક્તિ બને છે. આવો શિક્ષક પોતે તો ફક્ત માર્ગોના કાંટા વીણી લેશે, દૂર રહ્યો રહ્યો મદદ કરશે, વાતાવરણને મલિન કરવાના તત્ત્વોને દૂર રાખશે. શિક્ષકોએ અમુક વસ્તુ 'કેમ શીખવવી' એનો વિચાર કરવાનો નથી પણ વિદ્યાર્થીએ અમુક વસ્તુ 'કેમ શીખવી' એ સ્પષ્ટતાથી જણાવવાનું છે. માતૃભાષાનું ભાવપૂર્વક વાંચન કેવી રીતે થાય તે વિદ્યાર્થીને જણાવવાનું છે. નિયમન એ આંતરવસ્તુ છે, બાહ્ય નથી. વિદ્યાર્થીને પોતાને રસ પડે તેવા કામમાં ગૂંથાવા દેવા એ શિક્ષણનો હેતુ છે.

'હું ઇતિહાસ કઈ રીતે શીખ્યો' લેખના આરંભે નાનાભાઈ નોંધે છે કે, મારું રીતસરનું શિક્ષણ તો ચકુ મહેતાની ધૂડી નિશાળે શરૂ થયું. પણ ત્યાં કાંઈ ઇતિહાસ-બિતિહાસ હતો નહીં. ખોજા હરજીભાઈ જમાલભાઈની ધર્માદા નિશાળમાં હું ત્રીજું ધોરણ શીખતો ત્યારે ઇતિહાસનું પહેલું દર્શન થયું. ગુજરાતી ત્રીજા ધોરણથી માંડીને છેક બી.એ. સુધીમાં ઇતિહાસનો મારા જીવનમાં હું સંબંધ બાંધી જ શક્યો નથી. હું નાનપણમાં ગગા ઓઝાના દર્શન કરવા ભાગ્યશાળી થયો હતો, પણ કાઠિયાવાડના ઇતિહાસમાં તેમનું નામ ન હતું. હું બરવાળાનો ભાણેજ અને બોટાદથી ઊતરીને બરવાળાનું ગાડું બાંધીએ ત્યારે ગાડાવાળા 'ઘેવાશાનું બરવાળું' એમ બોલે; પણ ઇતિહાસનું પુસ્તક ઘેસાળાને ઓળખતું ન હતું. મારી આ હરિભક્ત હતી. નાનપણમાં મને એ પંથના મુરબ્બીઓનો સારો એવો પરિચય ખરો પણ સહજાનંદને ઇતિહાસ શા માટે આલેખે ? પછેગામ એટલે તો પ્રશ્નોરાની વિલાયત. વર્ષમાં બેચાર વખત તો ચમારડી નળા ઉપર થઈને ત્યાં જવાનું હોય જ. પરંતુ વળાની એ પીલુડીઓની નીચે વલભીપુર દટાયું છે તેની મને તો ખબર જ ક્યાં હતી ? ઇતિહાસના શિક્ષણમાં તો ગોખવા સિવાય કાંઈ હતું જ નહીં. સારામાં સારો ઇતિહાસ શિક્ષણ ઇતિહાસનાં શબ્દચિત્રોથી આગળ વધ્યો જ નથી એમ લેખકને લાગે છે.

આફ્રિકા વિશેની પ્રશ્નોત્તરીના જવાબોમાં શ્રી નાનાભાઈ ભટ્ટે નોંધ્યું છે કે : 'આફ્રિકામાં આપણો મોટો ભાગ વેપારીઓનો છે અને આફ્રિકાના આપણા વેપારીઓ એટલે વિલાયતી માલના દલાલો. આફ્રિકાનો કાચો માલ સસ્તા દરથી પરદેશ ચડાવી દેવો એ પરદેશી કાપડ વગેરે ચીજો આફ્રિકાના દિગંબરોને મોંઘામૂલે વેચવી એ બે ધંધાની દલાલી આપણા હાથમાં છે. આ પરિસ્થિતિમાં અત્યારે તો હિન્દીઓનો મોટો ભાગ કમાવા અર્થે પરદેશ વેઠે તેમ આફ્રિકાને વેઠે છે. અને આફ્રિકાની કમાણી ઘેર આણી દેશમાં એકાદ ગામડામાં નિરાંતે રહેવાની અને મરવાની ઊંટહોઠની આશામાં ને આશામાં આફ્રિકાના પ્રખર તાપને સહન કરે છે.' (પૃ. ૪૭). આફ્રિકામાં પહેલો પાદરી ગયો; તેણે વેપારીને માટે રસ્તો કર્યો અને વેપારીએ રાજસત્તાનો માર્ગ ખુલ્લો કર્યો. ગોરાઓનો ખ્રિસ્તીધર્મ આધિપત્ય

ભોગવવા માટે જ જન્મ્યો છે અને આ માન્યતા ઉપર જ તે પોતાની કેળવણી રચે છે. ગોરા લોકોનું અને ગોરી સંસ્કૃતિનું આધિપત્ય કેમ સહજ થાય એ મિશનરી કેળવણીનો મુખ્ય હેતુ છે. મિશનરી શિક્ષણનો પાક 'વટલ્યો બ્રાહ્મણ નરકમાંથી જાય' એવો ઊતરે છે.

શ્રી જગન્નાથજીમાં અથવા શ્રીનાથજીમાં કોઈને ફંડ કરવું પડતું નથી. તેનું કારણ લોકો માની રહ્યા છે કે એ સંસ્થાને દાન કરવું એ ધર્મ છે. દાન પ્રવાહ એ પ્રમાણે વહ્યો હશે તેની પાછળ કેટલાયે સાધુઓનું તપ હશે. અનેક કથાકારોએ ખાલી હાથે દેવસ્થાને ન જવાનો ઉપદેશ વહેતો કર્યો હશે અને એ વહેતો થયા અગાઉ અનેક દેવસ્થાનોએ સાધુઓએ જીવંત તીર્થો બનાવી દીધા હશે ને ? આજની સંસ્થાઓ નવા મંદિર બને અને મંદિરમાં ખાલી હાથે જવું એ પાપ છે એમ સમાજ સમજે એવું આપણું તપ પાક્યું છે ? શિક્ષણસંસ્થા, હોસ્પિટલો આપણે મન ખરેખર દેવસ્થાન છે ? જો આપણે મન એ ખરેખર યુગનું મંદિર હશે તો સમાજને એક દિવસ એ મંદિરને પગથિયે ચડ્યે જ અને સોનારૂપાના છત્રો ચડાવ્યે જ છૂટકો છે. પણ અત્યારે તો આપણે આપણા તપથી અને સમાજને ઉપદેશ કરીને આ વસ્તુ સિદ્ધ કરવી રહી.

સંસ્થા માટે ફંડ માગવા જનારે સમાજની પાસે સંસ્થાને તેના શુદ્ધ સ્વરૂપની પિછાન કરાવવા લઈ જવાની છે. તો જ ભવિષ્યમાં અનાયાસે દ્રવ્યપ્રાપ્તિ થશે. સંસ્થા લોક દયમાં પોતાનું સ્થાન કરી લે અને લોકો સંસ્થાનો ખર્ચ સ્વેચ્છાથી ઉપાડી લે એ જ યોગ્ય છે. શ્રી નાનાભાઈ સમજાવે છે કે, 'આજે આપણે હોલિકા સંમેલન માટે ફંડ કરીએ છીએ. પરંતુ આપણે સાંભરણમાં જ એવો રિવાજ હતો કે દરેક ઘર પાંચ પાંચ છાણા આપે અને છાણ જેવા પદાર્થમાં પણ કલાને દાખલ કરીને હોળાયા ચડાવે એ તો જુદું. ગરબીના દીવામાં તેલ પૂરવું એ દરેક ગૃહસ્થનો ધર્મ શા માટે ? આપણી લોકસંસ્થાઓ આ રીતે જ ચિરંજીવ રહેતી અને રહે એ યોગ્ય છે.' (પૃ. ૫૨) જ્યાં સુધી સંસ્થાનું કાર્ય બરાબર રહે છે ત્યાં સુધી પૈસા મળતા જ રહે છે. મળેલા ફંડોનો અનેક પ્રકારે દુરુપયોગ જેવા અનેક કારણોથી લોકોને ફંડ પર અવિશ્વાસ આવી ગયો છે. એટલે સૂકા સાથે લીલું પણ બળી જાય. ફંડ આપે છે મોટે ભાગે શ્રીમંતો. એમના મનમાં તો એક વાત; જે આવે તેની ઝોળીમાં કંઈક નાખો. ભલે પછી ઝોળીવાળો લફંગો બાવો હોય કે દક્ષિણામૂર્તિનો આચાર્ય હોય ! કેળવણીની કિંમત સમજીને અથવા દક્ષિણામૂર્તિના કેળવણીનાં સ્થાનને આંકીને મને બહુ જ ઓછા ભાઈઓએ મદદ કરી છે. જો હું યુગાન્ડામાં શેઠ નાનજી કાલિદાસની હૂંફ વિના ગયો હોઉં તો જવા આવવાનો ખર્ચ સુધ્ધાંત માથે પડે એમ સમજું છું. આપણે ત્યાં ફંડ એ વ્યવહાર થઈ ગયો છે. ખરું દાન તો એ કે જેથી દાતાને પોતાને અને દાન લેનારને એમ બંનેને તૃપ્તિ થાય.

દક્ષિણામૂર્તિ એ તો કેળવણીની સંસ્થા છે. તેનો પ્રધાન ઉદ્દેશ જીવનની તાલીમ આપવાનો છે અને એ ઉદ્દેશની સિદ્ધિ માટે દ્રવ્ય એ ઘણાં સાધનોમાંનું એક સાધન છે, માત્ર કદાચ થોડે અંશે વધારે ઉપયોગી હોય. દક્ષિણામૂર્તિનાં કામ કરનારાઓ સંસ્થામાં નિરંતર કેળવણીને જ અગ્રસ્થાને સાચવી રાખે. જે દિવસે શિક્ષણ સંસ્થામાં ફાળો કરનાર માણસ મોટો ગણાશે તે દિવસે શિક્ષણ સંસ્થા બ્રાહ્મણ સંસ્થા મટી વાણિયા સંસ્થા થઈ રહેશે. કોઈ ધુરંધર વેપારીની પેઢીમાં દ્રવ્યને અને દ્રવ્ય લાવનારને જે સ્થાન છે તે સ્થાન કેળવણીની સંસ્થામાં તેને નથી જ અને ન જ હોવું જોઈએ.

દક્ષિણામૂર્તિની જીવાદોરી કેળવણીનું કામ કરનારાઓના હાથમાં છે. તપશ્ચર્યા વિનાનો ભોગ એ મોટું પાપ છે એમ શાસ્ત્રો કહે છે. જે વસ્તુ માટે આપણે પરસેવો ન ઉતારતા હોઈએ તે વસ્તુની સ્પૃહા રાખવાનો આપણને અધિકાર નથી અને છતાં જે વસ્તુ મફત મળતી હોય તેને માટે ફૂટી બદામ ન ખર્ચવી એ આપણી ટેવ થઈ ગઈ છે. આપણે ત્યાં શિક્ષણની સંસ્થાઓમાં શિક્ષણનું સામાન્ય જ્ઞાન પણ ન ધરાવતા એવા પૈસાદારો વગદારોની અવારનવાર દખલ થાય છે. શિક્ષણ સંસ્થાઓ વિદ્યા અને લક્ષ્મી બંનેના સુમેળથી જ ચાલી શકે.

નાનાભાઈ કહે છે કે, પ્રોફેસર ભાઈઓ બે કોટીના

હોય છે. એક તો એવા કે જેઓ પોતાના કામમાં જ મશગૂલ હોય, આસપાસ તેનું ધ્યાન જ ઓછું હોય. તે પોતાના કામમાં જ રચ્યા પચ્યા રહે. સામાજિક કાર્યો માટે તેઓ બંધબેસતા આવતા નથી. તેમણે રિસર્ચનું કામ કરવું એ જ તેમની સેવા છે, બલ્કે આવું કામ બહુ થોડા જ કરી શકે છે. બીજી કોટીના પ્રોફેસરો તે પોતાનું જ્ઞાન પોતાના વિદ્યાર્થીઓને અપાઈ જાય તે જ સેવા અને તે કંઈ ઊતરતી સેવા નથી. આંબલાના વિદ્યાર્થીઓને ભણાવવું તે પ્રધાનપદ કરતાં ઊતરતું કાર્ય નથી. પ્રોફેસર પોતાના વિદ્યાર્થીને બરાબર ભણાવે તે પણ સમાજ સેવા જ છે. આપણા ધંધાને લીધે આપણે સમાજથી જુદા પડી ગયા છીએ. ચોપડીઓ આપણી પ્રેરણાત્મક દેવ બની રહેલ છે. હું કહું છું કે વિશાળ જનસમાજ કે જેમાંથી આ ચોપડીઓ બને છે ત્યાં આપણે જવું જોઈએ. આપણા જ્ઞાનને જનસમુદાયની પરીક્ષામાં મૂકવું જોઈએ. આપણી વિદ્યાની પરીક્ષા જ એ છે કે આપણે લોકોના સંપર્કમાં રહેવું જોઈએ. હું પોતે મારા ભણાવવાના કમથી બીજું કોઈ કાર્ય મોટું ગણતો નથી અને ભણાવતો હોઉં ત્યારે મોટો માણસ મળવા આવે તો તે છોડીને જતાં રહેવું મને ન ગમે પરંતુ એ વખતે પણ કોઈને સર્પ કરડ્યો હોય તો મારે તરત જ જવું જોઈએ. એટલે આપણું કામ પવિત્ર તો છે જ. એ ઓછું પવિત્ર છે અને તેને વધારે પવિત્ર કરવા માટે આપ સમાજસેવા કરવા જાવ તેમ મારું કહેવું નથી પણ આપના કામને જરા રિયાલિટીનો પાસ આપો તેટલું હું કહેવા માગું છું. સામાન્ય માણસ જેટલો ઊંચો તેટલો સમાજ ઊંચો. લોકો સમજી શકે તે ભાષામાં આપણું જ્ઞાન આપણે ઉતારી શકીએ તે જ ખરું જ્ઞાન છે. ભાષાથી તો ઘણીવાર અજ્ઞાન ઢંકાય છે. રાજસત્તા એ સમાજની કક્ષાનું પ્રતિબિંબ છે. કેળવણીમાં ફેરફાર કરવા માગનારે શ્રદ્ધાથી પ્રયોગ કરવા જોઈએ.

એક શિક્ષકભાઈએ નાનાભાઈને જનોઈ દેવા વિશે પ્રશ્ન પૂછેલો. તેના જવાબમાં તેઓ કહે છે કે, જનોઈ દેવી એ એક દિવસ ધાર્મિક ક્રિયા હતી. આજે પણ જેઓ એને ધાર્મિક ક્રિયા માનતા હોય તેમણે જનોઈ દેવી. સાથે સાથે જનોઈ દેવાનો પ્રસંગ એક સામાજિક પ્રસંગ પણ થઈ ગયો છે. બહોળું કુટુંબ ભેગું થાય, વહુના પિયરિયા આ પ્રસંગે આવે, અરસપરસ સ્નેહ માણે એ એવા સામાજિક પ્રસંગનું અમૃત ગણાય. આવા સામાજિક પ્રસંગો પુરુષોને ભલે બહુ આકર્ષક ન લાગે પણ સમાજજીવનમાં તેમની મોટી કિંમત છે. પણ આવા સામાજિક પ્રસંગોનું ઉજવણું દેવું કરીને ન જ થાય. સોળથી અઢાર વર્ષની વચ્ચેનો ગાળો વિદ્યાર્થીઓનો માનસિક મંથનનો કાળ હોય છે. તે વખતે તેમની સાથે ખૂબ સહાનુભૂતિ અને સાવચેતીપૂર્વક કામ લેવું જોઈએ.

કેટલાક ડૉક્ટરો એવા હોય છે કે શરીરમાં એક ઠેકાણે ગૂમડું થાય એટલે ત્યાં પટ્ટી મારી રુઝ લાવે અને વળી પાછું બીજે ઠેકાણે થાય એટલે ત્યાં પટ્ટી મારવા દોડે. પરંતુ ચતુર ડૉક્ટરો આવા ગૂમડાંની પાછળ રહેલા લોહીવિકારને પામી જઈને રક્તશુદ્ધિ કરવા મથે છે અને સાથે-સાથે પેલા ગૂમડાંને રુઝવવાનો પ્રયત્ન પણ કરી લે છે. કેળવણીનાં પ્રદેશમાં પણ આવું બન્યું છે. આજ સુધીમાં સામાન્ય રીતે આપણે કેળવણીનાં પ્રદેશમાં પણ આવું બન્યું છે. આજ સુધીમાં સામાન્ય રીતે આપણે કેળવણીમાં જે જે વિચારો કર્યા છે તે બધા આવા થીંગડા મારવાના પ્રયત્નો છે. જ્યારે ડૉક્ટર મોન્ટીસોરીની દૃષ્ટિ તો રક્તશુદ્ધિ ઉપર છે. મોન્ટીસોરી એક ક્રાન્તદર્શીની માફક કેળવણીના ધ્યેયને સૌથી પહેલું નક્કી કરે છે અને પાછળથી શિક્ષણના કે જીવનના નાના નાના પ્રશ્નને આખી યોજનાના જીવંત ભાગ તરીકે જુએ છે. મોન્ટીસોરીના કથન પાછળ અવલોકન અને અનુભવ છે. કેળવણીના ડાળ પંખડાનો વિચાર છોડી દઈ મેડમ મોન્ટીસોરીનાં કેળવણીના મૂળભૂત સિદ્ધાંતોનો વિચાર કરીએ. કેળવણી અને જીવન વચ્ચે આજે જે વિસંવાદ વર્તી રહ્યો છે તેને દૂર કરવાનો નાનાભાઈનો અભિલાષ હતો.

(વધુ આવતા અંકે...)

# સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે ખાસ...

**હિમાંશુ જાદવ**
સી-૧૦૩, ગ્રીનએરા, અષ્ટક એલીગન્સની બાજુમાં,
કડી નાગરિક બેન્ક પાસે, ચાંદખેડા,
અમદાવાદ-૩૮૨૪૨૪.
મો. ૯૬૦૧૫ ૮૮૮૪૬

"અલ્યા, તું સેતરે નહીં જ્યો, લ્યા?"

"પપ્પા, મારે પ્રિલિમ પરીક્ષા છે. હું વાંચું છું."

"આ પ્રિલિમ-બિલિમ એટલે શું, લ્યા? જા, જલદી સેતરે તારી મા રાહ જોતી હશે."

"હે, ભગવાન આજે મારે ખેતરે જવાનું ન હોત તો મિત્રના લેપટોપમાં ઘણા કોન્સેપ્ટ્સ ક્લીયર થઈ જાત."

"આવી ગ્યો બેટા, લે આટલી ચાર લઈને ત્યાં ગમાણમાં ભેંસોને નાખીને, પછી આ લાકડાનો ભારો લઈને ઘરે જા. હું આવું શું..."

"મમ્મીપપ્પા આજે મારે પ્રિલિમ પરીક્ષા છે. તે આપવા અમદાવાદ જવું પડશે. તમે વચ્ચે મને મારી દવા લેવા પૈસા આપ્યા'તા એ તો મેં બચાવ્યા છે, પરંતુ બીજા પૈસાની જરૂર પડશે. બે પેપર વચ્ચે બે કલાક રિસેસ હોય છે એમાં હું ઘરેથી રોટલો અને મરચું લઈ જાઉં છું. પણ મારી પાસે પૂરતું ભાડું નથી."

"તન તો લ્યા ખબર સઅઅઅ... નઅ... કઅ..., આપણે રોજ લાવાનું અન... રોજ ખાવાનું એટલે આ પ્રિલિમ-બિલિમ રવાદે અને મારી જોડે સેતરે આઈ જા કાલથી."

"સારું, હું જાઉં છું પપ્પા."

"જલદી આવજે લ્યા, સેતરે ખૂબ જ કામ સઅ..."

•

સામેના છેડે નાણાંથી અને શિક્ષણથી ધનાઢ્ય પરિવારનો પુત્ર પરીક્ષા આપવા જાય છે એ જોઈએ !

"બેટા, તે કરંટ અફેર્સ બધું જ વિઝનમાંથી કર્યું છે ને સરસ, હા, મોમ્સ વિથ રિવિઝન."

"દીકરા, સૂઈ જા રાતના બે વાગ્યા અને હા આ લે દૂધ, એમાં હળદર અને ડ્રાય ફ્રૂટ્સ છે..."

"વ્હેર ઇઝ માય બોય !"

"આ રહ્યો ડેડી, બોલો."

"દીકરા, સ્ટેટિક પોર્શનની ફૈર્જૈહની નોટ્સ સરસ આવી છે. ઓફિસેથી આવતી વખતે તારા માટે પ્રિન્ટ લેતો આવીશ... અને દીકરા, બધા જ ફેક્ટ્સ જોઈ લેજે, ગઈ વખતે તો પ્રિલિમમાં તું થોડા અંતરેથી જ પાસ થયો હતો. ક્લાસ નોટ્સ પણ જોઈ લેજે દીકરા..."

"ચલ, દીકરા આજે વહેલો સૂઈ જા, કાલ તો પ્રિલિમ છે "આપણી."

"સવારે... દીકરા અમે તૈયાર થઈ ગયાં છીએ, તું જલદી તૈયાર થઈ જા."

"પછી દહીં અને ખાંડ ખાઈ લે... ફુઈનો કોલ હતો, કહેતાં હતાં કે આ વખતે તો તમારા ઘરે બીજો સનદી અધિકારી પાક્કો..."

"બેટા, ક્લાસ નોટ્સ લઈ લેવી છે. ફેક્ટ્સનું રિવિઝન કરવા, ગાડીમાં જતી વખતે...ના ડેડી, આઈ એમ રેડી... બાય ધીસ ટાઈમ..."

"બેસ્ટ ઓફ લક માય બોય..."

"ખૂબ ખૂબ શુભકામનાઓ દીકરા, આ વખતે તો ઈન્ટરવ્યુ ક્લિયર કરી નાખવાનું છે. યુ કેન ડૂ ઈટ."

"એક સ્પર્ધક"

**બોધ :** "સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી બધા માટે એક સરખી નથી હોતી." અને આવા આકરા સમયમાં પણ જે સ્પર્ધક તમામ મર્યાદાઓ હટાવીને સફળ બનવાની અભિલાષા ધરાવે છે એને કોઈ રોકી શકતું નથી. પ્રયત્ન તો કર હાર હશે અથવા તો ફૂલહાર હશે.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
**૧૮૪, તપોવન સોસાયટી વિભાગ-૨,**
**સરસપુર, અમદાવાદ.**
**● મો. ૯૪૨૬૫૨૫૨૪૨**

● **ગુજરાતમાં ૭૫ રેસિડેન્સિયલ સ્કૂલો અને ૪૦૦ જ્ઞાનસેતુ ડે-સ્કૂલો શરૂ થશે :**

સરકારે સામાજિક ભાગીદારી હેઠળ ૭૫ જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલો શરૂ કરવાની જાહેરાત કરી છે. ૭૫ રેસિડેન્સિયલ સ્કૂલોમાં ૨૫ સ્કૂલો આદિજાતિ સમાજના વિદ્યાર્થીઓ માટે અલાયદી રહેશે. આ તમામ સ્કૂલોમાં ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓને ભણાવાશે અને જૂનથી ડે-સ્કૂલમાં ૩૦ હજાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું સરકારનું આયોજન છે.

આવનારા વર્ષોમાં તબક્કાવાર ધોરણ ૬થી ૧૨ના અંદાજે એક લાખથી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાશે. જ્યારે આદિજાતિ સમાજના ૫૦ હજાર વિદ્યાર્થીઓ માટે અલાયદી ૨૫ (પચ્ચીસ) જેટલી બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલો પણ સ્થપાશે. રાજ્યના દરેક તાલુકા અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ઓછામાં ઓછી એક સ્કૂલ રહેશે. જેમાં ૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા રહેશે.

જ્ઞાનસેતુ ડે-સ્કૂલોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી અને જેઈઈ, નીટ તથા એનડીએ જેવી રાષ્ટ્રીય પરીક્ષાઓ માટે કોચિંગ પણ આપવામાં આવશે. જ્ઞાનસેતુ ડે-સ્કૂલ માટેના ઠરાવ મુજબ ધોરણ ૫ (પાંચ)ના અંતે વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા લેવાશે. જેના આધારે લાયક વિદ્યાર્થીઓને ધોરણ-૬માં પ્રવેશ અપાશે.

● **વર્ષ ૨૦૨૩થી તમામ સરકારી શાળાઓમાં ધોરણ-૯માં વોકેશનલ વિષયો શરૂ :**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના ધો. ૯ના વિદ્યાર્થીઓને આગામી ૨૦૨૩ના શૈક્ષણિક વર્ષથી વિવિધ ટ્રેડના જુદાજુદા ૬૭ વોકેશન વિષયો ભણાવાશે. હવે તમામ વિદ્યાર્થીને શાળા દ્વારા જ સ્કિલ મળશે. ગુજરાત શાળા શિક્ષણ પરિષદ દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ હાલ વર્ષ ૨૦૨૩માં રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯થી આ નવા વિષયો દાખલ કરવામાં આવશે અને તે વિષયો આ વિદ્યાર્થીઓને ભણાવાશે. જ્યારે ૨૦૨૪થી તમામ ખાનગી શાળાઓમાં પણ અમલ શરૂ કરાશે. આમ હવે ધોરણ-૯ના વિદ્યાર્થીઓને શાળા લેવલથી જ ભણવાની સાથે વિવિધ વિષયોની સ્કિલ મળશે.

નીચે દર્શાવેલ યાદી મુજબ વોકેશનલ વિષયો ભણાવવામાં આવશે.

એગ્રિકલ્ચર, રીટેઈન, આઈટી, ઈલેક્ટ્રોનિક્સ, હેલ્થકેર, પ્લમ્બિંગ, બૅંકિંગ એન્ડ ફાયનાન્સ, ઓટોમોટિવ, હોમ ફર્નિશિંગ, ફૂડ પ્રોસેસિંગ, પ્રાઈવેટ સિક્યોરિટી, પાવર, મીડિયા એન્ટરટેઈનમેન્ટ, ટ્રાન્સપોર્ટેશન, ઈન્સ્યોરન્સ, ટુરિઝમ, બ્યૂટિ અને વેલનેસ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

● **ધોરણ-૧૨ સાયન્સ બોર્ડ પરીક્ષા માટે ૧.૨૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા :**

ધોરણ-૧૨ સાયન્સની બોર્ડ પરીક્ષા માટેના ઓનલાઈન ભરાયેલા ફોર્મમાં આ વર્ષે ૧.૨૬ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગયા વર્ષની સરખામણીએ ૧૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ વર્ષે વધ્યા છે. જેમાં ચાલુ વર્ષના રેગ્યુલર તેમજ ગયા વર્ષના નાપાસ થયેલા રિપીટર કેટેગરીના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ધોરણ-૧૨ સાયન્સમાં સૌથી ઓછા ૧.૦૮ લાખ વિદ્યાર્થીઓ જ નોંધાયા હતા. આ નોંધાયેલા વિદ્યાર્થીઓમાં 'બી' ગૃપના વિદ્યાર્થીઓ સૌથી વધુ છે અને 'AB-એબી' ગૃપના વિદ્યાર્થીઓ સૌથી ઓછા છે.

● **વર્ષ ૨૦૨૧માં ધો. ૧૨ પાસ વિદ્યાર્થી JEE**

**એડવાન્સ પરીક્ષા નહીં આપી શકે :**

આઈઆઈટીમાં પ્રવેશ માટેની જેઈઈ એડવાન્સ પરીક્ષા માટેના નિયમો, લાયકાતની જોગવાઈઓ અનુસાર વર્ષ ૨૦૨૩ની એડવાન્સ પરીક્ષા આપવા માટેની લાયકાત મુજબ વર્ષ ૨૦૨૧માં ધોરણ-૧૨ પાસ કરનાર વિદ્યાર્થીઓ જેઈઈ એડવાન્સ પરીક્ષા નહીં આપી શકે. આ એડવાન્સ પરીક્ષા ૪ જૂન, ૨૦૨૩ના રોજ લેવાશે. જેનું પરિણામ ૧૮મી જૂનના રોજ જાહેર કરાશે.

ચોથી જૂને સવાર અને બપોર એમ બે સેશનમાં પેપર-૧ અને પેપર-૨ની પરીક્ષા લેવાશે. વિદ્યાર્થી વધુમાં વધુ બે વર્ષ સુધી બે વાર એડવાન્સ પરીક્ષા આપી શકે છે.

- **GTUની ડિગ્રીમાં આગામી વર્ષથી નેક ગ્રેડ લખાશે - વિદ્યાર્થીઓને ફાયદો થશે :**

આગામી વર્ષથી અપાનારી ડિગ્રી વિદ્યાર્થીઓ અને જીટીયુ બંને માટે નવી હશે. જીટીયુ દ્વારા અપાનાર ડિગ્રી સર્ટિફિકેટમાં હવેથી નેક (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ) ગ્રેડ લખવામાં આવશે. આના લીધે વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે.

આ વર્ષે જીટીયુના કોન્વોકેશનમાં ૧૪૮ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે પીએચ.ડી.માં ૪૧ વિદ્યાર્થી સાથે ૪૮,૮૮૨ પદવી અપાઈ હતી.

- **ગુજરાત શિક્ષણ બોર્ડનું ૧૮૬.૮૨ કરોડનું બજેટ મંજૂર :**

ગુજરાત શિક્ષણ બોર્ડની બેઠકમાં વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. ઉપરાંત ડિજીલોકરમાં વિદ્યાર્થીની માર્કશીટો અપલોડ કરવાથી માંડી શાળાઓમાં કમ્પ્યૂટર ફી વધારવા સહિતના મુદ્દે નિર્ણયો લેવામાં આવ્યા હતા. શાળાઓમાં કમ્પ્યૂટરની ફી ૫૦થી વધારી ૧૫૦ કરવા પ્રસ્તાવ મંજૂર કરી સરકારને દરખાસ્ત મોકલવા માટેનો ઠરાવ થયો હતો. આ વર્ષના બજેટમાં ખર્ચમાં એક વર્ષમાં ૪૧ કરોડ જેટલો વધારો થયો છે. જેમાં નવા સોફ્ટવેર સહિતના કેટલાક ખર્ચાઓ અને મહેનતાણાનો સમાવેશ થયો છે.

- **૭.૫૦ લાખ ભારતીય વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશોમાં ગયા :**

દેશના કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયે લોકસભાના પ્રશ્નમાં જારી કરેલી વિગત મુજબ ગત વર્ષ ૨૦૨૨માં સર્વાધિક ૭,૫૦,૩૬૫ ભારતીયો વિદેશમાં વિદ્યાભ્યાસ અર્થે ગયા છે. અગાઉનાં વર્ષ કરતાં ૬૯ ટકાનો તોતિંગ વધારો થયો છે. પ્રાચીન યુગમાં ભારતના નાલંદા અને તક્ષશિલા વિશ્વ વિદ્યાલયોની આજે પણ વાહ વાહ થાય છે. તો હજારો વર્ષ પૂર્વે ઉપનિષદના સમયમાં વનમાં રહીને આજના વૈજ્ઞાનિકોને ઝાંખા પાડે તેવા સુપર સાયન્ટિસ્ટ ઋષિમુનિઓના વિશ્વ વિદ્યાલયમાં વિશ્વભરમાંથી મોટી સંખ્યામાં લોકો જ્ઞાન પ્રાપ્ત માટે આવતા તેનું ગૌરવ લેતા દેશમાં હવે સંતાનોને ભણવા માટે વિદેશ મોકલવાનું વલણ વાલીઓમાં વધી રહ્યું છે.

**પાંચ વર્ષમાં દેશમાંથી વિદેશ અભ્યાસ હેતુ જનાર નાગરિકો**

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૪,૫૪,૦૦૯ |
| ૨૦૧૮ | ૫,૧૭,૯૯૮ |
| ૨૦૧૯ | ૫,૮૬,૩૩૭ |
| ૨૦૨૦ | ૨,૫૯,૬૫૫ |
| ૨૦૨૧ | ૪,૪૪,૫૫૩ |
| ૨૦૨૩ | ૭,૫૦,૩૬૫ |
| કુલ | ૨૫,૬૮,૩૬૪ |

- **ટૂંકાવીને...**
- આયુર્વેદ-હોમિયોપેથીની પ્રથમવાર એક હજારથી વધુ બેઠકો ખાલી રહી.
- હવે પ્રિ-પ્રાયમરીની પણ ફરજિયાત નોંધણી સરકાર પોલિસી બનાવશે.
- સીએ ફાઉન્ડેશનનું ૩૦ ટકાથી ઓછું પરિણામ. ૩૬,૮૬૪ વિદ્યાર્થી પાસ.
- સીબીએસઈ ધોરણ ૧૦-૧૨ના ૨૧ વર્ષના રિઝલ્ટનો ડેટા ઓનલાઈન મૂકાયો.



ગુજરાત કેળવણી પરિષદ, સરસ્વતી વિદ્યામંડળ અને સરસ્વતી નાગરિક સમાજના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ગ્રંથ વિમર્શ ગોષ્ઠિનું આયોજન સરસ્વતી વિદ્યામંડળના સરસપુર કૅમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. દરેક શિક્ષકે અચૂક વાંચવા જોઈએ એવા ૩ પુસ્તકોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં હરેશ ધોળકિયા દ્વારા સર્જિત અંગદનો પગ, ગિજુભાઈ બધેકાનું દિવા સ્વપ્ન અને એ. એસ. નિલનું સમરહિલનું અનુક્રમે ડૉ. વૈશાલી શાહ, રમેશ તન્ના અને પાર્થેશ પંડ્યાએ પુસ્તકનો રસપાન કરાવ્યો હતો. જ્યોતીન્દ્રભાઈ દવેએ પ્રાસંગિક વક્તવ્ય અને સજુભા ઝાલાએ કાર્યક્રમનું સમાપન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન મૃણાલ ઓઝાએ કર્યું હતું.



અસારવા વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી મહેશભાઈ બ્રહ્મભટ્ટ તથા જયંતીભાઈ પટેલ (૧૧-ખ, સને ૧૯૭૪)ની બેચના વિદ્યાર્થીઓએ સરસ્વતી નાગરિક સમાજને ગરીબ વિદ્યાર્થી ફી ફંડમાં અંકે રૂ ૧,૦૩,૧૦૦/-નું અનુદાન કરેલ છે. સર્વે સરસ્વતી નાગરિક સમાજના વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન.

ઘરશાળા
માર્ચ-૨૦૨૩
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૧૫/-● વાર્ષિક લવાજમ: રૂ.૧૫૦/-

## નખશિખ શિક્ષક, કેળવણીકાર અને ઋષિતુલ્ય

# પદ્મશ્રી ડો. રઘુભાઈ નાયક


15/8/1907 • 31/3/2003

રઘુભાઈ સ્વભાવે નર્યા નિખાલસ, નિરાડંબરી. ઘણી બધી સંસ્થાઓના સર્જક તથા સંચાલક હોવા છતાં, ને શૈક્ષણિક ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કરવા બદલ ઘણા બધા એવોર્ડ્ઝ - માન-ચાંદ પ્રાપ્ત કરવા છતાં, એમનામાં આભિમાનનો છાંટોય ન મળે. સામી વ્યક્તિને આંજી નાખવાનો તેઓ કદી પ્રયાસ ન કરે, તો ગમે તેવી મોટી વ્યક્તિથી તેઓ અંજાય પણ નહીં.

રઘુભાઈ 'સત્યમ્ વદ' સૂત્રને જીવનમાં ઉતારી શક્યા છે, પણ 'સત્યમ્ અપિ અપ્રિયમ્ મા વદ' સૂત્રને આચરણમાં વણી લેવાનું એમને ઝાઝું ફાવ્યું નથી. આખાબોલા એટલે એમના વિરોધીઓય ખરા. વિરોધીઓ સામે સંઘર્ષ ખેલવાનો પ્રસંગ આવે ત્યારે એમને મહાત કરવાય રઘુભાઈ છળ-કપટનો આશરો કદી ન લે. **He would never hit below the belt.** ને તોય આવા સંઘર્ષોમાં તેઓ મોટેભાગે વિજયી નીવડ્યા છે.

તેઓ આદર્શવાદી છે. શિક્ષણ સંસ્થાની તેમની વિભાવનાને મૂર્તિમંત કરવા તેઓ સતત ઝઝૂમતા રહ્યા છે. આદર્શવાદી હોવા છતાં જીવનની વાસ્તવિકતાઓથી તેઓ કદી વિમુખ થયા નથી. એમની દૃષ્ટિ ભલે ગગનગામી રહી હોય, એમના ચરણોએ નક્કર ધરતી સાથેનો સંપર્ક કદી ગુમાવ્યો નથી. તેઓ દૃઢપણે માને છે કે દરેક વ્યક્તિએ ઉચ્ચ ધ્યેયો, આદર્શોને નજર સમક્ષ રાખીને એ સિદ્ધ કરવા પ્રયાસો કરતા રહેવું જોઈએ. અંગ્રેજ કવિ બ્રાઉનિંગની જાણીતી કાવ્યપંક્તિ **"NOT FAILURES, LOW AIM IS A CRIME"** ને એમણે જીવનસૂત્ર બનાવી દીધું છે.

રઘુભાઈની સંકલ્પ શક્તિ, ખંત અને ધૈર્યનો જોટો જડવો મુશ્કેલ. કશુંક સિદ્ધ કરવાનો સંકલ્પ કર્યા પછી ગમે તેવા અંતરાયો એમને એમના નિર્ધારમાંથી ચલાવી શકે નહીં, ને નિર્ધારિત કાર્ય ન થાય ત્યાં સુધી તેઓ ખંતથી એ દિશામાં પ્રયાસો કરતા રહેવાના.

**- હરિત પંડ્યા**



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.